
આઝાદી કા
અમૃત મહોત્સવ

# ગુજરાત



## ભારતનું સૌ પ્રથમ સૌર ઊર્જા સંચાલિત 'સૂર્ય ગ્રામ' મોઢેરા રાષ્ટ્રને સમર્પિત















રાષ્ટ્રપતિશ્રીએ ગાંધીવંદના સાથે આપી ગુજરાતને વિકાસ પ્રકલ્પોની ભેટ



Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 20-21 ▪ Date 16 - 10 - 2022

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# આવો, દિલમાં સદ્‌વિચારોના અને રોમે રોમ સત્યનિષ્ઠાના દીવડા પ્રગટાવીએ...

*ૐ અસતો મા સદ્‌ગમય*
*તમસો મા જ્યોતિર્ગમય*
*મૃત્યોર્મામૃતમ્ ગમય*

અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને અંતમાંથી અનંત તરફ લઈ જવાની અંતર્મનની પ્રાર્થના પવમાન અભયારોહ બૃહદારણ્યક ઉપનિષદમાં વિદ્યમાન આ મંત્ર અભિવ્યક્ત કરે છે. માનવીના જીવનપુસ્તકના પ્રત્યેક દિવસના પાના ઉપર અસીમ સંભાવનાઓનો ઉઘાડ હોય છે. જિંદગીની કિતાબના દરેક પાના ઉપર ઊર્ધ્વગામી વિકાસની શક્યતાઓ જરૂર છે, પરંતુ એની આગોતરી ભાળ ક્યારેય નથી મળતી.

દીપાવલી એટલે પ્રકાશનું અદકેરું પર્વ. હજારો-લાખો દીપકની પ્રકાશજ્યોતનું સોનેરી અજવાળું ચોતરફ ફેલાયું છે. આ સોનેરી ઉજાસ આપણને સૌને નવા સંકલ્પો સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે. નવા હર્ષ, નવા ઉમંગ અને નવા પ્રયાસો સાથે આપણે સૌ નવા વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહ્યાં છીએ. જ્યાં સત્ય, નિષ્ઠા અને પરિશ્રમની પરાકાષ્ઠા સર્જવાનું સામર્થ્ય હોય ત્યાં ઊર્ધ્વગામી વિકાસનું અજવાળું સૌથી શ્રેષ્ઠ અને પવિત્ર હોય.

કહે છે ને કે, પ્રતિકૂળતાનો પવન તો જિંદગીનું સૌથી શક્તિશાળી પરિબળ હોય છે. પ્રતિકૂળતા માણસમાં પડેલી શ્રેષ્ઠતાને બહાર ખેંચી લાવે છે. કોરોના મહામારી અને ક્યાંક અતિવૃષ્ટિની પ્રતિકૂળતાના વિપરીત સંજોગોમાં પણ ગુજરાતે એની પ્રગતિની દોડને લેશમાત્ર મંદ પડવા દીધી નથી. કોરોનાની ત્રીજી લહેર પહેલાં ગુજરાતે બેડની સજ્જતા, તબીબોની ટીમ વગેરેને સુદૃઢ કરી આગોતરી તૈયારી કરી એટલે આપણું ગુજરાત કોરોનાની ત્રીજી લહેરમાં હેમખેમ રહી શક્યું. આપ સૌ જાણો છો કે ગુજરાતે ૧૨ કરોડથી વધુ વૅક્સિનના ડોઝ આપી દેશભરમાં પથદર્શક ભૂમિકા ભજવી છે.

તત્કાલીન મુખ્યમંત્રી, હાલના લોકલાડીલા વડાપ્રધાન, ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા 'ગુજરાત વિકાસ મૉડેલ'ના પથ ઉપર આપણે તેજ રફતારથી રાજ્યના ખૂણેખૂણાના વિકાસ માટે નિષ્ઠાપૂર્વક પરિશ્રમ કરી રહ્યા છીએ. કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને અહીં આપણે સાથે મળીને ડબલ એન્જિનવાળી સરકારનાં જનજનનાં કલ્યાણકારી કાર્યોના પરિણામે પ્રત્યેક ગુજરાતી બાંધવને વિકાસની પ્રતીતિ થઈ રહી છે.

પશુઓમાં દેખાયેલા લમ્પી સ્કીન ડિસીઝને નાથવા આપણે સઘન પગલાં લીધાં છે. લાખો પશુઓને વૅક્સિનેટ કર્યાં છે. ગૌશાળા અને પાંજરાપોળ નિભાવ અને જાળવણી માટે આપણે પરિણામલક્ષી કામગીરી હાથ ઉપર લીધી છે. અતિવૃષ્ટિમાં અસરગ્રસ્ત

ખેડૂતો માટે આપણે માતબર કૃષિ સહાય પેકેજ આપી ખેડૂતોને આર્થિક રીતે પગભર કરવાની દિશામાં નક્કર કામ કર્યું છે. કરોડો રૂપિયાનાં ખેત ઉત્પાદનોની ટેકાના ભાવે ગુજરાત સરકારે ખરીદી કરી ખેડૂત બાંધવોનું આર્થિક સશક્તીકરણ કર્યું છે.

મહિલા સશક્તીકરણ આપણી પ્રાથમિકતા રહી છે. આગામી સમયમાં રૂપિયા ચાર હજાર કરોડના ખર્ચે સુપોષિત માતા - સ્વસ્થ બાળ યોજના દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને ૧૦૦૦ દિવસ સુધી વિનામૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લિટર ખાદ્યતેલ પ્રતિમાસ આપવાનું મહિલા હિતલક્ષી કામ આપણે હાથ ઉપર લીધું છે.

શિક્ષિત સમાજ વિકાસ માટે પાયાની આવશ્યકતા છે, જેને ગુજરાતે સુપેરે સમજી છે. એટલે જ ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી બાળકોના સર્વાંગી વિકાસ માટે વિશ્વબેંકના સહયોગથી રૂ. ૧૦ હજાર કરોડ જેવી માતબર રકમના ખર્ચે રાજ્યમાં 'સ્કૂલ ઑફ એક્સેલન્સ પ્રોજેક્ટ' આપણે હાથ ઉપર લીધો છે. જેના પરિણામે રાજ્યના ૭૦ લાખ ઉપરાંત વિદ્યાર્થીઓને વધુ બહેતર ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી ગુજરાતની ભાવી પેઢીને શિક્ષિત અને દીક્ષિત બનાવવાની દિશામાં આપણે મક્કમતાપૂર્વક આગળ વધી રહ્યા છીએ.

નવી આઇ.ટી. અને બી.ટી. પૉલિસી દ્વારા આપણે 'નયા ગુજરાત'ના નિર્માણ ભણી કદમ માંડી ચૂક્યા છીએ. 'સૌને આરોગ્ય' અને 'જ્યાં માનવી ત્યાં સુવિધા'ના મંત્ર સાથે પ્રત્યેક ગુજરાતી બાંધવની આપણે સુપેરે દરકાર લઈ રહ્યા છીએ.

સૌ ગુજરાતવાસીઓ સાક્ષી છે કે, ગરીબો, વંચિતો, આદિવાસીઓ સૌ કોઈનો વિકાસ કરીને સૌને વિકાસની મુખ્ય ધારામાં લઈ આવવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે. આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસ અર્થે આગામી પાંચ વર્ષ માટે રૂપિયા એક લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના-૨નો નક્કર અમલ શરૂ કરવામાં આવ્યો છે. વિકાસનાં કાર્યોથી ગુજરાતનાં ગામેગામ અને પ્રત્યેક શહેરના નાગરિકોની સવલતનો સુપેરે ખ્યાલ રાખવામાં આવે છે, જેના પરિણામે ગુજરાતનાં ગામો અને શહેરોમાં આંતરમાળખાકીય સવલતોમાં ઊડીને આંખે વળગે એવો વિકાસ દેખાય છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'નલ સે જલ'ના મંત્રને ગુજરાતે ચરિતાર્થ કરીને પ્રત્યેક ઘરને નળથી પાણી પહોંચાડવાની દિશામાં ૯૮ ટકા સિદ્ધિ મેળવી છે. નિઃસંદેહપણે સૌ કોઈ ગુજરાતી બાંધવ માટે આ ગૌરવની બાબત છે.

ગુજરાત સહિત સમગ્ર રાષ્ટ્રમાં આઝાદીના અમૃત મહોત્સવે દેશપ્રેમ અને રાષ્ટ્રીય ભાવનાને વધુ બળવત્તર બનાવી છે. વિકાસ ગુજરાતનો મિજાજ છે. આગામી વર્ષ નવતર આયામોમાં વિકાસનાં નવાં સીમાચિહ્નો સર કરવાના સંકેતો લઈને આવ્યું છે. દિવાળીના આ પાવન પર્વે દ્વેષ, વેરભાવ, કુવિચારોના અસુરને હરાવીએ. આપણા સૌના દિલમાં સદ્‌વિચારો અને રોમેરોમ સત્યનિષ્ઠાના દીવડા પ્રકાશે એવી અંતઃકરણપૂર્વકની અભ્યર્થના સાથે સૌ ગુજરાતી બાંધવોને દિવાળી અને નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવું છું.

જય જય ગરવી ગુજરાત... વંદે માતરમ્...

ભારત માતા કી જય...

સદાય આપનો,

**ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

## પ્રકાશ પર્વને શુભ સંકલ્પોથી આવકારીએ...




તહેવારો અને લોકોત્સવોમાં આપણી સાંસ્કૃતિક ધરોહરની સુવાસ પ્રસરે છે. એકધારા જીવનમાં તહેવારો તાજગી લાવે છે. આપણા તહેવારોની ઉજવણીમાં વ્યવહારિક જ્ઞાન સંમિલિત હોય છે. પ્રતિવર્ષ આસો માસમાં આવતું દીપાવલીનું પર્વ આબાલવૃદ્ધ સૌ કોઈના મુખ ઉપર મુસ્કાન લાવે છે. હિન્દુસ્તાનની સાંસ્કૃતિક વિરાસતમાં દીપોત્સવના પ્રકાશ પર્વનું અદકેરું સ્થાન છે.

નૂતન આશા અને થનગનતી અપેક્ષાઓનું અજવાળું લઈને દિવાળી આવી છે. ઘરના આંગણે દીપકનું અજવાળું અજ્ઞાનના અંધકારને ઓગાળવા અધીરું થયું છે. વિક્રમ સંવત-૨૦૭૯ના સૂર્યનાં કિરણો આપણા સૌના અંતરના દ્વારને ખખડાવી રહ્યાં છે. उत्सवप्रियः जनाः । લોકો ઉત્સવપ્રિય હોય છે. આપણા પ્રસિદ્ધ ગુજરાતી સર્જક કાકાસાહેબ કાલેલકરે 'જીવતા તહેવારો'માં આપણા ઉત્સવોની ઉજવણીની અનોખી ભાત ઉપસાવી છે. દિવાળીમાં ઘરઆંગણાની સાથે સાથે દિલમાં પણ સદ્‌વિચારનો દીવો કરવાનો મહિમા રહ્યો છે. હૃદયમાં શુભ સંકલ્પો અને સદ્‌વિચારોની દીપમાલા જીવનનો નવતર પથ કંડારવામાં સહાય કરે છે. કેન્દ્રમાં લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ડબલ ઍન્જિનવાળી સરકારે ગુજરાતમાં વિકાસનાં નવતર સીમાચિહ્નો પ્રસ્થાપિત કર્યાં છે.


દિવાળીના આ પાવન પર્વમાં અંતરના અંધકારને પરાસ્ત કરીને નવા વર્ષના શુભ સંકલ્પોના ઉજાસ સાથે જીવનને વધુ ઉન્નત બનાવવાની દિશામાં આપણે સહુ આગળ વધીએ. હૃદયમાં બેઠેલા પરમાત્માને સાક્ષી રાખીને જે યોગ્ય લાગે એવા શુભ સંકલ્પોના દીવડા પ્રગટાવીએ. દીપોત્સવ પર્વની તથા વિક્રમ સંવત-૨૦૭૯ના નવલા વર્ષની ગુજરાત પાક્ષિકના તમામ સુજ્ઞ વાચકબંધુઓને અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ પાઠવું છું.

જય જય ગરવી ગુજરાત...



**અવંતિકા સિંઘ,** આઇ.એ.એસ.
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ





13 ભારતનું સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત 'સૂર્ય ગ્રામ' મોઢેરા રાષ્ટ્રને સમર્પિત

## વિકાસયાત્રા


8 ગુજરાત પાસે સમૃદ્ધ ઐતિહાસિક - ધાર્મિક વારસો છે - રાષ્ટ્રપતિ

9 રાષ્ટ્રપતિએ ગુજરાતને આપી રૂ. ૧૩૩૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની ભેટ

11 ગુજરાત સર્વાંગી વિકાસના ક્ષેત્રે અન્ય રાજ્યો માટે પથપ્રદર્શક

16 રાજ્યમાં રૂ. ૧૨૭૫ કરોડના આરોગ્ય પ્રકલ્પો જનસમર્પિત

19 વડાપ્રધાનના હસ્તે ભરૂચના આમોદથી રૂ.૮૦૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની ભેટ

22 જામનગરને મળ્યા રૂ. ૧૪૪૮ કરોડના વિકાસ પ્રકલ્પો

25 મોઢ-વણિક સમાજના શૈક્ષણિક સંકુલનું લોકાર્પણ

27 સુરતમાં '૩૬મી નેશનલ ગેમ્સ - ૨૦૨૨'નું ભવ્યાતિભવ્ય સમાપન

32 ડબલ એન્જિનવાળી સરકારથી પંચાયતી રાજ અને ગ્રામ વિકાસને મળ્યું નવું બળ - સમીર રામી

36 ઉદ્યોગો માટે "ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીઝ" જાહેર કરતા મુખ્યમંત્રી

38 બાંધકામ શ્રમિકોને ફક્ત રૂ. પાંચમાં પૌષ્ટિક ભોજન મળશે

39 વડાપ્રધાનના હસ્તે 5-G સેવા લોન્ચ

40 PM ગતિશક્તિ ગુજરાત પોર્ટલ લોન્ચ





45 સમાચાર સંચય

48 નિર્ણય

50 ગૌરવ


### વાચક મિત્રોને વિજ્ઞપ્તિ

વાચક મિત્રોને

દીપાવલી અને નવા વર્ષની શુભેચ્છાઓ

દીપોત્સવ અને નૂતન વર્ષના પર્વને અનુલક્ષીને આપના માનીતા અને વિશ્વસનીય પાક્ષિક 'ગુજરાત'નો તા. ૧૬-૧૦-૨૦૨૨નો અંક નંબર ૨૦ અને ૨૧ સંયુક્ત અંક સ્વરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. જેથી આગામી તા. ૧-૧૧-૨૦૨૨નો અંક પ્રસિધ્ધ થશે નહીં. સુજ્ઞ વાચક મિત્રોએ નોંધ લેવા વિનંતી.

- તંત્રી

મુખ પૃષ્ઠ - ૪ : બીપીનભાઇ દવે, ભાવનગર

સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૨માં ગુજરાત પ્રથમ

## અજ્ઞાનનો અંધકાર દૂર કરી જ્ઞાનના પ્રકાશને પોંખીએ...



આપણી સંસ્કૃતિમાં તહેવારોનું અદકેરું સ્થાન રહ્યું છે. પર્વોની પાંખો ઉપર જીવનના આનંદનું સૌંદર્ય પ્રસરતું હોય છે. આપણાં સાંસ્કૃતિક પર્વો ભારતીય જીવનનો અનોખો શણગાર છે. દીપાવલી ભારત વર્ષના તહેવારોમાં મહાપર્વ ગણાય. ધનતેરસથી માંડીને ભાઈબીજ સુધીના પાંચ દિવસોમાં આવતાં પાંચ પર્વો આપણી ભારતીય સંસ્કૃતિનું 'પંચામૃત' છે.

દીપોત્સવ જીવનમાં જોમ, જોશ, ઉત્સાહ, પ્રેરણા અને સંકલ્પોનાં પંચતત્ત્વ ભરવાનું કામ કરે છે. જેમ સત્કાર્યો હૃદય અને આત્માને પ્રફુલ્લિત રાખે છે એમ સારું વાંચન મનને પુલકિત કરે છે. દીપોત્સવના દીપક નવા વર્ષે નવી આશા અને નવાં કાર્યોની પ્રેરણા આપે છે. દિવાળીમાં સફાઈ, સુશોભન અને ઘરવખરીને નવો ઓપ આપી સજાવવામાં આવે છે એ રીતે નવા વર્ષે પ્રેરણાદાયી ઉત્કૃષ્ટ વાંચન સાથે જીવનને માંજવાનો મહિમા પણ રહ્યો છે.

દીપોત્સવ એટલે અજ્ઞાનના અંધકાર ઉપર જ્ઞાનના પ્રકાશના વિજયનો દિવસ. રાજા રામે સત્યના શસ્ત્રથી રાવણરૂપી અસત્યનો વધ કર્યો અને સત્યનો પ્રકાશ ફેલાયો. વર્ષ દરમિયાન રાજ્ય સરકારના ખૂણેખૂણાના સર્વાંગિક વિકાસના અહેવાલ ગુજરાત પાક્ષિકના માધ્યમ દ્વારા પીરસવામાં સહભાગી થનાર સૌનો હું આભાર અભિવ્યક્ત કરું છું.

દિવાળી અને નૂતન વર્ષના આ પ્રકાશપર્વે ગુજરાત પાક્ષિકના માધ્યમથી, ન માત્ર દીપોત્સવ, બલકે આપનું સમગ્ર જીવન એક ઉત્સવ બની રહે એવી શુભેચ્છાઓ પાઠવું છું. દિવાળી અને નૂતન વર્ષની સૌ વાચકમિત્રોને અનેક અનેક શુભકામનાઓ.

જય જય ગરવી ગુજરાત...

**આર. કે. મહેતા,** આઇ.એ.એસ.
માહિતી નિયામક

# ગુજરાત પાસે સમૃદ્ધ ઐતિહાસિક - ધાર્મિક વારસો છે - રાષ્ટ્રપતિ




દેશનાં પ્રથમ નાગરિક રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ ગુજરાતના બે દિવસીય પ્રવાસ પર આવ્યાં હતાં. આ પ્રવાસ દરમિયાન ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે નાગરિક અભિવાદન સમારોહ યોજાયો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી અરવિંદ કુમાર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. નાગરિકોએ વરસાવેલા આદર બદલ આભાર વ્યક્ત કરતા રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આવીને પ્રસન્નતા અનુભવું છું. ગુજરાતના સાડા છ કરોડ ગુજરાતીઓનું અભિવાદન કરું છું. ગુજરાતીઓનો પ્રેમ હંમેશાં યાદ રહેશે.

ગુજરાત પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિશ્રીએ વર્ષ ૧૯૧૭ થી ૧૯૩૩ દરમિયાન ભારતની સ્વતંત્રતાના કેન્દ્ર સમાન સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી. આ જ પવિત્ર સ્થળેથી મહાત્મા ગાંધીજીએ ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ દાંડીયાત્રા શરૂ કરી હતી.

રાષ્ટ્રપતિશ્રીએ સન્માન અંગે પ્રતિભાવ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ઊર્જાવાન ગુજરાતીઓ પરિશ્રમ, સેવા માટે વિશ્વભરમાં જાણીતા છે. ગુજરાત પ્રાચીનકાળથી સુસંસ્કૃત સભ્યતાનું કેન્દ્ર રહ્યું છે. ધોળાવીરા, અશોકના શિલાલેખ, સૂર્યમંદિર મોઢેરા જેવો સમૃદ્ધ ઐતિહાસિક વારસો તથા પાલિતાણાનાં જૈન મંદિરો, ગિરનાર પર્વત, બૌદ્ધની ગુફાઓ, ઉદવાડા જેવાં ધાર્મિક સ્થાનોનો વારસો ધરાવે છે.

તેમણે જણાવ્યું હતું કે ૬૦૦ વર્ષનો ઈતિહાસ ધરાવતું અમદાવાદ દેશનું પ્રથમ હેરિટેજ સિટી બન્યું છે. યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૧૭માં અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો આપવામાં આવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શાસન દરમિયાન રાજ્યને મૉડલ સ્ટેટ પ્રસ્થાપિત કર્યું છે. સ્ટાર્ટઅપ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત અગ્રણી રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે. ગુજરાત મેન્યુફેક્ચરીંગ હબ, દૂધ એટલે કે સફેદ ક્રાંતિ તેમજ દેશનું ૭૬ ટકા મીઠાનું ઉત્પાદન કરતુ અગ્રણી રાજ્ય બન્યું છે.

પર્યાવરણનું સંરક્ષણ એ ગુજરાતની પ્રાથમિકતા રહી છે. પર્યાવરણના જતન માટે સોલાર રૂફટોપ અને વિન્ડ એનર્જી ઉત્પાદનમાં પણ ગુજરાત આગવું સ્થાન ધરાવે છે તેમ રાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાષ્ટ્રપતિનું અભિવાદન કરતાં કહ્યું હતું કે, આ ધરા નવજાગૃતિના પુરસ્કર્તા મહર્ષિ દયાનંદની, દેશને અહિંસા અને સત્યનો માર્ગ ચીંધનાર ગાંધીજીની તથા લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામજી કૃષ્ણ વર્મા જેવા ક્રાંતિકારીઓની જન્મભૂમિ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે દેશનો ચતુર્મુખી વિકાસ થઈ રહ્યો છે. ગુજરાત પણ તમામ ક્ષેત્રે અગ્રેસર બની પોતાનું યોગદાન આપી રહ્યું છે. જેના પરિણામે દેશ-વિદેશના લોકો ગુજરાતના રોલ મોડલનો અભ્યાસ કરવા આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાષ્ટ્રપતિશ્રીની ગુજરાતની યાત્રાને અવિસ્મરણીય ગણાવીને કહ્યું હતું કે, ગુજરાતે તમામ ક્ષેત્રોમાં ઊંચો વિકાસ દર હાંસલ કર્યો છે, જેના પરિણામે ગુજરાત દેશ-વિદેશમાં રોલ મોડલ બન્યું છે. વિદેશી પ્રત્યક્ષ રોકાણ, સ્ટાર્ટ-અપ, રોજગાર સર્જન, ગરીબો માટે આવાસ, પ્રાકૃતિક ખેતી, ઉદ્યોગો અને બંદર વિકાસ જેવા ક્ષેત્રે ગુજરાત દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. જનકલ્યાણ-જનવિકાસ માટે રાજ્ય સરકાર હરહંમેશ કાર્યરત છે. આ સમારોહમાં રાજ્યના મંત્રીશ્રીઓ, સંસદસભ્યો, રાજ્યના સચિવ શ્રી પંકજ કુમાર સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## રાષ્ટ્રપતિએ ગુજરાતને આપી રૂ. ૧૩૩૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની ભેટ

# ભારતના રાષ્ટ્રીય કૃષિ ઉત્પાદનમાં ગુજરાતના ખેડૂતોનો ૨૦ ટકા ફાળો



રાષ્ટ્રપતિ તરીકેનો પદભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવેલાં શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ ગુજરાતને રૂ.૧૩૩૦ કરોડનાં વિકાસ પ્રકલ્પોની ભેટ આપતાં જણાવ્યું હતું કે, આ વિકાસ પ્રકલ્પોથી સ્વાસ્થ્ય અને તબીબી શિક્ષણ, પાણી પુરવઠા, રસ્તા, સિંચાઈ તથા બંદર વિકાસ જેવી વિવિધ પરિયોજનાઓના અમલીકરણથી ખેડૂતો અને નાના-મોટા વ્યાપારીઓને રોજગારી સહિતની બહુવિધ તકો ઉપલબ્ધ થશે.

ગાંધીનગરમાં નિર્માણાધીન સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ તેમજ ૮૫ ટકા આદિજાતિ વસ્તી ધરાવતા નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે રૂ. ૫૩૦ કરોડના ખર્ચે ૫૪૦ બેડની નિર્માણ પામનાર મેડિકલ કૉલેજ તથા હૉસ્પિટલ અંગે રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે, આ હોસ્પિટલ્સ શરૂ થવાથી સ્થાનિક નાગરિકોને આરોગ્ય સુવિધાઓનો તથા વિદ્યાર્થીઓને તબીબી શિક્ષણનો મહત્તમ લાભ મળશે. આ ઉપરાંત, ગુજરાતના જામનગરમાં વિશ્વનું પ્રથમ WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન આકાર લઈ રહ્યું છે, જે વિશ્વમાં પરંપરાગત ચિકિત્સા અને દવાઓ માટે માર્ગદર્શન આપશે.

રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતે ઔદ્યોગિક વિકાસની સાથે સાથે પ્રાકૃતિક ખેતીને પણ વિશેષ મહત્ત્વ આપ્યું છે. ગુજરાતના સફળ પ્રાકૃતિક કૃષિ પ્રયોગોનો ભારતભરમાં અમલ કરવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીના વિકાસમાં ગુજરાતની સાથે સમગ્ર દેશ જોડાયો છે. દેશની પાંચ ટકા વસતિ ધરાવતા ગુજરાતના ખેડૂતો આજે દેશના કુલ રાષ્ટ્રીય કૃષિ ઉત્પાદનમાં ૨૦ ટકા જેટલો ફાળો આપી રહ્યા છે.

અગાઉ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણીની તંગી હતી, પરંતુ યોગ્ય જળ વ્યવસ્થાપનના કારણે સરદાર સરોવર કેનાલના ૬૩ હજાર કિલોમીટરના વિશાળ નેટવર્ક દ્વારા રાજ્યના ખૂણે ખૂણે પીવાનું અને સિંચાઈનું પાણી પહોંચ્યું છે. જેના પરિણામે ખેડૂતો સહિત લાખો ગુજરાતીઓના જીવનમાં પરિવર્તન આવ્યું છે. નીતિ આયોગના 'કમ્પોઝિટ વૉટર મેનેજમેન્ટ ઈન્ડેક્સ'માં છેલ્લાં ત્રણ વર્ષથી જળ વ્યવસ્થાપનમાં ગુજરાત પ્રથમ ક્રમ મેળવી રહ્યું છે.

રાષ્ટ્રપતિશ્રીએ કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત કંડલાના દીનદયાલ પોર્ટ પર વિકાસના વિવિધ પ્રકલ્પોનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રકલ્પોથી કંડલા મહાબંદરની ક્ષમતામાં વધારો થશે અને આ વિસ્તારના વિકાસને વધુ વેગ મળશે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, રાજય સરકાર નાગરિકોને જનસુખાકારીના લાભો સત્વરે વધુને વધુ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે, ત્યારે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ દ્વારા આરોગ્ય, પાણી, બંદરો અને જળવ્યવસ્થાપન ક્ષેત્રે થયેલા વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત-લોકાર્પણથી જનસામાન્યને આરોગ્ય ઉપરાંત અન્ય સુવિધાનો લાભ મળશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતના નાગરિકો માટે રાજ્ય સરકારે અનેક યોજનાઓ કાર્યાન્વિત કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિશ્રીએ ગુજરાતની તેમની પહેલી જ મુલાકાતમાં રૂ.૧૩૩૦ કરોડનાં વિકાસકામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં છે, તે ગુજરાત માટે ગૌરવની વાત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસનો જે મજબૂત પાયો નાખ્યો છે, તેના આધાર ઉપર આજે ગુજરાત દરેક ક્ષેત્રે અગ્રેસર અને પ્રથમ રહ્યું છે. ગુજરાતમાં આરોગ્ય માળખાને સુદ્રઢ બનાવવા અને સૌની આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા સરકારે તમામ પગલાં ભર્યાં છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ સંદર્ભે તેમણે જણાવ્યું હતું કે, નીતિ આયોગના ડેવલોપમેન્ટ ગોલ શ્રીમાં આરોગ્યને

લગતા ઈન્ડિકેટરમાં ગુજરાતે પ્રથમ ક્રમ મેળવ્યો છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મહત્તમ આયુષ્માન કાર્ડ બનાવવા માટે ગુજરાતને ભારત સરકાર દ્વારા 'આયુષ્માન ઉત્કૃષ્ટતા પુરસ્કાર ૨૦૨૨' એનાયત કરવામાં આવ્યો છે. નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ દ્વારા પ્રમાણિત આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે.

આ સંદર્ભે તેમણે કહ્યું હતું કે, ગાંધીનગરમાં રૂ. ૩૭૨ કરોડના ખર્ચે નિર્માણ થનારી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ૫૦૦ બેડની સુવિધાથી સજ્જ હશે, તેમજ રેન બસેરાની સગવડ ધરાવતી હશે. રાજપીપળામાં આવી જ એક નવી મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ ૫૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામશે. ૫૪૦ બેડની ક્ષમતા ધરાવતી આ હોસ્પિટલ આદિવાસી બહુસંખ્યા ધરાવતા નર્મદા જિલ્લાના નાગરિકો માટે હોલિસ્ટિક હેલ્થ કેરનું વન સ્ટોપ સોલ્યુશન સાબિત થશે.

જળ વ્યવસ્થાપન સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, ગુજરાતના ગ્રામીણ વિસ્તારોનાં ૯૮% ઘરોને સરકાર નળથી જળ



આપે છે. રાજ્યના ૩૩માંથી ૨૦ જિલ્લાઓ ૧૦૦% નલ સે જલ મેળવતા થયા છે, બાકી રહેતા વિસ્તારોને પણ ખૂબ જ ઝડપથી આવરી લેવાનું આયોજન સરકારે કર્યું છે.

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને આરોગ્યલક્ષી સેવાઓ વધુને વધુ સુદ્રઢ રીતે પૂરી પાડવામાં આવી રહી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસનો જે પાયો નાખ્યો હતો તે વિકાસની રાહ ઉપર આજે આપણે અવિરતપણે આગળ વધી રહ્યા છીએ.

આ પ્રસંગે કેન્દ્રીય પ્રવાસન અને બંદર, શિપિંગ અને જળમાર્ગ રાજ્ય મંત્રી શ્રીપદ નાયકજી, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, આરોગ્ય રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથાર, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. ●

## નવી શિક્ષણ નીતિથી યુવાઓને વૈશ્વિક સ્તરે વિપુલ તક મળશે : ઉપરાષ્ટ્રપતિ



ગાંધીનગરમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના એક્સેલન્સ ઈન હાયર એજ્યુકેશન કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડે કહ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ અને તકનિકી વિકાસના કારણે વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે રોજગારીની વિપુલ તક ઉપલબ્ધ થશે. આ પ્રસંગે રાજયપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિત રહ્યાં હતા.

તેમણે વિવિધ પ્રકલ્પોનો ડિજિટલી શિલાન્યાસ ઉપરાંત અમદાવાદમાં IITRAM ખાતે તેમજ સેન્ટર ઑફ એક્સલન્સ ઈન ડ્રોન ટેક્નોલોજીનું ઈ-લોકાર્પણ તેમજ એલ.ડી.એન્જિનિયરિંગ કોલેજની કેમિકલ એન્જિનિયરિંગ બ્રાન્ચના બિલ્ડીંગ સહિત માળખાકીય સુવિધાનું ઈ-ભૂમિપૂજન કર્યું હતું.

ઉપરાષ્ટ્રપતિશ્રી દ્વારા WiFi સક્ષમતા પહેલને લોન્ચ કરવામાં આવી હતી. તે ઉપરાંત વિવિધ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરશ્રી અને પ્રોવોસ્ટને શિક્ષણ વિભાગની SSIP 2.0 અંતર્ગત ઉપરાષ્ટ્રપતિના હસ્તે ગ્રાન્ટ વિતરિત કરાઇ હતી. જ્યારે MYSYના લાભાર્થીઓને શિષ્યવૃત્તિ અને SHODH યોજના અંતર્ગત લાભાર્થીઓને સ્ટાઈપેન્ડનું વિતરણ કરાયું હતું. ઉપરાષ્ટ્રપતિશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ સરદાર સાહેબની પ્રતિમાના ચરણોમાં ભાવવંદના કરી હતી. તદઉપરાંત તેમણે રાજસ્થાન-હરિયાણા સમાજ આયોજીત દીપાવલી સ્નેહમિલનમાં હાજરી આપી હતી. ●

# ગુજરાત સર્વાંગી વિકાસના ક્ષેત્રે અન્ય રાજ્યો માટે પથપ્રદર્શક



ગુજરાત રાજ્ય દ્વારા પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે છેલ્લા બે દાયકામાં કરવામાં આવેલા વિવિધ પ્રયાસો અને તેનાં સકારાત્મક પરિણામોથી શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યું છે. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ ગુજરાત યુનિવર્સિટી ખાતે શિક્ષણ અને આદિજાતિ વિકાસ વિભાગના રૂ. ૧૬૪ કરોડના ૧૧ વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યનું સર્વસમાવેશક વિકાસનું મૉડલ આજે દેશનાં અન્ય રાજ્યો માટે પથપ્રદર્શક બની રહ્યું છે. આ પ્રસંગે તેમણે દેશનાં વિવિધ રાજ્યોને એકબીજાનાં વિકાસ મૉડલને અપનાવીને વિકસિત રાષ્ટ્રનિર્માણ માટેની દિશામાં કાર્ય કરવા અનુરોધ કર્યો હતો.

દેશનાં વિવિધ રાજ્યોને એકબીજાનાં વિકાસ મૉડલને અપનાવીને વિકસિત રાષ્ટ્રનિર્માણ માટેની દિશામાં કાર્ય કરવા રાષ્ટ્રપતિશ્રીએ અનુરોધ કર્યો હતો. રાષ્ટ્રપતિશ્રીએ દેશના મહિલા આંતરપ્રિન્યોર્સ માટે herSTART પ્લેટફોર્મનું લોન્ચિંગ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ૪૫૦ જેટલા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ દ્વારા અનેક લોકોને રોજગારી મળી રહી છે. જેમાં વિશેષપણે ઉદ્યોગ સાહસિક મહિલાઓ પ્રેરિત ૧૨૫ જેટલા સ્ટાર્ટઅપ્સ તેમનામાં રહેલી સાહસિકતા અને નવોન્મેષ વિચારોને નવી દિશા આપી રહ્યાં છે. જેના પરિણામે સરકારી અને ખાનગી ઉપક્રમથી તેમને જોડાવામાં મદદ મળી રહી છે.

રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્ષ(GII)માં ભારત ૮૧મા સ્થાનથી ૪૦મા સ્થાને પહોંચ્યું છે. રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના તેમજ એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કૂલ, કન્યા નિવાસી શાળાઓ કાર્યરત બનતાં આદિજાતિ સમુદાયના વિદ્યાર્થીઓમાં સ્કૂલ ડ્રોપઆઉટ દર ઘટ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે આ પ્રસંગે જણાવ્યું હતું કે, એક સમય એવો હતો જ્યારે ભારતમાં સ્ટાર્ટઅપની વાતને મજાક ગણતા હતા અને બુલેટ ટ્રેનની વાતને પણ કોઈ માનવા તૈયાર નહોતું. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આ બધું જ સાકાર થઈ રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં તૈયાર થયેલી સ્ટાર્ટઅપ યોજના અને મુદ્રા યોજનાના પરિણામે રાજ્યના યુવાનોના નવોન્મેષ વિચારોને નવો રાહ મળ્યો છે. મુદ્રા યોજના અંતર્ગત ૧.૧૦ લાખ લોકોને રૂ. ૬૬ હજારની લોન સહાય આપવામાં આવી છે. આ સાથે, રાજ્ય સરકાર દ્વારા યુવાનોના ઇનોવેટિવ વિચારોને વેગ આપવા માટે SSIP ૨.૦ અંતર્ગત રૂ. ૫૦૦ કરોડની ફાળવણી કરીને ન્યૂએજ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરવાની દિશામાં પ્રયાસો હાથ ધર્યા છે.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિશ્રીએ યુનિવર્સિટીના પરિસરમાં ઉદ્યોગ સાહસિક મહિલાઓ સાથે સંવાદ સાધીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ સમારંભમાં મંત્રી સર્વેશ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, નરેશભાઈ પટેલ, ડૉ. કુબેરભાઈ ડિંડોર, નિમિષાબહેન સુથાર, વરિષ્ઠ અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

## પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પણ કરતાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ

*"ગાંધીજીની આ પવિત્ર તપોભૂમિ પર આવીને મારામાં અવર્ણનીય શ્રદ્ધા અને પ્રેરણાનો સંચાર થયો છે." રાષ્ટ્રપતિપદનો કાર્યભાર સંભાળ્યા પછી પહેલીવાર ગુજરાતના પ્રવાસે આવેલાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ અમદાવાદમાં ગાંધીઆશ્રમની મુલાકાત દરમિયાન આ લાગણી વ્યક્ત કરી હતી. ગાંધીઆશ્રમની રાષ્ટ્રપતિશ્રીની આ મુલાકાત વેળાએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.*

*રાષ્ટ્રપતિશ્રીએ સાબરમતી આશ્રમ પહોંચી સૌથી પહેલાં આશ્રમ પરિસરમાં આવેલી ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી મહાત્મા ગાંધીના જીવન અને આઝાદી આંદોલનના સંઘર્ષને દર્શાવતા આર્કાઈવ પ્રદર્શનને નિહાળ્યું હતું. સાથોસાથ બૃહદ આશ્રમ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના મૉડલને નિહાળીને જાણકારી મેળવી હતી. રાષ્ટ્રપતિશ્રીએ સાબરમતી આશ્રમની મુલાકાતના અનુભવ અને અનુભૂતિને વિઝિટર્સ બુકમાં વર્ણવી હતી.*



### ભારતનું સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત 'સૂર્ય ગ્રામ' મોઢેરા રાષ્ટ્રને સમર્પિત

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે મહેસાણામાં રૂ. ૩૦૯૨ કરોડથી વધુનાં વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન



*निष्प्रभेऽस्मिन् निरालोके सर्वतस्तमसावृते ।*
*बृहदण्डमभूदेकमक्षरं कारणं परम् ।।*

આપણા પ્રાચીન પુરાણ એવા માર્કંડેયપુરાણમાં સૂર્યની ઉત્પત્તિ વિશે કહેવાયું છે કે, આ સમગ્ર લોક પ્રકાશવિહીન હતો, ચારેબાજુ ઘોર અંધકાર હતો. તેવા સમયે એક બૃહત્ અંડ પ્રગટ થયો તે અંડ અવિનાશી તથા પરમ કારણરૂપ છે.

માર્કંડેયપુરાણમાં કહેવાયેલો આ શ્લોક હાલ સંપૂર્ણ યથાર્થ જણાઈ આવે છે. અપાર ઊર્જાના સ્રોત એવા સૂર્યની શક્તિથી આજે સમગ્ર દેશમાં ગુજરાતે નવો રાહ આપ્યો છે. પુન: પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે સૌર ઊર્જા મહત્ત્વનું છે. ગુજરાતના પનોતા પુત્ર અને રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌર શક્તિનો ઉપયોગ કરીને દેશને નવો માર્ગ દર્શાવવાનું કાર્ય કર્યું હતું. આજે તેમના માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં કાર્ય થઈ રહ્યું છે. તાજેતરમાં ગુજરાત સૌર ઊર્જાના નવા ઈતિહાસનું સાક્ષી બન્યું જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતનું સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા 'સૂર્ય ગ્રામ' રાષ્ટ્રને સમર્પિત કર્યું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહેસાણા ખાતેથી ભારતના સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા 'સૂર્ય ગ્રામ' રાષ્ટ્રને સમર્પિત કરતાં જણાવ્યું હતું કે, મોઢેરા સૂર્ય ગ્રામના સમર્પણ સાથે જ સમગ્ર ઉત્તર ગુજરાત વિકાસની નવી ઊર્જાનું કેન્દ્ર બન્યું છે. ભગવાન સૂર્યના ધામ મોઢેરામાં શરદ પૂર્ણિમા અને મહર્ષિ વાલ્મિકીની પુણ્યતિથિનો ત્રિવેણી સંગમ રચાયો છે. સૂર્યની જેમ વિકાસનો પ્રકાશ દેશભરમાં સર્વત્ર ફેલાય તે માટે સરકાર કટિબદ્ધ છે.

વડાપ્રધાનશ્રીએ વધુમાં કહ્યું હતું કે, આસ્થા અને ટેક્નોલૉજીનો સમન્વય થતાં અનેક લોકોનાં સપનાં સાકાર થઈ રહ્યાં છે. સાથે સ્માર્ટ ગુજરાત - ભારતનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. મોઢેરા 'સૂર્યગ્રામ' જાહેર થતાં મોઢેરા સહિત સમગ્ર ઉત્તર ગુજરાત માટે આ અનેરો અવસર આવ્યો છે. સૂર્ય મંદિર માટે ઓળખાતું ગામ હવે 'સૂર્ય ગ્રામ' તરીકે પ્રખ્યાત બન્યું છે.

વિશ્વના પર્યાવરણ ઈતિહાસમાં મોઢેરાનું નામ સૂવર્ણ અક્ષરે અંકિત થશે. મોઢેરા સૂર્ય મંદિરને ધ્વસ્ત કરવા આક્રાંતાઓએ અનેક પ્રયાસો કર્યા હતા, સંખ્યાબંધ અત્યાચાર થયા હતા. આજે પૌરાણિક મહત્ત્વ સાથે વિશ્વ આખા માટે મોઢેરા મિસાલ બન્યું છે. વિશ્વમાં સૌર ઊર્જાની વાત થશે ત્યારે મોઢેરાનો ઉલ્લેખ અવશ્ય થશે. મોઢેરા ગામમાં બધુ જ સૂર્ય ઊર્જાથી ચાલતું થયું છે તે આપણા માટે ગૌરવની વાત છે. ૨૧મી સદીના આત્મનિર્ભર ભારત માટે આ વિશેષ ભેટ છે. આગામી પેઢીને સુરક્ષા મળે તે માટે દિવસ-રાત નિરંતર પ્રયાસ આપણે કરી રહ્યા છીએ.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આ યોજનાથી માત્ર વીજળી જ નહીં, પરંતુ તેના વપરાશ બાદ પૈસા પણ મળશે. તેનાથી વીજબિલમાંથી છુટકારો અને નાણાં પણ મળશે. અત્યાર સુધી સરકાર વીજળી ઉત્પાદન કરતી અને લોકો ખરીદતા હતા, પણ હવે તેમાં બદલાવ આવ્યો છે. લોકો ઘરોમાં સોલાર પેનલ લગાવે, ખેડૂતો ખેતરમાં વીજળી ઉત્પન કરે અને સરકાર ખરીદે છે, આ પરિસ્થિતિના કારણે લોકોના જીવનમાં બદલાવ આવ્યો છે. હવે સરકાર લોકોને સોલાર ઊર્જા માટે સહાયરૂપ થાય છે. દેશમાં સૌર ઊર્જાથી ચાલતા પમ્પોનું ઉત્પાદન પણ વધ્યું છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, મહેસાણા સહિત અનેક વિસ્તારોને વીજળી અને પાણી માટે વલખાં મારવાં પડતાં હતાં, એ કપરા દિવસો આપણે જોયા છે, આજની પેઢીને તેની જાણ નહીં હોય. પરંતુ હવે સમગ્ર ચિત્ર બદલાયું છે. આજની યુવા પેઢીને આ બદલાયેલી સ્થિતિનો સમુચિત ઉપયોગ કરવાનો અવસર

પણ મળ્યો છે. ગુજરાતમાં છાશવારે હુલ્લડો થતાં પણ આજે સમગ્ર સ્થિતિમાં હકારાત્મક બદલાવ આવ્યો છે. એક સમય હતો કે વિકાસના વિરોધનું વાતાવરણ હતું અને આજે ગુજરાત અને ભારત દેશ વિશ્વમાં પોતાની આગવી છાપ ઉપસાવી રહ્યાં છે.

પોતાને મળેલા જનસમર્થનનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, મારાં પંચામૃત વિકાસકામોને જનતાનું સમર્થન હંમેશા મળતું રહ્યું છે. પંચામૃત શક્તિના ધ્યેયને ગુજરાતીઓએ આવકાર્યો છે. વીજળી, પાણી, શિક્ષણ, કૃષિ અને સ્વાસ્થ્યની પંચશક્તિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રસ્તા, રેલ કનેક્ટિવિટી પર એટલું જ ધ્યાન આપ્યું છે તેનાં ફળ આપણને મળ્યાં છે. જ્યોતિ ગ્રામ યોજના અંતર્ગત એક હજાર દિવસમાં ગામે-ગામ વીજળી ઉપલબ્ધ કરી અને દેશમાં પણ યોજનાનો સફળતાપૂર્વક અમલ કર્યો એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, સાઇકલ બનાવવાના સાંસા હતા એ ગુજરાતમાં હવે ગાડીઓ બનવા માંડી છે. હવે એ દિવસો પણ દૂર નથી કે જ્યારે આપણે વિમાનો બનાવીશું. બહુચરાજી, મોઢેરા, ચાણસ્મા વિસ્તારમાં ફોરલેન રોડ બનાવવાના છે. એ જ રીતે તારંગા-અંબાજી રેલવે લાઇન પ્રોજેક્ટથી આ વિસ્તારની કાયાપલટ કરવી છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, વડનગરમાં મેડિકલ કૉલેજ, રાજ્યના તમામ જિલ્લામાં સ્વાસ્થ્ય સુવિધા, પ્રધાનમંત્રી જનઔષધી કેન્દ્રો જેવી અનેક યોજનાઓ લોકો માટે ઉપયોગી છે. સમગ્ર ઉત્તર ગુજરાત વિસ્તારમાં અનેક પ્રવાસન સ્થળો છે તેનો હજી વધુ વિકાસ કરવો છે. આ સ્થળો ગુજરાત જ નહીં, સમગ્ર દેશનું આકર્ષણ બને તેવાં વિકસાવવાં છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દિશાદર્શનમાં વિકાસનો ચંદ્ર સોળે કળાએ ખીલ્યો છે. વડાપ્રધાનશ્રીએ સુશાસનની એક એવી પરંપરા વિકસાવી છે કે જેનાં ખાતમુહૂર્ત થાય તેનાં લોકાર્પણ પણ તેમના જ કાર્યકાળમાં થાય. પારદર્શી, સમયબદ્ધ અને પ્રજાના પૈસાનો પૂરેપૂરો સદુપયોગ કરી એક રૂપિયા સામે સવા રૂપિયાનું કામ ગુજરાતમાં વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વિકાસની પહેલી શરત વીજળી અને પાણી છે. બે દાયકા પહેલાં ગુજરાતમાં આવી પ્રાથમિક સુવિધાઓનો પણ અભાવ હતો. પ્રજાની પીડા પારખીને એનું સમાધાન લાવનારા ઝુઝારુ નેતા શ્રી નરેન્દ્રભાઈએ શાસનધુરા સંભાળી રાજ્યમાં વિવિધ ક્ષેત્રે મોટા બદલાવની શરૂઆત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, મોઢેરા ગામના દરેક ઘર ઉપર સોલાર રૂફટોપથી સૂર્ય ઊર્જા મળતી થઈ છે અને તે નેટ રિન્યુએબલ એનર્જી ઉત્પન્ન કરનારું ગામ બન્યું છે. મોઢેરા ગામને ૨૪ × ૭ સોલાર એનર્જીથી ઉત્પન્ન વીજળી મળતી થઈ છે. સાથે-સાથે, ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર એવું મોઢેરા સૂર્યમંદિર પણ સોલાર એનર્જી લાઈટથી ઝળહળતું થયું છે.

આ સંદર્ભે તેમણે કહ્યું હતું કે, જે સમયે દેશમાં સોલાર એનર્જીની માત્ર વાતો થતી હતી ત્યારે વડાપ્રધાનશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ચારણકામાં એશિયાના વિશાળ સોલાર એનર્જી પાર્કની સ્થાપના કરી હતી, જે હવે વિશ્વ સમક્ષ એક દ્રષ્ટાંત બની ગઈ છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં કચ્છમાં ૩૦ હજાર મેગાવોટનો હાઇબ્રીડ એનર્જી પાર્ક

## કુળદેવી શ્રી મોઢેશ્વરી માતાનાં દર્શન અને પૂજા અર્ચના કરતા PM



***વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ત્રિ-દિવસીય ગુજરાત પ્રવાસ દરમિયાન મોઢેરામાં આવેલા મા મોઢેશ્વરી માતાના દર્શનાર્થે પહોંચ્યા હતા. પોતાનાં કુળદેવી માતાના દર્શને પધારેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું મોઢેશ્વરી માતા મંદિર ટ્રસ્ટના પ્રમુખ કિરીટભાઈ પરીખ તેમજ ટ્રસ્ટીઓ દ્વારા ખેસ પહેરાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મોઢેશ્વરી માતાજીનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ મા મોઢેશ્વરીની ભક્તિભાવ સાથે મંદિરના ગર્ભગૃહમાં આરતી કરી હતી. મંદિરના ટ્રસ્ટીઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને માતાજીની ચૂંદડી અને છબી ભેટ આપી હતી.***

## મોઢેરા સૂર્ય મંદિરમાં સૌર ઊર્જા સંચાલિત 3-ડી પ્રોજેકશન મેપિંગ શો અને હેરિટેજ લાઇટિંગનો પ્રારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતનું સૌપ્રથમ સોલાર પાવર્ડ વિલેજ રાષ્ટ્રને અર્પણ કર્યું હતું. જે અંતર્ગત મોઢેરા સૂર્ય મંદિર ખાતે સૌર ઊર્જા સંચાલિત 3-ડી પ્રોજેક્શન મેપિંગ શો અને હેરિટેજ લાઈટિંગનો પ્રારંભ કરાયો હતો. જે પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે મોઢેરા ગામ સમગ્ર દેશમાં એક રોલ મોડલ તરીકે ઊભર્યું છે. આ ગામનાં મકાનો પર સરકાર દ્વારા સોલાર પેનલ સ્થાપિત કરવામાં આવી છે અને અહીં નાગરિકો, સૌર ઊર્જાથી ઉત્પન્ન વીજળીનો 24 કલાક ઉપયોગ કરે છે.

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા સૂર્યનગરી મોઢેરા ખાતે કાયમી ધોરણે 3-ડી પ્રોજેક્શન મેપિંગ તેમજ મોન્યુમેન્ટ લાઈટિંગની શરૂઆત કરાઇ છે. દેશના વડાપ્રધાનશ્રીએ આ લાઈટિંગ અને સાઉન્ડ શોનો પ્રારંભ કરાવ્યો હતો.

મોઢેરાના ઇતિહાસને ઉજાગર કરી

સરકાર સ્થાપી રહી છે. ગુજરાતમાં પાછલા બે દાયકામાં રાજ્યની સ્થાપિત ઉર્જા ક્ષમતામાં ૩૧,૦૦૦ મેગા વોટનો વધારો થયો છે. અને સોલાર એનર્જીની ઉત્પાદન ક્ષમતામાં ૭૧૮૦ મેગાવોટનો વધારો થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં અમલી પાણી પુરવઠા યોજનાઓ સંદર્ભે કહ્યું હતું કે, આદરણીય વડાપ્રધાનશ્રીએ સુજલામ સુફલામ યોજનાઓના નેટવર્ક, નર્મદા આધારિત પાણી વિતરણની યોજનાઓ તેમજ બલ્ક પાઇપલાઇનથી ઉત્તર ગુજરાતમાં પાણી પહોંચાડી ગુજરાતને પાણીદાર બનાવ્યું છે, તેનાથી રાજ્યમાં પાણીના સ્તર ઊંચા આવ્યા છે અને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળતું થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈએ પાણી, વીજળી, તાલીમબદ્ધ માનવબળ માટેની જરૂરી સુવિધાઓ વગેરેને પ્રોત્સાહનો આપી અને વાઇબ્રન્ટ સમિટની સફળ શ્રેણીઓ યોજીને ગુજરાતને એક ઔદ્યોગિક હબ બનાવ્યું છે. ભૂતકાળમાં ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ વાપીથી તાપી સુધી સીમિત હતો, બેચરાજી -મોઢેરા -હાંસલપુર- માંડલનો પટ્ટો સૂકો ભઠ્ઠ અને બાવળિયાવાળો હતો. આજે આખોય વિસ્તાર ઓટોમોબાઈલ હબ તરીકે જાણીતો બન્યો છે અને કેટલાય ઉદ્યોગો ઉત્તર ગુજરાતના યુવાનોને રોજગારી પણ પૂરી પાડે છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, ગુજરાતની જનતાને ડબલ એન્જિન સરકારને પરિણામે રેલવે, ઓવરબ્રિજ, અંડરબ્રિજ, વિવિધ માર્ગોના વિસ્તૃતીકરણ, ગેજ કન્વર્ઝેશન અને પ્રવાસનધામોના વિકાસ જેવા ઈન્ફ્રાસ્ટ્રકચરલ ડેવલોપમેન્ટનાં કામોનો મોટા પાયે લાભ મળી રહ્યો છે.

તેમણે કહ્યું હતું કે, ગુજરાતનો સર્વગ્રાહી વિકાસ સૂરજની જેમ ઝળહળી રહ્યો છે ત્યારે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આપણે ગુજરાતની વિકાસયાત્રા હજુ ખૂબ આગળ લઈ જવાની છે. આત્મનિર્ભર અને વિકસિત ગુજરાતના નિર્માણથી આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉત્તમ ગુજરાતને સર્વોત્તમ ગુજરાત બનાવવાની નેમ સૌ ગુજરાતીઓ સાથે મળીને પાર પાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રીના હસ્તે મહેસાણા ખાતે રૂ. ૫૧૧ કરોડના ખર્ચે સાબરમતી-જગુદણ ગેજ કન્વર્ઝનનું લોકાર્પણ, રૂ. ૩૩૫ કરોડના ખર્ચે ONGC-નંદાસણ સરફેસ ફેસિલિટીનું લોકાર્પણ, રૂપિયા ૧૦૮ કરોડના ખર્ચે સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ(ખેરવા)થી શીંગોડા તળાવ(વિસનગર) સુધી પાણીના વહન પાઇપલાઇન પ્રોજેક્ટનું લોકાર્પણ, રૂપિયા ૩૯.૮૩ કરોડના ખર્ચે ધરોઇ ડેમ આધારિત વડનગર ગ્રૂપ- ખેરાલુ ગ્રુપ અને ધરોઇ ગ્રૂપનો સુધારણા પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ રૂપિયા ૨૬.૫૦ કરોડના ખર્ચે ચાર માર્ગીય બેચરાજી-મોઢેરા-ચાણસ્મા માર્ગ પ્રોજેક્ટનું લોકાર્પણ, રૂ. ૨૩.૫૦ કરોડના ખર્ચે સરદાર પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન પ્રાદેશિક છાત્રાલયના નવા મકાન બાંધકામનો પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ રૂ. ૨૨ કરોડના ખર્ચે ઉંઝા-દાસજ-ઉપેરા-લાડોલના રસ્તા પહોળા કરવાના પ્રોજેક્ટનું લોકાર્પણ સંપન્ન થયું છે.

જ્યારે રૂપિયા ૧૧૮૪.૩૪ કરોડના ખર્ચે ચારમાર્ગીય પાટણ-ગોઝારિયા માર્ગ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત, રૂપિયા ૩૦૦ કરોડના ખર્ચે મહેસાણા દૂધ સાગર ડેરી ખાતે પાઉડર પ્લાન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત, રૂપિયા ૧૭૧ કરોડના ખર્ચે મહેસાણા સિવિલ હોસ્પિટલનું પુન : નિર્માણનું કામ, રૂપિયા ૧૨૫ કરોડના ખર્ચે મહેસાણા દૂધસાગર ડેરી ખાતે યુએચટી મિલ્ક પ્લાન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત તેમજ રૂપિયા ૧૪૩ કરોડના ખર્ચે ઓએનજીસી -નોર્થ કડી ખાતે પાણી શુદ્ધીકરણ પ્લાન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત વડાપ્રધાનશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આમ, કુલ મળીને મહેસાણાને રૂ. ૩૦૯૨ કરોડનાં વિકાસકાર્યોની ભેટ મળી છે.

આ અવસરે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ, સાંસદ શ્રી સી. આર. પાટીલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, ધારાસભ્યશ્રીઓ, મહાનુભાવો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

પ્રવાસીઓને માહિતગાર કરવા ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આ 3-ડી પ્રોજેક્શન મેપિંગ તેમજ મોન્યુમેન્ટ લાઇટિંગનું આયોજન કરાયું છે. આ 3-ડી પ્રોજેક્શનનો ૧૮ મિનિટનો શો દરરોજ સાંજે બે વાર દર્શાવવામાં આવશે. આ ઉપરાંત હેરિટેજ લાઈટિંગને નિહાળવા સાંજે ૬ થી ૧૦ વાગ્યા સુધી દેશ-વિદેશના પ્રવાસીઓ મુલાકાત કરી શકશે. પ્રવાસીઓ મોઢેરા સૂર્યમંદિર ખાતે 3-ડી પ્રોજેક્શન મેપિંગ શો તેમજ મોન્યુમેન્ટ લાઈટિંગનો આનંદ માણી શકશે. મોઢેરા સૂર્યમંદિર હવે રાત્રિના સમયે પણ પ્રકાશથી ઝળહળી ઊઠશે. અહીં સૂર્યમંદિર પરિસરમાં સૌર ઉર્જા આધારિત સ્માર્ટ સ્ટ્રીટલાઇટ લગાવવામાં આવી છે.

ભારત સરકારના પર્યટન મંત્રાલય તથા કલ્ચર વિભાગ દ્વારા ભારતની પૌરાણિક શૈલી તથા તેના ઈતિહાસથી માહિતગાર થાય તેવા ઉદ્દેશ્યથી સૂર્યમંદિર મોઢેરા ખાતે મોન્યુમેન્ટ્સ પર લાઇટ અને સાઉન્ડ-શોની કામગીરી કરાઈ છે.

મોઢેરા ખાતેના કાર્યક્રમ પ્રસંગે પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, નવસારી સાંસદ સી.આર.પાટીલ, મહેસાણાનાં સંસદસભ્ય શ્રીમતી શારદાબેન પટેલ સહિત જિલ્લાના ધારાસભ્યો, અધિકારીઓ-પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●






# રાજ્યમાં રૂ. ૧૨૭૫ કરોડના આરોગ્ય પ્રકલ્પો જનસમર્પિત

ગુજરાત સરકાર રાજ્યના તમામ નાગરિકોની દરકાર લઈ રહી છે. દરેક ગુજરાતીને સારામાં સારી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે PMJAY યોજનાનો સુદ્રઢ અમલ તેમજ ઘર આંગણે અદ્યતન હોસ્પિટલોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનો લાભ માત્ર ગુજરાત જ નહી દેશના અન્ય રાજ્યના નાગરિકો પણ લઈ રહ્યા છે. ગુજરાતની આરોગ્ય સવલતમાં વધારો કરતા નવા પ્રકલ્પોનો તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રારંભ કરાવ્યો હતો.

ગુજરાતમાં વિશ્વ કક્ષાની અત્યાધુનિક વિવિધ આરોગ્ય સુવિધાઓના સ્વપ્નદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં સિવિલ મેડિસિટી ખાતેથી રૂ. ૧૨૭૫ કરોડના વિવિધ આરોગ્યલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે, સંસાધનોમાં સંવેદના જોડાય ત્યારે તેનો ઉપયોગ પરિણામલક્ષી બની શકે છે. જેનો લાભ ગરીબ, મધ્યમવર્ગ, મહિલાઓ અને બાળકોને મળે છે. સંસાધનો સાથે સંવેદના જોડાતાં સંસાધનો સેવાનું ઉત્તમ માધ્યમ બને છે. શિક્ષણ અને સ્વાસ્થ્ય આ બે ક્ષેત્રો એવાં છે જે માત્ર વર્તમાન જ નહીં પરંતુ ભવિષ્યને પણ સુરક્ષિત કરવાનું સમાર્થ્ય ધરાવે છે.

અમદાવાદ સિવિલ મેડિસિટીમાં વિવિધ આરોગ્ય પ્રકલ્પોને ખુલ્લા મૂકતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતુ કે, અમદાવાદ-ગુજરાતમાં વિશ્વની સૌથી એડવાન્સ મેડિકલ ફેસિલિટી ધરાવતી મેડિસિટી કાર્યાન્વિત થતાં અમદાવાદ મેડિકલ ટુરિઝમનું હબ બન્યું છે. મેડિસિટી માત્ર આરોગ્યની એક સંસ્થા જ નહીં, પરંતુ ગુજરાતના સામર્થ્યનું પ્રતીક છે.

સરકારે આરોગ્ય સુવિધાઓની સાથે સાથે, સમાજ વ્યવસ્થાના સુધારથી ગુજરાતને વિકાસના પંથે લઇ જવા તબીબોની જેમ જ સારસંભાળનો અભિગમ અપનાવીને કાર્ય કર્યું છે. આ અંગે વિસ્તૃત જાણકારી આપતાં વડાપ્રધાનશ્રીએ કહ્યુ હતુ કે, સર્જરી દ્વારા જૂની સરકારી વ્યવસ્થાઓમાં સમૂળગું પરિવર્તન, દવાઓ સ્વરૂપે નવી વ્યવસ્થાઓ ઊભી કરવાના નિત્યનવા પ્રયાસો અને સારસંભાળ સ્વરૂપે લોકોની તકલીફો-પીડાઓ દૂર કરવા સંવેદનશીલતા અને પારદર્શિતાથી કામ કર્યું. આ યજ્ઞથી ગુજરાત આજે સુખ સુવિધાઓમાં અગ્રેસર બન્યું છે.

વન અર્થ, વન હેલ્થ મિશનનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આ અભિગમથી કામ કરીશું તો જ વિશ્વમાં સુખાકારી વધશે. કોરોનાના સમયમાં કેટલાય દેશોમાં વેક્સિનનો એક પણ ડોઝ મળ્યો ન હતો ત્યારે આ અભિગમથી જ આપણે દુનિયામાં અનેક દેશોમાં જ્યાં જરૂર હતી ત્યાં સ્વદેશી વેક્સિન પહોંચાડી હતી. કોરોના સામેની લડતમાં હોલિસ્ટિક એપ્રોચ સાથે બહુઆયામી પ્રયાસો ભારતે હાથ ધર્યા હતા.

રાજ્યમાં મેડિકલ ક્ષેત્રે છેલ્લાં ૨૦ વર્ષમાં ઊભી કરાયેલી સુવિધાઓનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, ૨૦ વર્ષ પહેલાં રાજ્યમાં માત્ર ૯ મેડિકલ કૉલેજ હતી આજે ૩૬ મેડિકલ કૉલેજ કાર્યરત બની છે. જેમાં અગાઉ યુ.જી. તેમજ પી.જી.ની ૨૨૦૦ બેઠકો હતી જે પણ વધીને આજે ૮૫૦૦ થઇ છે.




ગુજરાતમાં જે કાર્યસંસ્કૃતિ વિકસાવી તેની રાહ પર સમગ્ર દેશમાં પણ વિકાસકાર્યો હાથ ધર્યાં તેના પરિણામે ૮ વર્ષમાં દેશમાં નવી ૨૨ એઈમ્સની શરૂઆત કરી છે. જેમાંથી ગુજરાતના રાજકોટમાં પણ એક એઈમ્સ કાર્યરત બની છે. સાથે સાથે સરકારી હોસ્પિલમાં જે-તે સમયે ૧૫૦૦૦ બેડ હતાં જે આજે વધીને ૬૦ હજાર થયાં છે. એટલું જ નહીં. પી.એચ.સી., સી.એચ.સી. અને વેલનેસ સેન્ટરનું સુદ્રઢ નેટવર્ક ગુજરાતમાં તૈયાર થયું છે.

ગુજરાત આવનારા સમયમાં મેડિકલ, ફાર્મા, બાયોટેક રીસર્ચ ક્ષેત્રે સમગ્ર દુનિયામાં પરચમ લહેરાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરીને વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૧૮૮ ડાયાલિસીસ કેન્દ્રો અને ૨૨ ડે કેર કિમોથેરાપી સેન્ટર કાર્યરત બન્યાં છે જે લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે. દેશના દરેક જિલ્લામાં ડાયાલિસીસ સેન્ટર કાર્યરત કરવાના પ્રયાસો હાથ ધર્યા છે.

જ્યાં સંસાધનો સાથે સંવેદનાઓ જોડાય છે ત્યારે સંસાધન સેવાનું ઉત્તમ માધ્યમ બને છે તેનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતમાં ચિરંજીવી યોજના, ખિલખિલાટ યોજના, મિશન ઈન્દ્રધનુષ, માતૃવંદના યોજનાના અસરકારક અમલીકરણના પ્રયાસોથી માતા અને શિશુ મૃત્યુદરમાં ઘટાડો થયો છે. બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાનના પરિણામે દેશના ઈતિહાસમાં પ્રથમ વખત દીકરાઓના સાપેક્ષે દીકરીઓની સંખ્યામાં વધારો થયો છે. ડબલ એન્જિન સરકારથી નાગરિકોને થતા લાભનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, વિશ્વના સૌથી મોટા આરોગ્ય વીમા કવચ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને ગુજરાતની મા યોજનાનું સંકલન આજે ગુજરાતના ગરીબો અને મધ્યમવર્ગીય પરિવારોની ચિંતા દૂર કરીને આરોગ્ય સુખાકારીમાં વધારો કરી રહ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની સાડા છ કરોડની જનતાને આરોગ્ય સુરક્ષા-સુખાકારી માટે રૂ. ૧૨૭૫ કરોડના વિવિધ પ્રકલ્પોની ભેટ આપી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી એવા લોકનેતા છે, જે લોકોની નાડ પારખીને તેમને જોઈતી સુવિધાઓ આપવાનું સમયબદ્ધ આયોજન કરે છે. આજે આપણે જે મેડિસિટીનું આધુનિક સ્વરૂપ જોઇ રહ્યા છીએ તે શ્રી નરેન્દ્રભાઈના વિઝનને આભારી છે. શ્રી નરેન્દ્રભાઈએ સારવાર સુવિધામાં માનવીય અભિગમ અપનાવ્યો છે. આ અભિગમને કારણે જ અમદાવાદ મેડીસિટીમાં અદ્યતન સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ, કિડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ, હૃદયની હોસ્પિટલ અને નર્સિંગ કોલેજ કાર્યરત છે. આ મેડીસિટીમાં દર્દીના સગાને રહેવા-જમવા માટેની ઉત્તમ સગવડો પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. એટલું જ નહીં, ડોક્ટર્સ, મેડિકલ સ્ટુડન્ટ્સ માટે એકોમોડેશન, નવી લેબોરેટરી સહિતનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર અહીં વિકસાવવામાં આવ્યું છે.



કોવિડ દરમિયાન સરકારે કરેલાં કાર્યોની વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં રાજ્યની સમગ્ર આરોગ્ય પ્રણાલીને કોવિડ મહામારી સામે લડવા કામે લગાડી હતી, તેમાં આ મેડીસિટી-સિવિલ હોસ્પિટલનું વિશેષ યોગદાન રહ્યું છે. એટલું જ નહીં, દેશમાં કોરોના વિરોધી સ્વદેશી રસીનું નિર્માણ થયું અને વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં પાર પાડ્યું હતું, જેમાં ગુજરાત દરેક તબક્કે અગ્રેસર પણ રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વની સૌથી મોટી હેલ્થ સ્કીમ આયુષ્માન ભારત યોજના વિશે વાત કરતાં કહ્યું હતું કે, આજે ભારત સરકાર અને ગુજરાત સરકાર એમ ડબલ એન્જિન સરકારને પરિણામે ગુજરાતની ૩૦૦૦ જેટલી હોસ્પિટલમાં ૨૭૦૦ જેટલી વિવિધ આરોગ્ય સેવાઓ દર્દીઓને કેશલેસ મળી રહી છે.

સમારંભના પ્રારંભે વડાપ્રધાનશ્રીએ મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સિવિલ મેડિસિટીના મોડેલને નિહાળ્યું હતું. વડાપ્રધાનશ્રીએ ડાયાલિસીસના અને ડે-કેર કિમોથેરાપીના દર્દીઓ સાથે



સંવેદનાસભર સંવાદ સાધ્યો હતો. મોરવા હડફના દર્દી ખેડૂત શ્રી ભીમસિંહ બારિયા, જુનાગઢના મુકેશકુમાર સંઘવી અને વઘઈના મનોજભાઈ ચૌધરીની સ્વાસ્થ્ય પૃચ્છા કરીને તંદુરસ્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, માર્ગ-મકાન અને કુટિર ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી નિમિષાબહેન સુથાર, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અમદાવાદના મેયરશ્રી, મુખ્ય સચિવશ્રી, સિવિલ મેડિસિટીના ડાયરેક્ટરશ્રીઓ, ડીનશ્રીઓ, સુપરિટેન્ડન્ટશ્રી, તબીબી વિભાગના વડાઓ, રાજ્યભરમાંથી પધારેલા તજજ્ઞ તબીબો તથા સિવિલ મેડિસિટીના હેલ્થકેર વર્કર્સ તેમજ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

## લોકાર્પણ થયેલા પ્રકલ્પોની ઝાંખી

- *રૂ. ૪૦૮ કરોડના ખર્ચે નિર્મિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિઝીસ એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે ૮૫૦ બેડની સુવિધા સહિતના નવા હોસ્પિટલ બિલ્ડિંગનું લોકાર્પણ સાથે જ ૨૨ હાઈટેક ઓપરેશન થિયેટર્સ, ૧૨ ICU, આધુનિક લેબોરેટરી અને એક સાથે ૬૨ ડાયાલિસીસ કરવાની સુવિધા*
- *રૂ. ૧૪૦ કરોડના ખર્ચે નિર્મિત ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના નવા બિલ્ડિંગ 1-'સી'નું લોકાર્પણ: જેમાં જનરલ વોર્ડમાં બેડની સંખ્યા વધીને ૧૮૭ થશે તથા બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ ૪થી વધીને ૧૧ થશે સાથે જ લેબોરેટરીમાં નેક્સ્ટ જનરેશન સિક્વેન્સિંગ મશીનની સુવિધા.*
- *રૂ.૧૦૫ કરોડના ખર્ચે યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે નવનિર્મિત ૧૦ માળની ૧૭૬ રૂમની હોસ્ટેલ બિલ્ડિંગનું લોકાર્પણ સાથે જ હૃદયની સારવાર માટે આધુનિક મશીનો તેમજ હૃદય અને ફેફસાં પ્રત્યારોપણ માટેનું કેન્દ્ર સહિત વિશ્વકક્ષાની આરોગ્યલક્ષી અદ્યતન સુવિધા.*

## ખાતમુહૂર્ત થયેલા પ્રકલ્પોની ઝલક

- *GMERS મેડિકલ કોલેજ- સોલા, અમદાવાદ ખાતે રૂ.૪૦૪ કરોડના ખર્ચે નિર્માણાધીન ૬૨૦ બેડની ન્યૂ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ.*
- *સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ ખાતે રૂ. ૪૮ કરોડના ખર્ચે મેડિકલ ગર્લ્સ હોસ્ટેલ બનશે.*
- *સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ ખાતે રૂ. ૩૯ કરોડના ખર્ચે રૈનબસેરા તૈયાર કરવામાં આવશે.*
- *અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે રૂ. ૩૦ કરોડના ખર્ચે ૧૨૫ બેડની અત્યાધુનિક સુવિધાઓ ધરાવતી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ(SDH) નિર્માણ પામશે. જેમાં ICU , PICU, NICU, SNCU, ઓપરેશન થિયેટર (મોડ્યુલર), પ્રસૂતિ રૂમ (પી.પી.યુનીટ), અદ્યતન સુવિધાસભર લેબોરેટરી, એક્સ-રે અને સોનોગ્રાફીની સુવિધાનો સમાવેશ થશે.*
- *અંજાર ખાતે રૂ. ૨૨ કરોડના ખર્ચે ૧૦૦ બેડની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું નિર્માણ થશે, જે અંજાર તાલુકાની સૌથી મોટી હોસ્પિટલ બની રહેશે.*






# વડાપ્રધાનના હસ્તે ભરૂચના આમોદથી રૂ.૮૦૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની ભેટ

ગુજરાતનાં વિવિધ શહેરો પોતાની આગવી સંસ્કૃતિ, રહેણીકરણી, ખાણી-પીણી, ઉદ્યોગ, વેપાર, કલાકારીગરી માટે જાણીતાં છે. દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટનો ખ્યાલ આપ્યો છે. જે અંતર્ગત દરેક જિલ્લો પોતાની પ્રોડક્ટને માત્ર દેશ જ નહીં, વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરી શકે છે. એક સમયે ખારી સિંગ માટે જાણીતું ભરૂચ આજે કેમિકલ અને દવા ઉત્પાદનમાં અગ્રેસર બન્યું છે. ભરૂચ જિલ્લાની આ ખ્યાતિમાં વધારો કરવાનો પ્રસંગ ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉજવાયો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભરૂચ જિલ્લાના આમોદથી રાજ્યના પ્રથમ બલ્ક ડ્રગ પાર્કના શિલાન્યાસ સહિત રૂ.૮૨૦૦ કરોડથી વધુનાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમૂર્હત કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ ગુજરાત અને દેશના વિકાસમાં ભરૂચની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો વિશેષ ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, એક સમયે ખારી સિંગ માટે ઓળખાતા ભરૂચ જિલ્લાએ હવે ઉદ્યોગો, બંદરો, વ્યાપાર ઉદ્યોગોથી વૈશ્વિક ઓળખ મેળવી છે. નર્મદા તટ પરની આ પવિત્ર ભૂમિનાં સંતાનો કનૈયાલાલ મુનશી, પંડિત ઓમકારનાથ શાસ્ત્રી જેવા મહાનુભાવોએ ભરૂચ સાથે ગુજરાતને પણ ગૌરવ અપાવ્યું છે. ઔદ્યોગિક ગતિ-પ્રગતિમાં શિરમોર રહેલા ભરૂચ અને અંકલેશ્વરનો વિકાસ ટ્વીન સિટી મોડેલ આધારિત થઈ રહ્યો છે.

બે દાયકા પહેલાં રાજ્યની ઓળખ વેપારી રાજ્યની હતી, તેના સ્થાને આજે ગુજરાત ખેતી, ઉદ્યોગો, કોસ્ટલ લાઇન, બંદરો, સમુદ્રી વ્યાપારથી ધમધમતું થયું છે, અને બે દશકામાં ગુજરાત સર્વાંગી વિકાસ સાથે ગુણાત્મક પરિવર્તનનું સાક્ષી બન્યું છે એમ તેમણે ઉમેર્યુ હતું. દેશના કુલ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં ગુજરાત ૨૫ ટકો હિસ્સો ધરાવે છે એ રાજ્ય માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ છે એમ પણ વડાપ્રધાનશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. દવા ઉત્પાદનમાં અગ્રેસર ગુજરાતે કોરોના કાળમાં દેશની મોટી સેવા આ

## ભરૂચ જિલ્લામાં થયેલાં લોકાર્પણો

*વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત સરકારના જાહેર સાહસ ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સના રૂ.૪૧૦૫ કરોડના વિવિધ વિસ્તરણ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. GACL ના આ વિવિધ પ્લાન્ટ થકી દેશના અમૂલ્ય વિદેશી હૂંડિયામણની બચત થવા સાથે રાષ્ટ્રને "આત્મનિર્ભર ભારત" ની દિશા તરફ આગળ વધવામાં મદદ કરશે. ભરૂચ શહેરમાં રૂ.૧૧૭.૫૩ કરોડના ખર્ચે આકાર પામેલા ભૂગર્ભ ડ્રેનેજ અને એસ.ટી.પી, રૂ.૪૨ કરોડના ખર્ચે નિર્માણ થયેલ ઉમલા-અસા-પાનેઠા માર્ગ અને રૂ.૩૧૫ કરોડના ખર્ચે IOCL દ્વારા નિર્મિત દહેજ-કોયલી પાઈપલાઈનનું પણ લોકાર્પણ કર્યું હતું.*

દવાઓ-વેક્સિન મારફત કરી છે તેને પણ વડાપ્રધાનશ્રીએ બિરદાવી હતી.

વર્ષ ૨૦૧૪માં ભારતની અર્થવ્યવસ્થા સમગ્ર વિશ્વમાં દસમા ક્રમે હતી તે આજે ઈંગ્લેન્ડને પાછળ રાખી પાંચમા ક્રમે પહોંચી ગઈ છે. ભારત ઉપર ૨૫૦ વર્ષ સુધી શાસન કરનારો દેશ આજે પાછળ રહી ગયો છે. આટલી મજબૂત અર્થવ્યવસ્થા બનાવવાનું શ્રેય દેશના નાનામોટા સર્વ ઉદ્યમીઓને જાય છે. જો નીતિ અને નિયત બેઉ સાફ હોય તો તેના આધારે વિકાસનાં સપના સાકાર કરવાનું વાતાવરણ સુદ્રઢ બને છે તે આપણે પુરવાર કર્યું છે.

વીસ વર્ષ પૂર્વે ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં જીવવા માટે પણ વલખાં મારવાં પડતાં હતાં એવી વિકટ સ્થિતિની યાદ તાજી કરાવતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આદિવાસી બાંધવો કાળી મજૂરી કરીને પેટનો ખાડો પૂરતા હતા. ભરૂચ તો લોકોની હિજરતથી ખાલી થવાની તૈયારીમાં હતું. તેમાંય ગુનેગારો બેફામ બન્યા હતા. કાયદો અને વ્યવસ્થાની આવી વરવી સ્થિતિમાં ગુજરાતના આત્માને વીંખી નાખવાના પ્રયાસો થતા હતા. અમારી સરકારે ભલભલા ખેરખાંઓને જેલના સળિયા ગણતા કરી દીધા છે, આ શાંતિનો લાભ તમામ લોકોને મળ્યો છે. તેના કારણે માતાઓના મને ભરપૂર આશીર્વાદ મળ્યા છે.

ગુજરાતમાં ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, કૃષિ, સિંચાઈ, રોજગાર, પાણી જેવી પાયાની સુવિધાઓ આપી આદિવાસી યુવાનોને મુખ્ય પ્રવાહમાં લાવવામાં સફળ થયા છીએ તેમ તેમણે જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રીએ 'વોકલ ફોર લોકલ'ના મંત્રને અનુસરી આ દિવાળીના પર્વે સ્વદેશી આતશબાજીની ખરીદી કરીને ગરીબ કારીગરોનાં ઘરોમાં ઉજાસ ફેલાવવા અને બારેય મહિના ફટાકડાની ચમકારા સમાન આગવી ચમકની તેમને ભેટ આપવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે, ભરૂચ જિલ્લામાં રૂ. 2506 કરોડના ખર્ચે નિર્માણ પામનારો બલ્ક ડ્રગ પાર્ક 2000 એકરથી વધુ વિસ્તારમાં





પથરાયેલો અને વૈશ્વિક કક્ષાની સુવિધા ધરાવતો ઔદ્યોગિક પાર્ક બનશે. રાજ્ય સરકારે આ પાર્ક માટે રૂ 450 કરોડ જેટલી સહાય આપવાનો નિર્ણય કર્યો છે. તેના પરિણામે બલ્ક ડ્રગ ઉદ્યોગકારોને પાર્કમાં ખૂબ જ ઓછા દરે જમીન ફાળવી શકાશે અને તેમને પ્રારંભિક મૂડીરોકાણમાં ખૂબ મોટી રાહત મળશે. આ સંદર્ભે તેમણે વધુમાં કહ્યું કે, દવાઓ અને તેના રો-મટિરિયલના ઉત્પાદન તથા દવાની નિકાસમાં ગુજરાતનું મોટું યોગદાન છે. દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોરથી પણ આ બલ્ક ડ્રગ પાર્કને મોટો લાભ થવાનો છે.

દુનિયાના વિકસિત અને વિકાસશીલ દેશો જ્યારે કોરોના મહામારી સામે ટકવા સંઘર્ષ કરતા હતા, ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે સ્વદેશી વેક્સિન વિકસાવી અને દુનિયાભરના અનેક દેશોને મદદ પહોંચાડી મહામારીથી બચાવ્યા છે. ભવિષ્યમાં આવી કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા અને દેશને દવા-ઉત્પાદનની બાબતમાં આત્મનિર્ભર બનાવવા તેમણે મેગા બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવાનો નિર્ણય કર્યો છે. દવાઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગોને આવશ્યક સુવિધાઓ એક સ્થળે અને ઓછા દરે પ્રાપ્ત થાય તે માટે દરેક પાર્ક દીઠ રૂપિયા 1000 કરોડની કેન્દ્ર સરકારની સહાય આપવાનો અભૂતપૂર્વ નિર્ણય વડાપ્રધાનશ્રીએ કર્યો છે. ગુજરાત સરકારે પણ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની નેમને સાકાર કરવા બલ્ક ડ્રગ પાર્ક માટે પાણી, વીજળી, રાજ્યવેરા, જેવી વિવિધ સેવાઓ માટે રાહતદર જાહેર કર્યા છે.

રાજ્ય સરકારે વડાપ્રધાનશ્રીએ દર્શાવેલા માર્ગે ચાલીને આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ જાહેર કરી છે. આ સ્કીમ ઉદ્યોગોને વૈશ્વિક હરીફાઈ માટે સક્ષમ બનાવશે અને રૂ. 12.50 લાખ કરોડના મૂડીરોકાણ લાવશે તથા 15 લાખ લોકોને રોજગારી આપશે. ભારતના અમૃતકાળને સુવર્ણકાળ બનાવવાની વડાપ્રધાનશ્રીની નેમ

## ખાતમુહૂર્ત - ભૂમિપૂજન થયેલા કાર્યોની ઝલક

***વડાપ્રધાનશ્રીએ જંબુસરમાં અંદાજે રૂ. ૨૫૦૬ કરોડના ખર્ચે નિર્માણ થનાર રાજ્યના પ્રથમ સુવિધાયુક્ત બલ્ક ડ્રગ પાર્કનું ખાતમુહૂર્ત કરવા સાથે દહેજમાં રૂ.૫૬૮ કરોડના ખર્ચે નિર્માણ થનાર ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટ, રૂ. ૩૦ કરોડના ખર્ચે અંકલેશ્વર અને પાનોલીમાં નિર્માણ થનાર મલ્ટીલેવલ ઔદ્યોગિક શેડ તથા રૂ.૧૦૦ કરોડના ખર્ચે અંકલેશ્વર એરપોર્ટ ફેઝ - ૧ કામગીરીનું પણ ખાતમુહૂર્ત કરીને ગુજરાતને વિકાસની વધુ એક ભેટ આપી હતી. આ સાથે નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડ (નાલ્કો) સાથેના સંયુક્ત સાહસ જીએસીએલ-નાલ્કો આલ્કલીઝ એન્ડ કેમિકલ્સપ્રાઈવેટ લિમિટેડ (જીએનએએલ) પણ રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. તેમણે બનાસકાંઠા જિલ્લાના મુડેઠામાં રૂ.૭૦.૮૭ કરોડના ખર્ચે નિર્માણ થનાર એગ્રો ફૂડ પાર્ક, ભરૂચ જિલ્લાના વાલિયા, છોટાઉદેપુરના વનાર, દાહોદના ચાકલિયા અને બનાસકાંઠાના અમીરગઢમાં રૂ. ૧૨૭.૫૮ કરોડના ખર્ચ નિર્માણ પામનાર ચાર ટ્રાઈબલ ઔદ્યોગિક પાર્ક, વલસાડ જિલ્લાના કઠવાડી - દાંતી ખાતે રૂ.૮૯.૯૮ કરોડના ખર્ચ આકાર લેનાર સી - ફૂડ પાર્ક તથા મહીસાગર જિલ્લાના ખાંડીવાવ ખાતે રૂ.૧૭૬.૯૪ કરોડના ખર્ચ સ્થપાનાર MSME પાર્કનું ભૂમિપૂજન કર્યું હતું.***

પાર પાડવા માટે અને ગુજરાતના સર્વાંગી વિકાસના ઈતિહાસમાં આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે તેવો મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય, કેમિકલ અને ફર્ટિલાઈઝર મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, જંબુસરમાં બલ્ક ડ્રગ પાર્ક થકી સ્થાનિક વિસ્તાર સહિત ગુજરાતને વડાપ્રધાનશ્રીએ મોટી સોગાદ આપી છે. ગુજરાતને ફાર્માસ્યુટિકલ હબ બનાવવાની સરકારની પ્રતિબદ્ધતા સાકાર થઈ રહી છે એમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.



મેગા પ્રોજેક્ટના ફાયદા જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, આ પ્રોજેક્ટ મોટા પાયે સ્થાનિક યુવાનો માટે રોજગારીના સુવર્ણ અવસરો પ્રદાન કરશે. આસપાસના વિસ્તારોમાં ટ્રાન્સપોર્ટ, દવાનાં રો-મટિરિયલ, સહિત ફાર્મા સંલગ્ન ઉદ્યોગો, આવાસ, શિક્ષણ, વ્યાવસાયિક, સામાજિક-આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે. તેમણે આ પ્રોજેક્ટ યુવા સાહસિકો સહિત ફાર્મા ઉદ્યોગ એકમોને વિકાસ અને આર્થિક પ્રગતિની નવી તકો પૂરી પાડશે એમ જણાવી ૮૨૦૦ કરોડનાં માતબર વિકાસકામો જનસમર્પિત થવાથી અનેકવિધ ક્ષેત્રે વિકાસની ગતિ તેજ બનશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર.પાટીલ, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, વાહનવ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, સહકાર, કુટિર ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલ, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય સર્વશ્રી ઈશ્વરસિંહ પટેલ, અરુણસિંહ રાણા, સંજયભાઈ સોલંકી સહિત પદાધિકારીઓ, અધિકારીઓ, વિશાળ જનમેદની ઉપસ્થિત રહી હતી. ●




# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે જામનગરને મળ્યા રૂ. ૧૪૪૮ કરોડના વિકાસ પ્રકલ્પો

જામનગરને રૂ. ૧૪૪૮ કરોડથી વધુનાં વિકાસકામોની ભેટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપી હતી. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, ભૂપેન્દ્ર-નરેન્દ્રની ડબલ એન્જિન સરકારે ગુજરાતમાં માળખાગત વિકાસ સાથે ખેડૂતોનાં કલ્યાણ માટે અવિરત ગતિએ વિકાસનાં કામો કર્યાં છે. મા નર્મદા આજે સ્વયં પરિક્રમા કરી આશીર્વાદ આપી રહી છે તેમ જણાવી સૌની યોજના થકી સૌરાષ્ટ્રની બદલાયેલી તસવીરની ફળશ્રુતિ કહી હતી. ખેડૂતોને તેની ઊપજના પૂરા ભાવ મળી રહ્યા છે તેમ પણ સહર્ષ જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોડ-શો દરમ્યાન મળેલાં બહેનો-માતાઓના આશીર્વાદનો ઋણ સ્વીકાર કર્યો હતો અને ‘‘છોટી કાશી’’ એવા જામનગર ખાતે મળેલા સત્કાર થકી ભરૂચથી જામનગર સુધીના વિસ્તારને સમૃદ્ધ બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

જામનગરમાં શુભારંભ કરાયેલા આઠ પ્રકલ્પોની માહિતી વડાપ્રધાનશ્રીએ તેમના વક્તવ્યમાં વણી લીધી હતી. તાજેતરમાં જ ભુજિયા ડુંગર ખાતે નિર્માણ પામેલ સ્મૃતિવનની મુલાકાત લેવા વડાપ્રધાનશ્રીએ જામનગરવાસીઓને અપીલ કરી હતી. જયાં વિનાશકારી ભૂકંપમાં શહીદ થયેલા જામનગરવાસીઓનો ઉલ્લેખ કરાયો છે. અન્ય વૈશ્વિક સ્મારકોની સમકક્ષ બનાવાયેલું આ સ્મૃતિવન ગુજરાતની ખમીરવંતી જનતાની ગૌરવપૂર્ણ ખુમારીનું પ્રતીક છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જામનગરના રાજવી શ્રી જામ દિગ્વિજયસિંહજીએ પોલેન્ડના નાગરિકોને આશ્રય આપ્યાનો ગર્વભેર ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ યુક્રેનના યુદ્ધમાં ભારતીય નાગરિકોને પોલેન્ડની ધરતી પરથી સુરક્ષિત પરત ભારત મોકલવાની શુભભાવના બદલ પોલેન્ડ સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી અને જામનગરના હાલના રાજવી શ્રી શત્રુશલ્યજી મહારાજના દીર્ઘાયુ માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં રદ કરેલા ૨૦૦૦થી વધુ કાયદાઓ અંગે જણાવ્યું હતું કે "ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ"ની નીતિ ને વરેલી રાજ્ય સરકાર વેપારી આલમને મદદરૂપ થવા આ પગલું ભર્યું છે, જેનાથી ગુજરાતની ખમીરવંતી પ્રજાને મોટો ફાયદો થશે. હાલના સમયને અનુરૂપ ન હોય તેવા આવા અન્ય કાયદાઓ પ્રત્યે સરકારનું ધ્યાન દોરવા વડાપ્રધાનશ્રીએ ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો.

દેશને ૨૫૦ વર્ષ સુધી ગુલામ રાખનાર બ્રિટનને વૈશ્વિક અર્થતંત્રમાં છઠ્ઠા સ્થાનેથી પરાજિત કરી ભારતને પાંચમા સ્થાને પહોંચાડવાનું શ્રેય વડાપ્રધાનશ્રીએ સ્થિર અને મક્કમ ગતિથી આગળ વધતા ભારતીય અર્થતંત્ર તથા દેશના શ્રમિકો-વેપારીઓ-ખેડૂતોને આપ્યું હતું. તાજેતરમાં જ ગુજરાત રાજયએ અમલી બનાવેલી નવી ઔદ્યોગિક નીતિ થકી રાજ્યમાં નવા સ્ટાર્ટઅપ અને એમ.એસ.એમ.ઈ. સેક્ટરને ફાયદો થશે એવો આશાવાદ પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ આ પ્રસંગે વ્યક્ત

## જામનગરને મળેલી ભેટ

વડાપ્રધાનશ્રીના હસ્તે રૂ. ૭૨૯.૧૫ કરોડના ખર્ચે ૧,૨૦,૦૦૦ થી વધુ લોકોને પીવાના પાણી તથા આશરે ૭૧,૯૬૭ એકર વિસ્તારને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવતી સૌની યોજના લીંક-૩/પેકેજ-૭ તથા રૂ. ૩૧૪.૬૯ કરોડના ખર્ચે ૬૫,૦૦૦થી વધુ લોકોને પીવાનું તથા આશરે ૩૧,૮૪૩ એકર વિસ્તારને સિંચાઇ માટે પાણી પૂરી પાડતી સૌની યોજના લીંક-૧/પેકેજ-૫, હરિપર ગામે રૂ. ૧૭૬.૮૯ કરોડના ખર્ચે ૪૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા આધુનિક ફોટો વોલ્ટીક સોલાર પ્રોજેક્ટ અને જામનગરમાં પટેલ નગર ખાતે રૂ. ૯૯ લાખના ખર્ચે વાલ્મીકિ સમાજ કમ્યુનિટી હોલ




કર્યો હતો. જૈવ વિવિધતાથી સભર જામનગરના દરિયાઈ વિસ્તારના સંરક્ષણ અને ઈકો ટુરિઝમના વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીએ આદરેલા પ્રયત્નોની વડાપ્રધાનશ્રી મોદીએ ભરપૂર સરાહના કરી હતી તથા આ સંદર્ભમાં દરિયાઈ પટ્ટી પર ઉભા કરાયેલા ગેરકાયદેસર બાંધકામોની સફાઈ બદલ મુખ્યમંત્રીશ્રીના પ્રયત્નોને બિરદાવ્યા હતા. ભાઈચારાથી ખભેખભો મિલાવી દેશના વયસ્ક નાગરિકો માટે વિઘ્નરહિત માર્ગનું નિર્માણ કરવા વડાપ્રધાનશ્રીએ યુવાનોને આહ્વાન કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના થકી કોરોનાકાળથી ૮૦ કરોડ લોકોને મફત રાશન મળી રહ્યાનું જણાવી ગરીબના ઘરમાં ચૂલો સળગતો રહેવો જોઈએ તેવી નેમ વ્યકત કરી “વન નેશન વન રાશન કાર્ડ”ની ફળશ્રુતિ જણાવી હતી. સૌરાષ્ટ્રમાં ૨૫ વર્ષ અગાઉ પાણી માટે વલખાં મારવાં પડતાં અને આજે મા નર્મદા સ્વયં ગુજરાત-સૌરાષ્ટ્રની પરિક્રમા કરી ખેડૂતોને જન-જનને સમૃદ્ધિના માર્ગે લઈ જવા આશીર્વાદ આપી રહી છે તેમ જણાવી વડાપ્રધાને “સૌની” યોજના ડબલ એન્જિનની સરકારે સાકાર કરી છે તેમ જણાવ્યું હતું.

જામનગરની જાહોજલાલીને નવી ઊંચાઈ સુધી લઈ જવાની તેમ વ્યક્ત કરતા ૩૬ હજાર કરોડના ખર્ચે નિર્માણ પામનાર કોરિડોરથી જામનગરના વેપાર-ધંધા ઉત્તર ભારત સાથે જોડાશે અને તેની વૈશ્વિક ઓળખ વધુ મજબુત બનશે.

દેશની ઓઈલ રિફાઈનરીમાં જામનગરનો ૩૫ ટકા હિસ્સો છે તે સગૌરવ જણાવી જામનગરને સૌભાગ્યનગરી ગણાવી વડાપ્રધાનશ્રીએ જામનગરના હસ્તકલા, બ્રાસ, બાંધણી, કંકુ, ચૂડી સહિત નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહક સહાય આપી ગુજરાત સરકારે ગુજરાતને વધુ તેજ દિશામાં આગળ વધવા વિકાસલક્ષી ઉદ્યોગનીતિ અમલમાં મૂકી છે તેમ જણાવી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની સરકારને અભિનંદન પાઠવ્યાં હતાં.

ગુજરાતે દરેક ક્ષેત્રે વિકાસની નવી મિસાલ કાયમ કરી છે તેમ જણાવી જામનગર - રાજકોટના એન્જિનિયરિંગ સ્પેર પાર્ટ્સના ઉદ્યોગો પીનથી માંડીને એરક્રાફટના સ્પેર પાર્ટ્સ બનાવે છે અને હવે ઈકો-ટુરિઝમથી ઉદ્યોગ સાહસિકોને નવી તકો મળશે તેમ વડાપ્રધાનશ્રીએ સહર્ષ જણાવ્યું હતું. ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન સાથે આયુર્વેદ યુનિવર્સિટીને રાષ્ટ્રીય સ્થાન મળી રહ્યું છે તેમ જણાવી જામનગરની ઉદ્યમશીલતા ભારતના ખૂણે-ખૂણે સ્થાપિત થશે તેમ વડાપ્રધાનશ્રીએ સરકારની વિકાસલક્ષી નીતિઓના સંદર્ભમાં કહ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના “સંકલ્પથી સિદ્ધિ”ના વિકાસ પ્રકલ્પો વર્ણવતાં જણાવ્યું હતું કે, એક સમયે સૌરાષ્ટ્રમાં પીવાના પાણી માટે ટ્રેઈનો દોડતી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્રને પાણીદાર બનાવવા સંકલ્પ લીધો અને “સૌની” યોજના અમલમાં મૂકી અડગ મનના મુસાફરને હિમાલય નથી નડતો, એ પંક્તિ સાર્થક કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન “સૌની” યોજનાની ફળશ્રુતિ જણાવતાં વધુમાં કહ્યું હતું કે, નર્મદાનાં વહી જતાં નીરને સૌરાષ્ટ્રમાં પહોંચાડવાના આ ભગીરથ કાર્યને લીધે સૌરાષ્ટ્રનાં ૧૧૫ જળાશયોમાં નર્મદાનાં નીર આવી રહ્યા છે અને ઉમેર્યું હતું કે, જામનગર

સહિતના વિકાસ કાર્યો લોકાર્પિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રૂ. ૩૯.૨૪ કરોડના ખર્ચે કાલાવડ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના, રૂ. ૨૪.૭૪ કરોડના ખર્ચે મોરબી-માળિયા-જોડિયા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના, કુલ રૂ. ૧૦૭ કરોડના ખર્ચે તૈયાર થનારા લાલપુર બાયપાસ ઓવરબ્રિજ તથા હાપા માર્કેટિંગ યાર્ડ રેલવે ઓવરબ્રિજ, રૂ. ૫૬ કરોડના ખર્ચે અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક તથા પમ્પીંગ મશીનરી રીફરબીશ વર્ક (૪-કમ્પોનન્ટ) સહિતના વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત પણ વડાપ્રધાનશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

જિલ્લાને સૌની યોજના લીંક-૩ પેકેજ-૭ અને લીંક-૧ પેકેજ-૫ લોકાર્પિત થતાં ૨ લાખ લોકોને લાભ મળવાની સાથે ૧૪૧ ગામોને પીવાનું પાણી મળશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકારની પ્રતિબધ્ધતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, પાણી અને વીજળી મળે તો વિકાસયાત્રા આગળ ધપે છે. ડબલ એન્જિન સરકાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની દિશા-દર્શનમાં સર્વગ્રાહી-સર્વ સમાવેશક વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ઊર્જાશક્તિનું મહત્ત્વ સમજાવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનશ્રીની ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની કુનેહ અને અવિરત પ્રયાસો થકી ગુજરાતે જ્યોતિગ્રામ યોજના અમલમાં મૂકી ૨૪ કલાક વીજળીની સુવિધા ઉપલબ્ધ કરાવી છે, જેના થકી વાળુ સમયે વીજળીની ઝંખના કરતું ગુજરાત વડાપ્રધાનશ્રીના દૂરંદેશીભર્યા નિર્ણયોના પરિણામે વીજ સરપ્લસ રાજ્ય બન્યું છે.

જામનગરના હરિપરા ખાતે ૪૦ મેગાવોટના સોલાર પ્રોજેકટની સ્થાપનાથી વિસ્તારને વીજ ઉપલબ્ધિ ક્ષેત્રે થનારા ફાયદા વિશે જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ આજે રિન્યુએબલ ઉર્જા ક્ષેત્રે પણ ગુજરાત દેશને દિશા બતાવી રહ્યું છે અને સોલાર રૂફટોપમાં દેશમાં નંબર-૧ બન્યું છે.





જામનગર મહાનગરપાલિકાના વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ કરાયેલાં વિકાસકાર્યો વિશે જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે સરકાર શહેરીકરણને અવસરરૂપે લઈ રાજ્યનાં શહેરો સ્વચ્છ, ટ્રાફિકની સમસ્યાથી મુક્ત અને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓથી યુક્ત બને તે મુજબ તેમને સ્માર્ટ સસ્ટેનેબલ સિટી તરીકે વિકસાવવાની દિશામાં કામગીરી થઈ રહી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના વડાપ્રધાન બનવાથી ગુજરાતને વિકાસના માર્ગે આગળ વધવામાં થયેલા ફાયદાઓ વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ડબલ એન્જિન સરકારના પરિણામે ગુજરાત આજે ડબલ સ્પીડ અને સ્કેલ પર આગળ વધી રહ્યું છે અને અનેક આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રોજેક્ટ ગુજરાતમાં આવી રહ્યા છે. વિકસિત અને જળ સમૃદ્ધ ગુજરાતના નિર્માણ થકી વિકસિત ભારતના નિર્માણનું સપનું પૂર્ણ કરવા અમે સંકલ્પબદ્ધ છીએ તેમ મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

જિલ્લા પ્રભારી મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ પોતાના સંબોધનમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે લોકાર્પણ-ખાતમુહૂર્ત થનાર વિવિધ વિકાસ પ્રકલ્પો વિશે વિસ્તારપૂર્વક વાત કરતાં આ પ્રકલ્પોથી આંતરમાળખાકીય સુવિધાઓ અને જનસુખાકારીમાં થનારા વધારા વિશે જણાવ્યું હતું.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ દેશવાસીઓ અને દેશની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાધાન્ય મળ્યું છે. ખેડૂતોની આવક બમણી કરવા માટે અમલમાં મૂકેલી યોજનાઓ સહિતની જનકલ્યાણકારી યોજનાઓ અને નિર્ણયો વિશે વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ થયેલાં વિકાસકાર્યો થકી વિશ્વભરમાં ભારત દેશનો ડંકો વાગ્યો છે.


કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ સાંસદ શ્રી સી. આર. પાટીલે વડાપ્રધાનશ્રીનું જામનગરની વિશ્વવિખ્યાત બાંધણીનો ખેસ ઓઢાડી તેમજ સાંસદ શ્રી પૂનમબહેન માડમે દ્વારકાધીશના ૨૪ શણગાર દર્શાવતી કલાત્મક પિછવાઈની ભેટ તેમજ બાંધણીના ખેસ દ્વારા ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આ અવસરે વડાપ્રધાનશ્રીનું શંખ, ચાંદીની તલવારની ભેટ, હાલારી પાઘડી પહેરાવી પરંપરાગત ઢબે ઉષ્માભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ કાર્યક્રમમાં રિમોટ દ્વારા ઈ - તકતીનું અનાવરણ કરીને ૧૪૪૮ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યાં હતાં.

આ પ્રસંગે મંત્રી સર્વશ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ મોરડિયા, સાંસદો શ્રી સી.આર. પાટીલ, શ્રી પૂનમબહેન માડમ, ધારાસભ્યશ્રીઓ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, શ્રી આર.સી.ફળદુ, મેયર શ્રીમતી બીનાબેન કોઠારી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધરમશીભાઈ ચનિયારા, કલેક્ટર શ્રી ડો. સૌરભ પારઘી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિહિર પટેલ, કમિશનર શ્રી વિજય ખરાડી, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, મહાનુભાવો તેમજ વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●

### મોઢ-વણિક સમાજના શૈક્ષણિક સંકુલનું લોકાર્પણ કરતા વડાપ્રધાન

# વિશ્વમાં ડિગ્રીવાળા કરતાં હુન્નરવાળાની તાકાત વધારે રહેશે



વિશ્વમાં જે સમાજે શિક્ષણને પ્રાથમિકતા આપી છે, એ જ સમાજ આગળ આવ્યો છે. શિક્ષણની સાથે કૌશલ્ય-હુન્નર પણ સમયની માગ છે. આગામી સમયમાં ડિગ્રીધારી યુવાઓની સાથે કૌશલ્યવર્ધન ધરાવતા યુવાઓની જરૂરિયાત વધારે રહેશે. સમાજ કલ્યાણ માટે આ જરૂરી છે. રાજ્યના મોદી સમાજે આ વાતને પ્રાધાન્ય આપીને સમાજનાં બાળકો માટે અમદાવાદ ખાતે હોસ્ટેલની સુવિધા ઊભી કરતું શૈક્ષણિક સંકુલ નિર્માણ કર્યું છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી મોઢ વણિક મોદી જ્ઞાતિ મિલકત ટ્રસ્ટ અંબાજી તથા સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ દ્વારા નિર્મિત 'મોદી શૈક્ષણિક સંકુલ'નું લોકાર્પણ કરતાં જણાવ્યું હતું કે, આ એવો સમાજ છે, જે ક્યારેય કોઈને નડ્યો નથી. આજના સમયમાં સંગઠન જ મોટી શક્તિ છે, તે વાત આજે સમસ્ત મોદી સમાજે પુરવાર કરી છે.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, મોઢેશ્વરી માતાના દર્શન બાદ સમાજ દેવતાનાં દર્શન કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. મારા માટે સમાજનાં ચરણોમાં આવવું અને સમાજનાં આશીર્વાદ લેવા એ ધન્ય ઘડી છે. મોદી સમાજ અત્યંત સામાન્ય જીવન જીવતો નાનો સમાજ છે. તેમ છતાંય સંકુલ નિર્માણનું ભગીરથ કાર્ય સમાજના સહયોગથી પૂર્ણ થયું છે, એ અભિનંદનીય છે. સાથે-સાથે સમાજે એક ચોક્કસ લક્ષ્ય સાથે આ કામ પૂર્ણ કર્યું છે તે સાચી દિશાનું પગલું છે.

વડાપ્રધાનશ્રીએ, મોદી સમાજના શિસ્ત અને સૌમ્યતાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, વડાપ્રધાન પદે રહ્યા તેમ છતાંય સમાજની એક પણ વ્યક્તિ મારી પાસે કોઈ પણ કામ લઈને આવી નથી. એના દ્વારા સમાજે મને મોટો ટેકો અને તાકાત આપી છે. સાથે-સાથે મારો પરિવાર અને મારો સમાજ મારાથી જોજનો દૂર રહ્યા છે એટલે વ્યક્તિગત રીતે મારા માટે આજે સમાજના ઋણ સ્વીકારનો અવસર છે. આ સમાજને હું આદરપૂર્વક વંદન કરું છું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિંગાપોરના વડાપ્રધાને તેમના વિસ્તારમાં બનાવેલી એક નાની આઈ.ટી.આઈ.નો ઉલ્લેખ કરતા કહ્યું કે, આ આઈ.ટી.આઈ.માં કૌશલ્યવર્ધનને અગ્રીમતા આપી છે. આ જ રીતે આપણે ત્યાં પણ આજના યુવાનો શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર બને તે ઇચ્છનીય તો છે જ, પરંતુ બાળકોના કૌશલ્યવર્ધનને પણ આપણે ચોક્કસ આકાર આપવો પડશે. હુન્નર હશે તો ક્યારેય પાછા વળીને જોવું નહીં પડે એ સર્વવ્યાપક સત્ય છે. ત્યારે આગામી સમયમાં ડિગ્રીવાળા કરતાં હુન્નરવાળાની તાકાત વધવાની છે, એ પણ એટલું જ સત્ય છે. શ્રમની પ્રતિષ્ઠા જ પ્રગતિનું ઔષધ છે. આવનારી પેઢી શ્રમ-કૌશલ્યના પગલે જ વધુ પ્રગતિ કરી શકશે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ શૈક્ષણિક સંકુલના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'ની એક અનોખી સંસ્કૃતિ વિકસાવી છે. એટલું જ નહિ, સમગ્ર દેશના જરૂરિયાતમંદ લોકોની અપેક્ષાઓ પૂરી કરવાના અશ્વમેઘ યજ્ઞનો આરંભ કર્યો છે. સમાજના દરેક વર્ગના હિતને ધ્યાને રાખીને સર્વપોષક, સર્વસમાવેશક અને સર્વગ્રાહી વિકાસની નવી દિશા આપી છે અને વિકાસની રાજનીતિનો માર્ગ દેશને વડાપ્રધાનશ્રીએ બતાવ્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સરકાર તો સમાજના દરેક વર્ગને શિક્ષણ, આરોગ્ય, પાણી, મકાન સહિતની પાયાની સુવિધા પહોંચાડે છે, પણ જ્યારે સામાજની સંગઠનશક્તિ ખભેથી ખભા મિલાવીને, સમાજ કલ્યાણ માટે આગળ આવે છે ત્યારે સોનામાં સુગંધ ભળી જાય છે અને પરિણામે મોદી શૈક્ષણિક સંકુલ જેવા જનહિત પ્રકલ્પોનું નિર્માણ થાય છે, એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મોદી શૈક્ષણિક સંકુલની વિશેષતાઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, મોઢ મોદી સમાજ ગુજરાતનાં નાનાં અને અંતરિયાળ ગામડાંઓમાં વસતો સમાજ છે. આ સમાજના યુવાનો-યુવતી ઉચ્ચ શિક્ષણ માટે અમદાવાદ આવે ત્યારે તેમને રહેવા જમવાની

સગવડ આ સંકુલમાં મળી રહેશે. આધુનિક સુવિધા સાથેની ૧૨ માળની હોસ્ટેલ તૈયાર થઇ ગઇ છે અને આગામી સમયમાં કોમ્યૂનિટી હોલ બનવાનો છે. આ નવા સંકુલમાં રહી સમાજના યુવાનો ઉચ્ચ-શિક્ષણ ક્ષેત્રે અનેક નવી તકોને ઝડપી શકશે તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાં શિક્ષણ માટે શ્રી નરેન્દ્રભાઈએ કરેલા સાર્થક પ્રયાસોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે ગુજરાતના શિક્ષણને આગળ લાવવા અથાગ પ્રયત્નો કરેલા છે. જેના કારણે બે દાયકા પહેલાં ગુજરાતનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો ૩૭ ટકા જેટલો હતો, જે આજે ઘટીને ૨ થી ૩ ટકા સુધી આવી ગયો છે. ગુજરાતમાં પહેલાં માત્ર ૨૭ યુનિવર્સિટીઓ હતી. નરેન્દ્રભાઈએ ગુજરાતના યુવાનોને ઘર આંગણે જ વિશ્વકક્ષાનું શ્રેષ્ઠ શિક્ષણ આપવાનો નિર્ધાર કર્યો અને પરિણામે આજે રાજ્યમાં ૧૦૨ યુનિવર્સિટીઓ છે.

સમસ્ત મોઢ વણિક મોદી સમાજ હિતવર્ધક ટ્રસ્ટના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ જણાવ્યું હતું કે,



અમદાવાદ એજ્યુકેશન હબ હોઇ સમાજના બાળકોને રહેવા ઉપરાંત શૈક્ષણિક સુવિધા ઉપલબ્ધ કરવાના હેતુથી આ સંકુલનું નિર્માણ કરાયું છે. આ સંકુલ સમસ્ત મોદી સમાજ માટે ઉપયોગી પુરવાર થવા ઉપરાંત મોદી સમાજના તમામ વાડાઓ માટે એકતાનું કેન્દ્ર બનશે એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ દ્વારા નિર્મિત મોદી શૈક્ષણિક સંકુલ અનેક સુવિધાઓ ધરાવે છે. ૪૯૭૮ ચો.મી. વિસ્તારમાં ફેલાયેલા આ સંકુલમાં ૧૨ માળનું છે. દરેક માળે ૧૦ હોસ્ટેલ રૂમ કુલ મળી ૧૧૬ હોસ્ટેલ રૂમની વ્યવસ્થા છે. આમ, સંકુલમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને રહેવાની સગવડ ઊભી કરવામાં આવી છે. અંદાજિત રૂ. ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે આકાર પામનારા સંકુલમાં હોસ્ટેલ બિલ્ડિંગનું ફેઝ -૧નું સંપૂર્ણ કામ પૂરું થઇ ગયું છે. જયારે બીજા ફેઝમાં સમાજ માટે કોમ્યૂનિટી હોલ આધુનિક સુવિધા સાથે બનાવવાનું કામ ટૂંક સમયમાં શરૂ થશે.

આ પ્રસંગે રાજ્યના પ્રવાસન અને વાહન વ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, નવસારીના સાંસદ શ્રી સી. આર. પાટીલ, સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, સમસ્ત ગુજરાત મોઢ મોદી સમાજના પ્રમુખ શ્રી સોમાભાઈ મોદી તેમજ મોદી સમાજના અગ્રણીઓ- લોકો સહિત પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●



## વડાપ્રધાનને ભાવસભર વિદાય

ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસમાં નવા વર્ષના આગમન પૂર્વે લોકોને કરોડોના વિકાસકાર્યોની ભેટ આપનાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અમદાવાદ એરપોર્ટ પર ભાવસભર વિદાય આપવામાં આવી હતી. વડાપ્રધાનશ્રીને અમદાવાદ એરપોર્ટ પર વિદાયમાન આપવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, તેમજ પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદ શ્રી. સી. આર. પાટીલ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, ડીજીપી શ્રી આશિષ ભાટિયા, કલેકટર શ્રી સંદીપ સાગલે, મેયર શ્રી કિરીટ પરમાર, શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

જે અગાઉ વડાપ્રધાનશ્રીએ જામનગરની મહેમાનગતિ માણી હતી. જામનગર એરફોર્સથી વડાપ્રધાનશ્રી જામકંડોરણા જવા રવાના થયા ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સાંસદ શ્રી સી.આર.પાટીલ, સહિતના મહાનુભાવોએ ભાવભેર વિદાય આપી હતી.

# સુરતમાં '૩૬મી નેશનલ ગેમ્સ - ૨૦૨૨'નું ભવ્યાતિભવ્ય સમાપન




ગુજરાત ૩૬મી નેશનલ ગેમ્સનું યજમાન બન્યું. ખૂબ જ ટૂંકા ગાળામાં ગુજરાતના ૬ જિલ્લામાં અલગ અલગ રમતોનું સફળતાપૂર્વક આયોજન થયું. જેમાં રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ ગુજરાતના મહેમાન બન્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ખેલો ઈન્ડિયા' તેમજ 'ફીટ ઈન્ડિયા' અભિયાનને સાકાર કરતા '૩૬મી નેશનલ ગેમ્સ'નો સમાપન કાર્યક્રમ ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ, લોકસભા સ્પીકર શ્રી ઓમ બિરલા, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સુરત ખાતે યોજાયો હતો.

આ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિશ્રીના હસ્તે બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ તરીકે મહારાષ્ટ્રને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી, જ્યારે મેન્સ અને વિમેન્સ વિભાગ માટે ઓવરઓલ ઈન્ડિવિડ્યુઅલ ટ્રોફી એનાયત કરાઈ હતી. ઉપરાંત રાજા ભલિન્દ્ર સિંહના સન્માનમાં આપવામાં આવતી ભારતીય ઓલિમ્પિક સંઘ ટ્રોફી 'સર્વિસીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ'ને એનાયત કરવામાં આવી હતી. સાથોસાથ ભારતીય ઓલિમ્પિક સંઘના સેક્રેટરી જનરલ શ્રી રાજીવ મહેતાએ આગામી નેશનલ ગેમ્સના યજમાન ગોવાના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત ગોવાના રમતગમત મંત્રી શ્રી ગોવિંદ ગૌડેને યજમાની માટે ભારતીય ઓલિમ્પિક સંઘનો ધ્વજ અર્પણ કર્યો હતો.

### ૩૬મી નેશનલ ગેમ્સ'ની ઝલક

- **૩૬ જેટલાં રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશના ૭૫૦૦ જેટલા ખેલાડીઓએ ૩૬ પ્રકારની રમતોમાં ભાગ લીધો.**
- **કુલ ૧૧૦૦ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ માટે હરીફાઈ.**
- **આ મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટમાં ૨૦૦૦ ટેકનિકલ સ્ટાફ અને ૨૫૦૦ થી વધુ વોલેન્ટિયર્સ મદદરૂપ થયા.**
- **આ ગેમ્સમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે શાળા-કોલેજના ૫૦ લાખ વિદ્યાર્થીઓ-યુવાનો જોડાયા.**

૩૬મી નેશનલ ગેમ્સના સમાપન સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડે જણાવ્યું હતું કે, 'માત્ર ૩ મહિનામાં નેશનલ ગેમ્સનું સફળતાપૂર્વક આયોજન કરીને ગુજરાતે પોતાની અપ્રતિમ ક્ષમતા સાબિત કરી છે, એટલે જ ગુજરાતની માટીમાં કંઈક તો છે જેનો પરચો દુનિયાભરને અવારનવાર થતો રહે છે. ગુજરાતનું આ સફળ આયોજન ભારત હવે ઓલિમ્પિક ગેમ્સ યોજવા સક્ષમ હોવાની સાબિતી પૂરી પાડે છે"

સ્પોર્ટ્સમેન સ્પિરિટ એ રમતગમતની આગવી ભાવના છે, જે રમતવીરોને અન્ય કરતા અલગ પાડે છે એમ જણાવી શ્રી ધનખડે રમતગમતમાં જીત અને હારને ક્યારેય આખરી ન માનતાં સતત આગળ વધવા, લક્ષ્યને આંબવાની મક્કમતાને વળગી રહેવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલાએ જણાવ્યું હતું કે, ખેલકૂદના મેદાનમાં રમતવીરોને નવી ઊર્જા અને શક્તિ મળતી હોય છે. આ ઊર્જા જ તેમના જીવનમાં નવા જોમ-જુસ્સા સાથે આગળ વધવાની પ્રેરણા આપતી હોય છે. 'ફિટ ઈન્ડિયા', 'ખેલો ઈન્ડિયા' કેમ્પેઈનના માધ્યમથી દેશ અને દુનિયામાં પરંપરાગત અને આધુનિક રમતોમાં ભારતના ખેલાડીઓએ પોતાની ક્ષમતાઓ દર્શાવી છે.

નેશનલ ગેમ્સ જેવી સ્પર્ધાઓ દુનિયામાં ભારતના ગૌરવ અને સન્માન વધારશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના ખૂણે ખૂણેથી ગુજરાત આવેલા ખેલાડીઓ નેશનલ ગેમ્સમાં રમ્યા એટલું જ નહીં, ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિના રંગે રંગાઈને નવલી નવરાત્રિમાં ઉત્સાહથી ગરબે પણ ઘૂમ્યા, જે યાદગાર સંભારણું બની રહેશે.





ગુજરાતની ધરતી પર સૌપ્રથમ વાર યોજાયેલી નેશનલ ગેમ્સની સફળતા બદલ સૌનો આભાર વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માત્ર ૯૦ દિવસમાં નેશનલ ગેમ્સનું આયોજન પાર પાડવું એ એક કપરું કાર્ય હતું, પરંતુ વડાપ્રધાનશ્રીએ પડકારો, આફતોને અવસરમાં બદલવાની કાર્ય સંસ્કૃતિ વિકસાવી છે, જેને અનુસરીને પડકારને ઝીલ્યો અને સફળતા આપણી સામે છે.

**36મી નેશનલ ગેમ્સ - 2022માં ગુજરાતે જીતેલા મેડલ**

| રમત | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| એક્વાટિક્સ | 3 | 6 | 2 | 11 |
| આર્ચરી | 0 | 1 | 2 | 3 |
| બેડમિન્ટન | 0 | 0 | 2 | 2 |
| બીચ સ્પોર્ટ્સ | 0 | 1 | 0 | 1 |
| બોક્સિંગ | 0 | 0 | 2 | 2 |
| કેનોઈંગ | 0 | 1 | 0 | 1 |
| જુડો | 0 | 0 | 2 | 2 |
| મલખ્ખંભ | 0 | 0 | 1 | 1 |
| નેટબોલ | 0 | 0 | 1 | 1 |
| રોલર સ્પોર્ટ્સ | 0 | 1 | 0 | 1 |
| શુટિંગ | 1 | 0 | 0 | 1 |
| સોફ્ટ ટેનિસ | 1 | 2 | 2 | 5 |
| ટેબલ ટેનિસ | 3 | 0 | 3 | 6 |
| ટેનિસ | 2 | 1 | 2 | 5 |
| ટ્રાઈથ્લોન | 1 | 1 | 0 | 2 |
| રેસલીંગ | 0 | 0 | 1 | 1 |
| યોગાસન | 2 | 1 | 1 | 4 |
| કુલ મેડલ્સ | 13 | 15 | 21 | 49 |

તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાતે આંતરરાષ્ટ્રીય સ્તરનું મજબૂત સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની યાત્રા શરૂ કરી, જેનાથી રાજ્યના યુવાધનને ખૂબ જ ટૂંકા ગાળામાં વિવિધ રમતો માટે તૈયાર કરવામાં મદદ મળી અને આજે રાજ્યનું યુવાધન સ્પોર્ટ્સમાં અવ્વલ બની રહ્યું છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

રમતગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, નેશનલ ગેમ્સ જેવી મેગા ઈવેન્ટ યોજવા માટે સામાન્ય રીતે બે વર્ષ જેવો સમય લાગતો હોય છે, ત્યારે ગુજરાતે માત્ર ૯૦ દિવસમાં જ નેશનલ ગેમ્સની તૈયારીઓ પૂર્ણ કરીને ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે.

આ ઉપરાંત કોઈ પણ રાષ્ટ્રીય સ્પોર્ટ્સ એસોસિએશનો, ફેડરેશન્સને ગુજરાતમાં મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટ યોજવા માટે રાજ્ય સરકારના દરવાજા હંમેશ માટે ખુલ્લા હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી શ્રી દર્શનાબહેન જરદોશ, નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, વાહનવ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, કુટિર ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદ સર્વ શ્રી પ્રભુભાઈ વસાવા, સી.આર.પાટીલ, રમતગમત વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમાર, ધારાસભ્યોશ્રીઓ, ઈન્ડિયન ઓલિમ્પિક એસો., સ્પોર્ટ્સ ફેડરેશનના પ્રતિનિધિઓ, રમતગમત વિભાગના અધિકારીઓ, ખેલાડીઓ અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

36મી નેશનલ ગેમ્સ અંતર્ગત ગુજરાતમાં રાજકોટ, ભાવનગર,

સુરત, અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા ખાતે વિવિધ ગેમ્સ યોજાઈ હતી. આ ગેમ્સમાં દેશભરના ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ ગેમ્સની એવોર્ડ સેરેમનીમાં હાજર રહી મંત્રીશ્રીઓએ વિજેતા ખેલાડીઓને મેડલ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

**તલવારબાજી- મલ્લખંભ :** ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી ફેન્સિંગ-તલવારબાજીમાં વિજેતા ખેલાડી ભાઈ-બહેનોનું કાયદા અને ન્યાયમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ મેડલ-મોમેન્ટો આપી



સન્માન કર્યું હતું. મંત્રીશ્રીએ વિજેતા ટીમોને અભિનંદન આપી, આગામી રમતમાં વધુ સફળતા માટે શુભેચ્છાઓ આપી હતી. આ ઉપરાંત મંત્રીશ્રીએ અમદાવાદ ખાતે યોજાયેલી મલ્લખંભ રમતની મેડલ્સ સેરેમનીમાં ઉપસ્થિત રહી વિજેતા રમતવીરોને મેડલ્સ એનાયત કર્યા હતા. મંત્રીશ્રીએ સૌ વિજેતા પ્રાપ્ત ખેલાડીઓને અદ્ભુત પર્ફોર્મન્સ માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આ તકે મંત્રીશ્રીએ ખેલાડીઓને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભવ્ય રીતે નેશનલ ગેમ્સ-૨૦૨૨નું આયોજન થયું છે અને સરકારના સફળ પ્રયત્નો થકી અને સૌના સહકારથી આપણે રાષ્ટ્રીય રમતોત્સવનું ખૂબ સારી રીતે આયોજન કરી શકયા છીએ.

**હોકી :** રાજકોટ ખાતે હોકીની ફાઈનલ મેચ અને મેડલ સેરેમની સાથે નેશનલ ગેમ્સનું શાનદાર સમાપન થયું હતું. વિજેતા ટીમોને શિક્ષણ



મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી સહિતના મહાનુભાવોના હસ્તે મેડલ એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

**ટેનિસ :** સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર ૩૬મી નેશનલ ગેમ્સ અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ચાલી રહેલી વિવિધ રમતોના દિનાંતે મેડલ સેરેમની ઉપસ્થિત રહ્યાં હતાં. ટેનિસની વિજેતા ટીમો અને ખેલાડીઓને મંત્રીશ્રીએ મેડલ



એનાયત કર્યા હતા, તેમજ રમતગમત ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી હતી.

**આર્ચરી :** ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે આર્ચરીના રીકર્વ રાઉન્ડમાં વિજેતા ખેલાડીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે ઈનામ વિતરણ સમારોહ પ્રસંગે ખેલાડીઓને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, નેશનલ ગેમ્સમાં ભાગ લઈ રહેલા તમામ પ્લેયર્સને ઉત્તમ સુવિધા પ્રાપ્ત



થાય તે માટે ગુજરાત સરકારે સફળ પ્રયત્નો કર્યા છે ઉપરાંત મંત્રીશ્રીએ રીકર્વ આર્ચરી ગેમ્સના વિજેતા ખેલાડીઓને અભિનંદન પણ પાઠવ્યા હતા. આર્ચરીના કમ્પાઉન્ડ રાઉન્ડની વિજેતા ટીમ અને ખેલાડીઓને કુટિર ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે મેડલ્સ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે ખૂબ જ ટૂંકા સમયમાં નેશનલ ગેમ્સ-૨૦૨૨નું આયોજન કર્યું છે અને ૭ વર્ષ બાદ નેશનલ ગેમ્સનું આયોજન થયું છે, આપણે સૌ ઉત્સાહિત છીએ. આ ઉપરાંત તેમણે ખેલાડીઓને ભવિષ્ય માટે શુભેચ્છા પણ પાઠવી હતી.

**યોગ :** અમદાવાદ ખાતે યોજાયેલી યોગ સ્પર્ધામાં વિજેતા થયેલા ખેલાડીઓને સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે મેડલ એનાયત કરાયા હતા. મેડલ એનાયત સમારંભમાં ઉપસ્થિતિ ઉપરાંત મંત્રીશ્રીએ ટ્રાન્સસ્ટેડિયા ખાતે રમાઈ રહેલી ફૂટબોલ મેચના ખેલાડીઓ



સાથે પણ રૂબરૂ મુલાકાત લઈને રમત માટે પ્રોત્સાહિત કરીને સફળતા માટે શુભેચ્છાઓ આપી હતી. મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ૩૬મી નેશનલ ગેમ્સ અંતગર્ત ટ્રાન્સ્ટેડિયા ખાતે યોજાઈ રહેલી યોગની સ્પર્ધાને રસપૂર્વક નિહાળી હતી.

**એક્વાટિક-સ્વિમિંગ :** ૩૬મા રાષ્ટ્રીય ખેલ અંતર્ગત રાજકોટમાં સ્વિમિંગની વિવિધ સ્પર્ધાઓમાં નવા બે રેકોર્ડ સર્જાયા હતા. ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ મહિલાઓની સ્પર્ધામાં ગુજરાતની માના પટેલને સિલ્વર મેડલ પ્રાપ્ત થયો હતો. વિજેતા ખેલાડીઓને રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ અને મેયરશ્રી પ્રદિપભાઈ ડવે ચંદ્રકો એનાયત કર્યા હતા. રાજકોટમાં ગુજરાતની માના પટેલે ૫૦ મીટર બેક સ્ટ્રોક સ્પર્ધા ૨૯.૭૭ સેકન્ડમાં પૂર્ણ કરીને નવા નેશનલ ગેમ્સ રેકોર્ડ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. પશુપાલન રાજ્ય મંત્રી શ્રી દેવાભાઈ માલમના હસ્તે તરણની સ્પર્ધાઓના વિજેતાઓને ચંદ્રક એનાયત કરાયા હતા.



**બેડમિન્ટન :** સુરતમાં યોજાએલી બેડમિન્ટન સ્પર્ધાના અંતિમ દિને શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયાના અધ્યક્ષસ્થાને બેડમિન્ટન સ્પર્ધાનો સમાપન સમારોહ યોજાયો હતો. જેમાં મંત્રીશ્રીના હસ્તે બેડમિન્ટનના વિજેતા સ્પર્ધકોને મેડલો એનાયત કરાયા હતા. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના યુવાધનમાં વૈશ્વિક સ્તરે સ્પોર્ટ્સ હરિફાઈ કરવાની ક્ષમતા છે. 'ખેલો ઈન્ડિયા' અને 'નેશનલ ગેમ્સ' આ વાતને ચરિતાર્થ કરે છે. ●





## સાયક્લિંગ સ્પર્ધાનો પ્રારંભ કરાવતા મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી

રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ગાંધીનગરના ચ-૦ સર્કલ ખાતેથી ૧૧૯ કિલોમીટર પુરુષ ગ્રૂપ સાઇક્લિંગ સ્પર્ધાને ધ્વજ ફરકાવીને પ્રસ્થાન કરાવ્યું હતું જેને લઈને ખેલાડીઓના ઉત્સાહમાં વધારો થયો હતો. આ ઉપરાંત ૩૬ મી નેશનલ ગેમ્સ અંતર્ગત મહાત્મા મંદિર ખાતે યોજાયેલી બોક્સિંગ અંતર્ગત ભાગ લઈ રહેલા વિવિધ રાજ્યોના ખેલાડીને બોક્સિંગ રિંગ સુધી જઈને સફળતા માટે શુભેચ્છાઓ આપી હતી, તેમજ તેમની રમતને રસપૂર્વક નિહાળીને તેમનો જુસ્સો વધાર્યો હતો. તેમજ મંત્રીશ્રીએ મહાત્મા મંદિર ખાતે રમાયેલી જૂડો અને વૂશુને રસપૂર્વક નિહાળીને ગુજરાતના મહેમાન બનેલાં વિવિધ રાજ્યોના ખેલાડીઓનો જુસ્સો વધાર્યો હતો. તેમજ આ તકે તેમણે જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રમત ક્ષેત્રના વિઝનને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના સતત માર્ગદર્શનમાં માત્ર ૯૦ દિવસના ટૂંકા ગાળામાં નેશનલ ગેમ્સનું સફળ આયોજન કરીને ગુજરાતે નવો ઈતિહાસ રચ્યો છે.





# કર્ણાટક દર્શન : ૨૦૨૨

કર્ણાટક સંઘ-અમદાવાદની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે 'કર્ણાટક દર્શન ૨૦૨૨'નો શુભારંભ અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં થયો હતો.




આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, હેરિટેજ સિટી અમદાવાદના આંગણે આયોજિત કર્ણાટક દર્શન- ૨૦૨૨ના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહીને આનંદની લાગણી અનુભવું છું. દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં થવાની સાથે જ કર્ણાટક સંઘ-અમદાવાદની પણ ૭૫મી વર્ષગાંઠ છે જે એક સુખદ યોગાનુયોગ છે. આઝાદી પછી આટલાં વર્ષે આપણને એવું સબળ નેતૃત્વ મળ્યું છે કે, આજે આપણે બધા પોતાનું ગામ, પોતાનું શહેર કે પોતાના રાજ્ય કરતાં પોતાના દેશને વધુ મહત્ત્વ આપીએ છીએ અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના સાકાર કરી રહ્યા છીએ. કર્ણાટકથી વર્ષો પહેલાં આવીને અહીં વસેલા લોકો અહીંયાં દૂધમાં સાકર ભળે એમ ભળી ગયા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં હંમેશાં દરેક રાજ્ય એક થઈને દેશની વિકાસયાત્રામાં સહભાગી બને એ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો સતત પ્રયત્નશીલ રહે છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ખૂબ જ ટૂંકા ગાળામાં રાજ્યએ દેશભરના રમતવીરોને ઉચ્ચ કક્ષાની સુવિધાઓ પૂરી પાડીને નેશનલ ગેમ્સનું સફળ આયોજન કર્યું છે, જે ગુજરાતના ડેવલપમેન્ટ મૉડલ અને સર્વાંગી વિકાસને લીધે શક્ય બન્યું છે.

કોવિડ પછી દુનિયાના ઘણા મોટા દેશોનાં અર્થતંત્ર મુશ્કેલીમાં મુકાયાં હતાં, પણ આજે આપણું અર્થતંત્ર નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિશ્વમાં છઠ્ઠા સ્થાનેથી પાંચમા સ્થાને આવી ગયું છે. ગુજરાત અને કર્ણાટકનો પણ દેશના અર્થતંત્રમાં નોંધપાત્ર ફાળો રહ્યો છે. આવનારા સમયમાં પણ બંને રાજ્યો આ જ રીતે એક થઈને દેશના વિકાસમાં સહભાગી થતા રહેશે.

આ પ્રસંગે કેન્દ્રીય સંસદીય બાબત તથા ખાણ ખનીજ મંત્રી શ્રી પ્રહ્લાદ જોશીએ જણાવ્યું હતુ કે, કર્ણાટક સ્વામી વિવેકાનંદ અને રામકૃષ્ણ પરમહંસની ભૂમિ છે. કર્ણાટકના વિકાસમાં ગુજરાતીઓ પણ મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનના લીધે જ આજે દેશ વૈશ્વિક અર્થતંત્રમાં પાંચમા સ્થાને પહોંચ્યું છે, જેમાં ગુજરાત અને કર્ણાટક બંનેનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે.

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, કર્ણાટક સંઘ તેનાં ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યો છે ત્યારે સમગ્ર દેશ પણ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. ભલે આપણે બધા અલગ અલગ રાજ્ય કે શહેરમાં ધંધારોજગાર માટે વસ્યા હોઈએ, આપણે સૌએ એકસાથે સહભાગી થઈને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું આગવું દૃશ્ય પ્રસ્તુત કર્યું, જે સમગ્ર વિશ્વએ નિહાળ્યું.

આઝાદી સમયે અમદાવાદમાં ૧૦૦થી વધુ ટેક્સટાઇલ મિલો હતી, જેમાં કામ કરવા કર્ણાટકમાંથી ઘણા લોકો આવીને વસ્યા હતા. આજે આ બધા જ લોકો કર્ણાટકના ઓછા અને ગુજરાતી વધુ બની ગયા છે. આજે તેઓ 'સવાયા ગુજરાતી' બની ગયા છે. આજે ગુજરાતમાં ટેક્સટાઇલ, શિક્ષણ, બેન્કિંગ, સોફ્ટવેર જેવાં વિવિધ ક્ષેત્રે જ લાખથી વધુ કર્ણાટકના લોકો ગુજરાતના વિકાસમાં પોતાનું યોગદાન અર્પણ કરી રહ્યા છે. એ જ રીતે ગુજરાતના યુવાનો પણ આજે મોટી સંખ્યામાં શિક્ષણ માટે કર્ણાટકમાં જાય છે. ગુજરાત અને કર્ણાટકની આ નંબર ૧ જોડી છે. ગુજરાતમાં વસેલા તમામ અન્ય રાજ્યોના પ્રજાજનો ૨૦૦૨થી ગુજરાતના સંઘર્ષ અને સાહસની વિકાસયાત્રામાં સહભાગી બન્યા છે અને ગુજરાતના વિકાસરથની યાત્રાના સારથિ રહ્યા છે. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં કર્ણાટક સંઘ, અમદાવાદ-ગુજરાતના અધ્યક્ષ શ્રી હનુમંત બેન્નુરે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૫ લાખથી વધુ કર્ણાટકના લોકો વસી રહ્યા છે. ગુજરાતમાં તેમને હરહંમેશ પોતીકાપણું લાગ્યું છે.

આ પ્રસંગે કર્ણાટક સરકારના મોટા અને મધ્યમ ઉદ્યોગ વિભાગના મંત્રી શ્રી મુરુગેશ.આર.નીરાણી, કર્ણાટકના સાંસદ શ્રી ઉમેશ જાદવ, સાંસદ શ્રી જગ્ગેશ શિવલિંગપ્પા, કર્ણાટકના રાજ્ય મંત્રી શ્રી થરાનુરાધા, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, કર્ણાટક સરકારના ધારાસભ્યશ્રીઓ, કર્ણાટક સંઘના સભ્યો - હોદ્દેદારો, તેમજ મોટી સંખ્યામાં રાજ્યમાં વસતા કર્ણાટકના પ્રજાજનો તેમજ કર્ણાટક સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●



## ડબલ એન્જિનવાળી સરકારના મક્કમ નિર્ણયોના અસરકારક અમલીકરણથી

# પંચાયતી રાજ અને ગ્રામ વિકાસને મળ્યું નવું બળ

સમીર રામી

"ગ્રામસ્વરાજના સ્વપ્નને સિદ્ધ કરવા પંચાયતી રાજ વ્યવસ્થા એક મહત્ત્વનો ભાગ છે અને આ વ્યવસ્થાને સાકાર કરવાનું, દિશા આપવાનું કામ, પરિવર્તન કરવાનો પ્રયાસ, ગતિ આપવાનું કામ તમે સૌ ચૂંટાયેલા સભ્યો, સરપંચો કરી રહ્યા છો તેનો મને વિશ્વાસ છે કે પૂ.બાપુના સ્વપ્નને પૂરાં કરવા ગુજરાતની પંચાયત રાજ વ્યવસ્થા દેશ માટે એક પ્રેરક બનશે. ચૂંટાયેલ સભ્યો એક સાથે બેસી ગુજરાતના ઉજ્જવળ ભવિષ્ય માટે ચર્ચા કરે તેનાથી મોટો અવસર ન હોય." આ શબ્દો ગત તા.૧૧મી માર્ચ, ૨૦૨૨ના રોજ અમદાવાદમાં યોજાયેલા પંચાયત મહાસંમેલન દરમિયાન ગુજરાતના ગામેગામથી ઊમટી પડેલા સરપંચોને સંબોધતાં દેશના લોકલાડીલા અને દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યા હતા. આપણે સૌ જાણીએ છીએ કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ "ગામને ગ્રામ સ્વરાજનું પાયાનું એકમ" કહ્યું હતું. ગુજરાતમાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઊર્જાવાન સરકારમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાના માળખાને સુદૃઢ અને મજબૂત બનાવવા માટે જે નિર્ણયો લેવામાં આવ્યા અને તેનું જે રીતે અસરકારક અમલીકરણ કરાયું તેના પરિપાકરૂપે પંચાયતીરાજ અને ગ્રામવિકાસને ગુજરાતમાં નવું બળ મળ્યું છે.

### પંચાયતી રાજમાં પર્યાપ્ત મહેકમ

અસાધારણ વહીવટી કુનેહ ધરાવતા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક વર્ષમાં જ પંચાયતી રાજ થકી ગ્રામવિકાસને વેગ આપવા જે અગત્યનાં પગલાં લીધાં છે તે આવનારા સમયમાં ગુજરાતના અર્બનાઈઝેશનને નવી ઊંચાઈએ લઈ જશે તેવું પ્રતીત થાય છે. આ પગલાંઓમાં પંચાયતી સંખ્યાઓમાં મહેકમની ભરતી, નવીન ગ્રામ પંચાયત ઘરના નિર્માણ કે પુન:નિર્માણ, છેવાડાના માનવી સુધી સરકારી યોજના અને સુવિધાઓના લાભો પહોંચે તે હેતુસર ગ્રામ પંચાયત વિભાજન, સંવાદિતા સાથેના સુમેળભર્યા સમાજનિર્માણ માટે સમરસ ગ્રામયોજના, શહેરી વિકાસસત્તા મંડળ હેઠળનાં ગામોમાં ડોર-ટુ-ડોર કલેક્શન, રેકર્ડ ડિજિટ્લાઈઝેશન, ગરીબ કલ્યાણ મેળાનાં આયોજનો, ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના, સોલાર રૂફટોપ, ૧૫મા નાણાં પંચની ગ્રાન્ટ અને સોફ્ટવેર વગેરે બાબતોને આવરી લેતા નિર્ણયો કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પંચાયત રાજ્ય મંત્રી








શ્રી બ્રિજેશભાઈ મેરજાએ એક મહત્ત્વનું કદમ ઉઠાવ્યું. ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થામાં કરોડરજ્જુ સમાન તાલુકા પંચાયતના વહીવટી વડા એવા તાલુકા વિકાસ અધિકારીની પ્રથમવાર ૧૦૦ ટકા જગ્યાઓ ભરવામાં આવી છે. આ એક ઐતિહાસિક પગલું ગણી શકાય. રાજ્યમાં એકસૂત્રતાથી ભરતી પ્રક્રિયા થઈ શકે તે માટે ૩૩ જિલ્લાઓની જિલ્લા પંચાયત સેવા સમિતિઓને રદ કરીને તેની સત્તા ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને આપવામાં આવી. વર્ગ-૩ની વિવિધ ૧૭ સંવર્ગની ૧૩ હજારથી વધુ જગ્યાઓની સીધી ભરતીની જાહેરાત પ્રસિદ્ધ કરીને ૧૫ સંવર્ગની પરીક્ષાઓ લેવાઈ જ્યારે ૧૩ સંવર્ગનાં પરીક્ષાઓના આખરી પરિણામ પણ બહાર પડી ગયાં છે.

## સત્તાનું વિકેન્દ્રીકરણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઊર્જાવાન સરકાર દ્વારા ગ્રામ સ્વરાજની અસરકારકતા વધારવા સત્તાના વિકેન્દ્રીકરણ અંતર્ગત રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને નવાં પંચાયત ઘરો માટે હકારાત્મક અભિગમ સાથે મનરેગા યોજના હેઠળ જર્જરિત અને ઘરવિહોણી ગ્રામ પંચાયતોનાં મકાનોનું બાંધકામ ઝડપથી હાથ ધરવાનો નિર્ણય કરીને તે માટે જરૂરી સૈદ્ધાંતિક અને વહીવટી મંજૂરી આપવાની સત્તા જિલ્લા વિકાસ અધિકારીઓને આપવામાં આવી છે. પંચાયત મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા દ્વારા કરાયેલી આ પહેલથી અંદાજે ૨૭૦૦ જેટલી ગ્રામ પંચાયતોનાં નવીન મકાન બનાવવાની કાર્યવાહી એક સાથે હાથ ધરાઈ. જે પૈકી ૧૨૮૫ ગ્રામ પંચાયતોનાં કામ પ્રગતિ હેઠળ છે. પંચાયત મંત્રીશ્રીએ રાજ્યના આદિજાતિ વિસ્તારો તેમજ અંતરિયાળ વિસ્તારોનો સમાવેશ કરીને કુલ ૨૫૪ ગ્રામ પંચાયતોનું નિયમાનુસાર વિભાજન કરીને નવી ૩૧૦ ગ્રામ પંચાયતોની રચના કરી છે. આ વિભાજનના કારણે ગ્રામીણ નાગરિકોને સરકારની લોકહિતની યોજનાઓના લાભો સરળતાથી મળવા લાગ્યાં અને સ્થાનિક કક્ષાએ વહીવટમાં પણ અસરકારકતા વધવા પામી છે. વળી, ગ્રામ્યકક્ષાએ સંવાદિતા અને સુમેળભર્યું વાતાવરણ સર્જાય તે માટે વધુમાં વધુ ગ્રામ પંચાયતો સમરસ બને તે માટે પંચાયતોને હયાત અનુદાનની રકમમાં દોઢ ગણો વધારો કરી ૧૧૮૩ ગ્રામ પંચાયતોને માત્ર ૧૦ જ દિવસમાં રૂ. ૬૨.૩૬ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. વરસાદી પાણીના સંગ્રહ માટે ગ્રામ્ય કક્ષાએ ૮,૯૧૧ જેટલા ચેકડેમો, ૭,૮૯૩ જેટલી ખેત તલાવડી કે બોરીબંધ બાંધવામાં આવ્યાં છે, ખરપગા તથા પશુ રોગોથી બચાવવા માટે ૭૩.૬૧ લાખ પશુઓને રસીકરણ કરાયું છે અને ગામોમાં ૭.૦૮ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યાં છે.

## વેરાની ઉઘરાણીમાં અસરકારકતા અને સુચારુ વહીવટ

રાજ્યની આઠ મહાનગરપાલિકા વિસ્તારની હદની આજુબાજુમાં પાંચ કિમી આઉટગ્રોથ વિસ્તારની સફાઈ યોગ્ય રીતે થાય તે માટે સભાનતા, જાગૃતિ અને વ્યવસ્થાપન શક્તિ કેળવી ગ્રામ્ય તથા નગરપાલિકા વિસ્તારના રસ્તાઓની તેમજ જાહેર સ્થળોની સફાઈ દ્વારા એકઠો થયેલ કચરો અને નિયત



થયેલ એજન્સીઓ મારફતે ડોર ટુ ડોર કચરાનું એકત્રીકરણ કરી તેને નજીકની મહાનગરપાલિકાની નિયત લેન્ડફિલ સાઇટ સુધી પહોંચાડવા વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં રૂ. ૭૫ કરોડની જોગવાઇ કરીને રાજ્ય સરકારે દુરંદેશી વહીવટી ક્ષમતાનો પરિચય આપ્યો છે. વહીવટી રેકર્ડને કાયમીરૂપે સાચવવા તેમજ સરકારના ઇ-પોર્ટલ સાથે સંકલિત બહોળો ઉપયોગ કરવા સારુ રેકર્ડના ડિજિટલાઇઝેશન અંતર્ગત ૨૬ જિલ્લા અને ૧૯ તાલુકામાં ૧.૩૫ લાખથી વધુ ફાઇલો ડિજિટલાઇઝ કરવામાં આવી ચૂકી છે.

ગ્રામ પંચાયતોએ ઉઘરાવેલા સફાઈવેરા સિવાય ઘરવેરા, પાણીવેરા, દીવાબત્તી વેરાની ચાલુ વર્ષના માગણા સામે ૮૦ ટકાથી વધુ વસૂલાત કરનાર ગ્રામ પંચાયતોને ૫૦ ટકા પ્રોત્સાહન રકમ અને વધુમાં વધુ રૂ. પાંચ લાખ તે બંનેમાંથી જે ઓછું હોય તે ફાળવવામાં આવે છે, જે માટે રાજ્ય સરકારે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નવરચિત સરકાર દ્વારા ૨૦ જિલ્લાઓની ૧૭૭૮ ગ્રામ પંચાયતોને કુલ રૂ.૧૦.૩૦ કરોડ જેટલી રકમ ફાળવી દેવામાં આવી છે.

### મોઢેરા- દેશનું સૌર-ઊર્જા સંચાલિત પ્રથમ ગામ

મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્યમંદિર અને નગરના સોલારાઇઝેશન ગામ સુજ્જનપુરા ખાતે સ્થાપિત બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ સાથે સંકલિત સોલાર પાવર પ્રોજેક્ટ દ્વારા મોઢેરા નગરને ચોવીસ કલાક (૨૪ x ૭) સૌર ઊર્જા પૂરી પાડવા માટે ભારત સરકાર અને ગુજરાત સરકારે પ્રોજેક્ટ ઘડ્યો છે. મોઢેરા ગામ હવે સૌરઊર્જાને શક્તિમાં રૂપાંતરિત કરીને સૂર્યની અગાઉ ક્યારેય અનુભવાયેલી ન હોય તેવી ઊર્જાથી ઉત્સાહિત છે. આખું મોઢેરા ગામ હવે પરંપરાગત કોલસા આધારિત વીજળીના ભારણમાંથી મુક્ત થઈ ગયું છે અને તે રીતે સૌર ઊર્જાનો ઉપયોગ કરે છે.

### ગરીબ કલ્યાણ મેળાઓ

ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન વચેટિયાઓનું વર્ચસ્વ નાબૂદ કરી ગરીબોને પૂરેપૂરો લાભ આપવાના નિર્ધાર સાથે વર્ષ ૨૦૦૯માં ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરી હતી. અત્યાર સુધીમાં ૧૨ તબક્કાઓમાં યોજાયેલા કુલ ૧૫૬૯ મેળાઓમાં ૧.૭૫ કરોડથી વધુ લાભાર્થીઓને રૂ.૩૪ હજાર કરોડથી વધુની સહાય મળી છે. જે અંતર્ગત અનુસૂચિત જાતિના ૧૬ લાખથી વધુ લાભાર્થી, અનુસૂચિત જનજાતિના ૩૮ લાખથી વધુ તેમજ 75 લાખથી વધુ મહિલાઓને સહાય આપવામાં આવી છે.

## ગુજરાતના ગામેગામ થયેલા વિકાસની ઝલક

- **વરસાદી પાણીના સંગ્રહ માટે ૮,૯૧૧ જેટલા ચેકડેમ બાંધવામાં આવ્યા.**
- **પાણીના સંગ્રહ માટે ૭,૮૯૩ જેટલી ખેત તલાવડી/બોરી બંધ બાંધવામાં આવ્યાં.**
- **ગ્રામ્ય કક્ષાએ ૧,૭૫,૬૬૪ જેટલા LED બલ્બનો ઉપયોગ શરૂ કરાયો.**
- **ગામોમાં ૭,૦૮,૬૯૫ જેટલાં વૃક્ષોનું વાવેતર કરાયું.**
- **ખરપગા તથા પશુ રોગોથી બચાવવા માટે ૭૩.૬૧ લાખ પશુઓનું રસીકરણ કરાયું.**
- **રાજ્યના ૧,૩૬,૮૪૮ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીને અપનાવી.**
- **રાજ્યનાં ગામડાઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન.**
- **અત્યાર સુધીમાં ૭,૨૧૪ ગામોના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ.**
- **રાજ્યનાં ૪૪,૩૬૫ ગામડાઓમાં પ્રભાતફેરીનું આયોજન કરાયું.**
- **રાજ્યની ૮,૩૨૩ જેટલી શાળાઓના સ્થાપના દિવસની ઉજવણી કરાઇ.**
- **ગામોમાંવસતા નિવૃત્ત સરકારી કર્મચારીઓ-અધિકારીઓ સાથે ગ્રામ વિકાસ માટે ૧૦,૬૭૬ મિટિંગો યોજાઇ.**
- **વર્ષ-૨૦૦૧થી તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ લોકનાયક જયપ્રકાશ નારાયણજીની જન્મતિથિ તા.૧૧મી ઑક્ટોબર ૨૦૧૧ના રોજથી ગુજરાતમાં ગ્રામ સભાઓ દ્વારા અસરકારક કામગીરી શરૂ કરાઇ છે.**

## આધુનિક સુવિધાઓયુક્ત "પંચાયત ભવન"

પંચાયત રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાની સીધી દેખરેખ હેઠળ ગ્રામ પંચાયતના અત્યાધુનિક "પંચાયત ભવન"ના નિર્માણ સાથે તેમાં અદ્યતન સુવિધાઓ મળી રહે તેની ગુજરાત સરકારે તકેદારી રાખી છે. ૮૦થી ૯૦ ટકા વીજળીની બચત કરતી સોલાર રૂફટોપ સિસ્ટમ માટે કુલ ૧૩૬૬ ગ્રામ પંચાયત ભવનને રૂ. ૧૬.૫૬ કરોડથી વધુ, ૩૬ તાલુકા પંચાયતોને આશરે રૂ. ૨.૯૪ કરોડ અને ૬ જિલ્લા પંચાયત ભવનને રૂ. ૯૯.૩૦ લાખ ફાળવેલાં નાણાંથી જ નહીં, પરંતુ રાજ્યમાં સ્માર્ટ ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત રાજ્યમાં કુલ ૨૫૦ સ્માર્ટ ઇ-ગ્રામ કેન્દ્રો કાર્યરત કરીને તેના પરથી વધારાની સુવિધા તરીકે વોટર કુલર, સોલાર, આર.ઑ.સિસ્ટમ, લેમિનેશન મશીન, ઝેરોક્ષ મશીન, પોર્ટેબલ પાવર સિસ્ટમ, આધાર કિટ, બેન્ચ વગેરેની ઊભી કરાયેલી સુવિધાઓ ઉપરથી આ ફલિત થાય છે. હવે એ દિવસો નથી કે સામાન્ય ગ્રામીણ વ્યક્તિને તેના અગત્યના દસ્તાવેજોની ઝેરોક્સ કોપી માટે નજીકના મોટા ગામ કે તાલુકા મથક સુધી લાંબા થવું પડે. અત્યારે ગ્રામ



પંચાયત ભવનો પર કુલ ૪૦૯૮ કિ.વો., તાલુકા પંચાયત ભવનો પર કુલ ૭૯૩ કિ.વો. તથા જિલ્લા પંચાયત ભવનો પર કુલ ૩૧૮ કિ.વો. સોલર પાવરની ક્ષમતા ઊભી કરાઇ છે. ૨૫ ટકા પંચાયત ભવનમાં સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ કરવામાં આવી ચૂકી છે જ્યારે બાકીની પંચાયતો માટે પણ આ કામ પ્રગતિ હેઠળ જ છે.

## ૧૫મા નાણાપંચનાં કાર્યોમાં પણ રાજ્ય સરકાર અસરકારક

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર તરફથી ૧૫માં નાણાપંચ અંતર્ગત આગામી પાંચ વર્ષમાં એટલે કે ૨૦૨૨-૨૬ સુધીમાં રાજ્યને રૂ.૧૫,૬૦૦ કરોડની માતબર રકમ મળવાની છે. જે પૈકી અત્યાર સુધી મળેલ રૂ. ૪,૩૭૬ કરોડની ગ્રાન્ટ તો રાજ્ય સરકાર દ્વારા પંચાયતોનાં ખાતાંમાં જમા પણ કરી દેવાઈ છે. ૧૫મા નાણાંપંચ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ રૂ. ૧,૧૨,૨૩૭ કાર્યો પૂર્ણ કરી દેવાયાં છે અને અન્ય કુલ ૫૪,૪૫૨ કાર્યો પ્રગતિ હેઠળ છે. કુલ ૧૪,૨૨૮ ગ્રામ પંચાયતો દ્વારા ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ મારફત કુલ ૧.૦૭ લાખથી વધુ વેપારીઓની નોંધણી કરીને ૩૪ હજારથી વધુ ડીએસસી મારફતે કુલ રૂ.૨,૦૬૦ કરોડની રકમના ઓનલાઈન ચુકવણાં કરી દેવાયાં છે જેને રાજ્ય સરકારની પારદર્શક કામગીરીનું પ્રત્યક્ષ ઉદાહરણ કહી શકાય.




જિલ્લા કે તાલુકા પંચાયતોમાં અનિયમિતતા કે ઉચાપતના કિસ્સા ન બને તે માટે સરકાર પગલાં લઈ રહી છે જે અંતર્ગત બદલીપાત્ર સંવર્ગ હોવાથી સ્થાનિક પરિબળોથી તે પ્રભાવિત થાય નહીં. વળી, જિલ્લા કે તાલુકા પંચાયતોના હિસાબો રિયલ ટાઈમ બેઝિક પર ડેશ બોર્ડના માધ્યમથી કોઈપણ કક્ષાએથી મોનીટર થઈ શકે તેવી સિસ્ટમ અને સોફ્ટવેરના કારણે હિસાબી મેળવણાંની પ્રક્રિયા સરળ બની છે. આ સાથે કર્મચારીઓનાં જીપીએફ, મકાન બાંધકામ પેશગી કે વાહન પેશગીના હિસાબો પણ નિયંત્રિત કરવા નવું સોફ્ટવેર બનાવાઈ રહ્યું છે. ●

(લેખક વરિષ્ઠ પત્રકાર છે)



### 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ની દિશામાં ગુજરાતનું એક આગવું કદમ

# ઉદ્યોગો માટે ''ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીઝ'' જાહેર કરતા મુખ્યમંત્રી




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવા અવસરે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આત્મનિર્ભર ભારતનું આહ્વાન કર્યુ છે. આ આહ્વાન ઝિલી લઇને આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે સહાય કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ''ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઇંન્ડસ્ટ્રીઝ'' પોલિસી ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં જાહેર કરી હતી.

વડાપ્રધાનશ્રીએ આગામી વર્ષ ૨૦૪૭માં દેશ આઝાદીની શતાબ્દી મનાવે ત્યાં સુધીમાં આત્મનિર્ભર ભારતનો કોલ સાકાર કરવાનું વિઝન આપ્યું છે. તેમણે આયાત પર નિર્ભરતા ઘટાડવા સાથે ઊર્જા સ્વનિર્ભરતા વધારવાનો અને કોરોના મહામારી પછીના સમયમાંથી વિશ્વ બહાર આવી રહ્યું છે, ત્યારે ગ્લોબલ સપ્લાય ચેઇનમાં ભારતનું વ્યૂહાત્મક સ્થાન બનાવવાનો ધ્યેય રાખ્યો છે.

વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ભારત વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે ઊભરી આવ્યું છે. આ તકનો લાભ લઇને ગુજરાત પણ ઉદ્યોગોને આકર્ષી સ્થાનિક ઉત્પાદનોને સહયોગ પૂરો પાડીને રોજગાર અને મેન્યૂફેક્ચરીંગ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરે તેવો આ સ્કીમ્સનો મૂળ આશય છે. મુખ્યમંત્રીશ્રીએ આ મહત્ત્વાકાંક્ષી યોજના અંગેની વિસ્તૃત વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાત ઉદ્યમિતા અને ઉદ્યોગ સાહસિકતાની ભૂમિ છે. દેશનું મેન્યુફેક્ચરિંગ હબ છે. ગુજરાત આવી અપાર ક્ષમતાઓને પરિણામે વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારત વિઝનને સાકાર કરવામાં આત્મનિર્ભર ગુજરાતથી લીડ લેવા સજ્જ છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ વિઝનને પાર પાડવા આવનારાં વર્ષોમાં દેશમાં વ્યૂહાત્મક અને થ્રસ્ટ એરિયાના ઉદ્યોગો, ઇન્ડસ્ટ્રીઝને જે વિશેષ સહાય-મદદ આવશ્યક છે તે પૂરી પાડવામાં આ સ્કીમ્સ ઉપયુક્ત બનશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ Cop-26 સમિટમાં 'પંચામૃત'નો વિચાર આપ્યો છે. આ વિચારને સુસંગત રહીને ઉદ્યોગોને ક્લિનર મેન્યૂફેક્ચરિંગ પ્રેક્ટીસિસ અને ડી કાર્બનાઇઝેશન ઇનિશ્યેટિવ અપનાવી વિશ્વ સાથે સ્પર્ધામાં ઊભા રહેવા માટે પ્રોત્સાહિત કરવા પણ આ સ્કીમ્સ જરૂરી છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

આ 'આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર ઇન્સેનટીવ્ઝ ટૂ ઇન્ડસ્ટ્રીઝ' દ્વારા રાજ્ય સરકારે ઉદ્યોગ સાહસિકોની ઉદ્યમિતા અને તેમની અપેક્ષાઓ, તેમના રોકાણના જોખમો ઓછાં કરી વધુ પ્રોત્સાહન આપવાનો ધ્યેય રાખ્યો છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું.

આ સ્કીમ્સ રાજ્યમાં ઉદ્યમીતા-ઉદ્યોગ સાહસિકતા માટે નવું વાતાવરણ સર્જવા સાથે યુવા સાહસિકોને ઇનોવેશન દ્વારા જોબ ક્રિએટર બનવા માટે પ્રેરિત કરશે અને વિશાળ સંખ્યામાં ક્વોલિટી જોબ ઓર્પોચ્યુનિટી ઊભી થશે. એટલું જ નહિ, MSME, લાર્જ અને મેગા એન્ટરપ્રાઇઝીઝને મળનારા એમ્પ્લોયમેન્ટ લીન્કડ ઇન્સેટીવ્ઝથી રાજ્યમાં ઇન્ડસ્ટ્રિયલ વર્કફોર્સ તૈયાર કરવામાં પણ ગતિ આવશે. આ ઉપરાંત રાજ્યમાં ન્યૂ મેન્યૂફેક્ચરિંગ સેક્ટરનો વિકાસ થવાથી તેને આનુષંગિક નાના-મોટા ઉદ્યોગોની એક આખી ઇકોસિસ્ટમ ઊભી થશે જે મેન્યૂફેક્ચરિંગ સેક્ટરમાં ગ્લોબલ એક્ઝામ્પલ બની રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જાહેર કરેલી આ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીઝમાં MSME સેક્ટરને જે પ્રોત્સાહનો અપાવાના છે તેની ભૂમિકા ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, દેશના મેન્યૂફેક્ચરિંગ આઉટપૂટમાં સૌથી વધુ યોગદાન ગુજરાતના ૩૩ લાખ જેટલા MSMEનું છે. MSME ઉદ્યોગ સાહસિકોની પ્રેરક ઉદ્યમતાને પરિણામે દેશ અને દુનિયાની બજારને

અનુરૂપ ઉત્પાદનો અને સેવાઓનું વિશાળ ફલક રાજ્યમાં વિસ્તર્યું છે. ગુજરાત કેટલાક કી સેક્ટર્સમાં નેશનલ લીડર તરીકે પ્રસ્થાપિત થયું છે તેમજ ઉદ્યોગો માટે રોકાણનું શ્રેષ્ઠ પસંદગીનું સ્થળ બન્યું છે. એટલું જ નહિ, નિકાસમાં પણ ગુજરાત દેશભરમાં અગ્રેસર છે. MSME સેક્ટર યુવાઓ માટે રોજગાર નિર્માણ અને ગ્રામીણ તેમજ પછાત વિસ્તારોના ઔદ્યોગિકીકરણથી રાષ્ટ્રનિર્માણમાં ઉલ્લેખનીય પ્રદાન કરે છે. રાજ્યમાં MSMEને ખિલવા અને વિકસવાની વધુ મોકળાશ તથા પ્રોત્સાહનો આપવા સાથે યુવાશક્તિની ઉદ્યમિતાને વિસ્તારવા આ સ્કીમ્સમાં MSME સહિતના સેક્ટર્સ માટે ઉદાર પ્રોત્સાહનો-ઈન્સેટીવ્ઝ જાહેર કરવામાં આવ્યા છે.

**આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ અંતર્ગત MSMEને મળનારા લાભો...**

- નેટ એસ.જી.એસ.ટી. રિએમ્બર્સમેન્ટ પેટે ઉદ્યોગોને ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના ૭૫ ટકા સુધી ૧૦ વર્ષ સુધી મળશે.
- માઈક્રો ઈન્ડસ્ટ્રીઝ માટે ૩૫ લાખ રૂપિયા સુધીની કેપિટલ સબસિડી
- એમ.એસ.એમ.ઈ. માટે ૭ વર્ષ સુધી ૩૫ લાખ રૂપિયા સુધીની વાર્ષિક વ્યાજ સબસિડી
- ૧૦ વર્ષ માટે ઈ.પી.એફ. રિએમ્બર્સમેન્ટ
- ૫ વર્ષ માટે વીજડ્યુટીમાંથી મુક્તિ
- મહિલાઓ, યુવાનો, અને દિવ્યાંગ ઉદ્યોગસાહસિકો માટે વધારાના ઈન્સેન્ટિવ્ઝ
- આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ અન્વયે મોટા ઉદ્યોગોને થનારા લાભો.

ઈન્ડસ્ટ્રિયલ ઈકો સિસ્ટમમાં MSME વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે તે જ પરિપાટીએ ગ્લોબલ મેન્યૂફેક્ચરિંગ ચેમ્પિયન્સને પણ વિકાસ માટે પ્રોત્સાહિત કરવા ગુજરાતમાં વેલ ડેવલપ્ડ બિઝનેસ ઈકો સિસ્ટમ, પોલીસી ડ્રીવન સ્ટેટ તરીકે ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી પોલિસીઝ અને વિશાળ માળખાકીય સુવિધાઓ લાર્જ ઈન્વેસ્ટમેન્ટ-રોકાણોને પણ આકર્ષિત કરે છે. આવા રોકાણો રાજ્ય અને રાષ્ટ્રની ઈકોનોમી તથા રોજગાર સર્જનમાં વિવિધલક્ષી ભૂમિકા નિભાવશે. આ રોકાણો રાજ્યમાં MSME માટે ફોરવર્ડ-બેકવર્ડ લિન્કેજીસ પણ પૂરું પાડશે.

**રાજ્ય સરકારે આ બધા હેતુસર 'આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ લાર્જ ઈન્ડસ્ટ્રીઝ' માટે જે વિશેષ પ્રોત્સાહનો જાહેર કર્યાં છે તે આ મુજબ છે : -**

- આત્મનિર્ભર ભારતના વિઝનને ધ્યાનમાં રાખી મેન્યુફેક્ચરિંગના વૈશ્વિક પ્રવાહો પ્રમાણે ૯ થ્રસ્ટ સેક્ટર(૨૨ સબ-સેક્ટર)ને મુખ્ય મેન્યુફેક્ચરિંગ સેક્ટર તરીકે ઓળખવામાં આવ્યા છે.
- ૧૦ વર્ષ માટે ઈ.પી.એફ. રિએમ્બર્સમેન્ટ
- મોટા ઉદ્યોગોને ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના ૧૨ ટકા સુધીની કુલ વ્યાજ સબસિડી
- નેટ એસ.જી.એસ.ટી. રિએમ્બર્સમેન્ટ પેટે ઉદ્યોગોને ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના ૭૫ ટકા સુધી ૧૦ વર્ષ સુધી મળશે.
- ૫ વર્ષ માટે વીજ ડ્યુટીમાંથી મુક્તિ

**આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ મેગા ઈન્ડસ્ટ્રીઝની મુખ્ય વિશેષતાઓ:-**

વિશ્વ સાથે સ્પર્ધા કરવા માટે રાજ્યમાં મેગા સ્કેલ મેન્યૂફેક્ચરિંગ એન્ટરપ્રાઈઝીસને વેગ આપી અર્થતંત્રનો સ્કેલ વધારવાની રાજ્ય સરકારે નેમ રાખી છે.

ઉદ્યોગ રાજ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્ટ ટુ ઈન્ડસ્ટ્રીઝ અંતર્ગત મેગા ઈન્ડસ્ટ્રીઝને મળનારા પ્રોત્સાહનો વિશે પણ જાણકારી આપી હતી.

- આવી ઈન્ડસ્ટ્રીઝ માટે મેન્યૂફેક્ચરિંગના વૈશ્વિક પ્રવાહો પ્રમાણે ૧૦ થ્રસ્ટ સેક્ટર(૨૩ સબ-સેક્ટર)ને મુખ્ય મેન્યુફેક્ચરિંગ સેક્ટર તરીકે ઓળખવામાં આવ્યા છે.
- રૂ. ૨૫૦૦ કરોડથી વધુનું રોકાણ ધરાવતા અને ૨૫00થી વધુ લોકોને રોજગારી પૂરી પાડતા ઈન્ડસ્ટ્રિયલ યુનિટ્સને આ સ્કીમ હેઠળ વિશેષ ઈન્સેન્ટિવ્ઝ આપવામાં આવશે.
- ઈન્ડસ્ટ્રીઝને ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના ૧૨ ટકા સુધીની કુલ વ્યાજ સબસિડી
- ૧૦ વર્ષ માટે ઈ.પી.એફ. રિએમ્બર્સમેન્ટ નેટ એસ.જી.એસ.ટી. રિએમ્બર્સમેન્ટ પેટે ઉદ્યોગોને ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના ૧૮ ટકા સુધી ૨૦ વર્ષ સુધી મળશે.
- પ્રોજેક્ટ માટે ખરીદવામાં આવેલી કે લીઝ માટેની જમીનને સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ચાર્જમાંથી ૧૦૦ ટકા માફી ૫ વર્ષ માટે ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીથી મુકિત

આ સમગ્ર યોજનાથી આવનારા દિવસોમાં ગુજરાત દેશમાં મેન્યુફેક્ચરીંગ લેન્ડ સ્કેપમાં આત્મનિર્ભરતાથી આગવું સ્થાન ઊભું કરશે એવો વિશ્વાસ ઉદ્યોગ રાજ્ય મંત્રીશ્રીએ દર્શાવ્યો હતો. આ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝને પરિણામે રાજ્યમાં રૂ. ૧૨.૫૦ લાખ કરોડનું જંગી રોકાણ આવશે એવો અંદાજ રાખવામાં આવ્યો છે. એટલું જ નહિ, આના પરિણામે ૧૫ લાખ જેટલા વિશાળ રોજગાર અવસરોનું પણ સર્જન થશે. આ અવસરે મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.●

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવથી આઝાદીની શતાબ્દી ૨૦૪૭ સુધીમાં દેશના અમૃતકાળ માટે આપેલા આત્મનિર્ભર ભારતના કોલને સાકાર કરવા ગુજરાત પ્રતિબધ્ધ**

# બાંધકામ શ્રમિકોને ફક્ત રૂ. પાંચમાં પૌષ્ટિક ભોજન મળશે




રાજ્યનો કોઈ નાગરિક ભૂખ્યો ન રહે અને શ્રમનું સન્માન થાય તેની પૂરતી કાળજી ગુજરાત સરકાર લઈ રહી છે. લોકોના ઘરના ઘરનું સપનું પૂરું કરવા શારીરિક શ્રમ કરતા શ્રમિકોને પોષ્ટિક આહાર મળી રહે તેની ચિંતા ગુજરાત સરકાર કરી રહી છે. આ દિશામાં આગળ વધતાં તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૨૨ ભોજન કેન્દ્રો અને શ્રમ સન્માન પોર્ટલનું લોકાર્પણ કરી ગુજરાત સરકારની શ્રમિકોના ઉત્થાન માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ અમદાવાદ તથા ગાંધીનગર ખાતે આવેલા કુલ ૨૨ કડિયા નાકા ઉપર ભોજન કેન્દ્રોનું લોકાર્પણ થયું હતું. ત્યારબાદ તબક્કાવાર સમગ્ર રાજ્યમાં આવતા બે મહિનામાં આ યોજના અંતર્ગત ભોજન કેન્દ્રો ખોલવામાં આવશે, આ સ્થાયી કેન્દ્રો ઉપરાંત જે બાંધકામ સાઈટ પર 50થી વધુ શ્રમિકો આ યોજનાનો લાભ મેળવવા માંગતા હોય તેમને ડોર સ્ટેપ ડિલિવરીની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરાંત શ્રમિકનો સમય ન બગડે અને સરળતાથી નોંધણી કરાવી શકાય તે માટે શ્રમ 'સન્માન' પોર્ટલ પણ લોન્ચ કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ અંત્યોદયના વિચારને સાકાર કરતો લોકઉત્સવ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અંત્યોદયથી સર્વોદયના વિચારમંત્રને સાકાર કરવા રાજ્ય સરકાર કાર્યરત છે. શ્રમિકો સન્માન સાથે જીવે તે અમારી સરકારનો ધ્યેય છે. લોકો માટે 'ઘરનું ચણતર' કરનાર શ્રમિકો માટે રાજ્યમાં અનેક યોજનાઓ અમલી બનાવાઈ છે. જેની પડખે કોઈ નથી, તેની પડખે સરકાર છે. તેવા ધ્યેયમંત્ર સાથે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે.

શ્રમ 'સન્માન' પોર્ટલ વિશે જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, તમામ યોજનાના લાભો ડિજિટલ માધ્યમથી એક જ પોર્ટલ પર મળી શકે તે માટે 'સન્માન' પોર્ટલ કાર્યરત કરાયું છે. તાજેતરમાં જ દેશમાં 5જી સેવાનો પ્રારંભ કરાવાયો છે જેમાં શ્રમિકોને પણ આવરી લેવાનો અભિગમ છે. 'સન્માન' પોર્ટલથી હવે કોઈ પણ શ્રમિકને કચેરીમાં જવું નહીં પડે. ઘરેબેઠા જ અરજીથી લઈ મંજૂરી સુધીની તમામ પ્રક્રિયા સરળ બનાવાઈ છે.

આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું હતું કે, અન્ન, આવરણ અને આવાસ એ કોઈ પણ વ્યક્તિની પ્રાથમિક જરૂરિયાત છે. ત્યારે રાજ્યના બાંધકામ શ્રમિકો માટે 'અન્નપૂર્ણા યોજના' શરૂ કરાઇ છે. નોંધાયેલા શ્રમિકોને તો આ લાભ મળવાનો જ છે પરંતુ જે શ્રમિકોની નોંધણી નથી થઈ તેમના માટે 'સન્માન' પોર્ટલ શરૂ કરાયું છે. જેનાથી ન નોંધાયેલા શ્રમિકોને પણ આવરી લેવાશે. શ્રમિકોને સાત્ત્વિક - પૌષ્ટિક ભોજન આપવાના ધ્યેય સાથે આ યોજના અંતર્ગત શ્રમિકોને માત્ર રૂ.પાંચમાં ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્માએ જણાવ્યું હતું કે, બાંધકામ શ્રમિકો માટે અંદાજે 500 કરોડના ખર્ચે યોજનાઓ અમલી કરાઈ છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના જે કોરોનાકાળમાં બંધ કરાયા બાદ પુનઃ શરૂ કરાઇ છે, જેમાં હવે માત્ર રૂ. પાંચમાં શ્રમિકોને પૌષ્ટિક ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવશે. અગાઉ ૧૧૯ કડિયાનાકાઓ પરથી ભોજનનું વિતરણ કરાવવામાં આવતું હતું. જ્યારે હવે ૧૪૦ કડીયાનાકાઓ પરથી તેનું વિતરણ થશે. ૫૦થી વધુ શ્રમિકો કામ કરતા હશે ત્યાં સ્થળ પર ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રી અને શ્રમ રોજગાર મંત્રીશ્રીના હસ્તે શ્રમિક પરિવારના વિદ્યાર્થીઓને અભ્યાસની સહાય, વીમાની સહાય, લગ્ન સહાય વગેરેના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત 1200 જેટલા શ્રમિકોને પ્રતીક સ્વરૂપે ટિફિન અને બેગનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે સાંસદ શ્રી દિનેશભાઇ અનાવાડિયા, ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, રોજગાર અને તાલીમ બોર્ડના ડિરેક્ટર શ્રી લલિત નારાયણ સિંગ સાંડુ, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, કાઉન્સિલરશ્રીઓ અને યોજનાના લાભાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ●

**CMના હસ્તે 22 ભોજન કેન્દ્રો તથા શ્રમ 'સન્માન' પોર્ટલનું લોકાર્પણ**

### વડાપ્રધાનના હસ્તે 5-G સેવા લોન્ચ

# અમદાવાદના રોપડા ગામથી મુખ્યમંત્રી વર્ચ્યુઅલી સહભાગી થયા

ડિજિટલ ક્રાંતિના નવા આધ્યાય એવા 5-G સેવાનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીથી લોન્ચિંગ કર્યું હતું. સાથે ઈન્ડિયન મોબાઈલ કોંગ્રેસના છઠ્ઠા સંસ્કરણતા પ્રારંભ પણ કરાવ્યો હતો. આ અવસરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમદાવાદ જિલ્લાના રોપડા ગામથી સહભાગી થયા હતા. વડાપ્રધાનશ્રીના પ્રેરણાદાયી સંદેશનું નવી દિલ્હીથી જીવંત પ્રસારણ તથા શાળાનાં બાળકો સાથે વર્ચ્યુઅલ સંવાદનો કાર્યક્રમ દેશનાં અન્ય રાજ્યો સાથે ગુજરાતમાં પણ યોજાયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે રોપડા શાળામાં આયોજિત કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, ભારતમાં ડિજિટલ ક્રાંતિનો એક નવો અધ્યાય આજથી શરૂ થયો છે. 5-Gની મદદથી ઔદ્યોગિક ક્ષેત્ર સહિત શિક્ષણ, પર્યાવરણ, આરોગ્ય જેવાં અનેક ક્ષેત્રોમાં ઘણાં કામ હવે ઝડપી અને વધુ સરળ થઇ જશે. એટલું જ નહીં, 5-G ટેકનોલોજી આવવાથી માનવ જીવનના દરેક ક્ષેત્રે મોટાં પરિવર્તનો આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેલિકમ્યૂનિકેશન-સંચાર માટેની 5-G ટેકનોલોજી દેશને સમર્પિત કરી છે તે ઉદ્યોગોમાં ઓટોમેશન વધારવા માટેનો માર્ગ મોકળો કરી આપશે. 5-G ટેક્નોલોજીના હાઈ પર્ફોર્મન્સ અને હાઈ સ્પીડને કારણે નવાં ઉદ્યોગો પણ ખીલશે. રોજગાર અને તાલીમના નવા ક્ષેત્રો ઊભરવાની સાથે વિકાસના નવા દ્વાર પણ ખૂલશે એવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. ઔદ્યોગિક ઉપરાંત હેલ્થકેરના ક્ષેત્રમાં 5-G સેવાઓથી જનઆરોગ્ય સુરક્ષાનું માળખું વધુ વ્યાપક અને સુદ્રઢ બનશે.

શિક્ષણ ક્ષેત્રે 5-Gથી થનારા લાભ અંગે તેમણે જણાવ્યું કે, શિક્ષકો અને અધ્યાપકો 5-Gની મદદથી વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ માધ્યમથી હાજર રહી શિક્ષણ આપી શકશે. એ ઉપરાંત રાજ્ય સરકારના દીક્ષા, જી-શાળા, ઈ-ક્લાસ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર જેવા અનેક શૈક્ષણિક પ્રકલ્પો વધુ અસરકારક અને કાર્યક્ષમ બની શકશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દેશમાં ડિજિટલ ઈકો સિસ્ટમ વિકસાવવામાં મદદ મળી હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, દેશમાં આવનારી આ ટેલિકોમ્યુનિકેશન ક્રાંતિના પ્રણેતા વડાપ્રધાનશ્રી છે. કેટલીય સરકારી સેવાઓ મોબાઈલ ફોન-ઈન્ટરનેટથી આંગળીના ટેરવે ઉપલબ્ધ બની છે. ડિજિટલ ટ્રાન્ઝેક્શન, યુ.પી.આઈ., ઓનલાઈન બુકિંગ, ફૂડ ડિલિવરી એપ, એવી અનેક મહત્ત્વની બાબતો ડિજિટલ ટેક્નોલોજીને કારણે શક્ય બની છે. 4Gથી આ બદલાવ આવી શક્યો હોય તો હવે જે 5-G ટેકનોલોજી આવશે તેના અનેક પ્રભાવક અને પરિણામલક્ષી ફાયદા થવાના છે તેની તેમણે છણાવટ કરી હતી.

એક અંદાજ મુજબ 5-Gની શરૂઆત બાદ આગામી ત્રણ વર્ષમાં દેશમાં ડેટા વપરાશમાં બમણો વધારો થશે, તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ ટેકનોલોજીના ફાયદાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે 5-G અને ડ્રોનની મદદથી ખેડૂતો જંતુનાશક દવાઓનો છંટકાવ પણ આસાનીથી કરી શકશે. 5-G ટેક્નોલોજી 6 જીબી પ્રતિ સેકન્ડ સુધીની સ્પીડ આપે છે, ઈન્ટરનેટ હવે એક સહજ અને સસ્તી ઈન્ટેન્જિબલ કોમોડિટી બની જશે.

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનીકેશનના જનરલ મેનેજર શ્રી ગુંજન દવેએ 5G સેવાથી થનારા લાભોની વિસ્તૃત જાણકારી આપી હતી. વડાપ્રધાનશ્રીએ રોપડા પ્રાથમિક શાળાના ધોરણ આઠમાં ભણતાં જૈમિની ઠાકોર અને હાર્દિક ઠાકોર સાથે સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે દસક્રોઈના ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, રિલાયન્સ ગ્રૂપના શ્રી ધનરાજ નથવાણી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નેહરા, જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાંગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા, શાળા પરિવાર, વિદ્યાર્થીઓ, શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. ●





## ગુજરાત માસ્ટર પ્લાન પોર્ટલ લોન્ચ કરનારું પ્રથમ રાજ્ય બન્યું

# PM ગતિશક્તિ ગુજરાત પોર્ટલ લોન્ચ




દેશના વિકાસની ગતિ વધુ તેજ બને અને વિકાસ પ્રોજેક્ટના કાર્યમાં સમય, શક્તિ અને નાણાની બચત થાય તે માટે PM ગતિ શક્તિ પ્લાન તૈયાર કરાયો છે. વડાપ્રધાનશ્રીએ અમલમાં મુકેલા “PM ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન”ના અમલીકરણ માટે તાજેતરમાં ગિફ્ટ સિટી, ગાંધીનગરમાં “આઝાદી @૭૫ : PM ગતિ શક્તિ ગુજરાત” અંતર્ગત યોજાયેલા સેમિનારમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે “PM ગતિ શક્તિ ગુજરાત” પોર્ટલનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલ વડાપ્રધાનશ્રીના વિઝનને સાકાર કરવા તથા આ માસ્ટર પ્લાનના ઝડપી અમલીકરણ માટે ખૂબ મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાત ફોકસ્ડ ટાર્ગેટેડ એક્શન પ્લાનના વિવિધ ક્ષેત્રે અમલથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લેન્ડ સ્કેપમાં મોટા પાયે પરિવર્તન લાવનારું રાજ્ય બન્યુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સશક્ત માર્ગદર્શન અને દિશાનિર્દેશન હેઠળ રાજ્ય કક્ષાએ ગતિ શક્તિ પોર્ટલ શરૂ કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે એનો ગૌરવ સહ ઉલ્લેખ તેમણે કર્યો હતો.

“PM ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન” ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર લેન્ડસ્કેપને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ પ્લાનથી માત્ર ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ જ નહિ, પરંતુ નાગરિકો માટે ઇઝ ઓફ લિવિંગ પણ સુનિશ્ચિત થશે. ગુજરાત તેની સાનુકૂળ ઔદ્યોગિક ઈકોસિસ્ટમ, વિશાળ સંભવિત બજાર, રાજકીય સ્થિરતા અને ભરોસાપાત્ર શાસન સાથે વૈશ્વિક વ્યાપાર માટે વિપુલ તકો પ્રદાન કરે છે ત્યારે રાજ્યમાં ઉપલબ્ધ તકોનું અન્વેષણ કરવા અને ગુજરાત અને ભારતની વૃદ્ધિમાં ભાગીદાર બનવા તેમણે આ સેમિનારમાં સહભાગી સૌને અનુરોધ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતમાં અમલમાં મૂકવામાં આવેલી દૂરંદેશી પહેલો, સુધારાઓ અને કાર્ય યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, “પ્રગતિપથ” યોજનામાં રાજ્યના છેડાને જોડતા ૯ હાઇસ્પીડ કોરિડોર પહોળા અને મજબૂત બનશે. કુલ રૂ. ૨૪૮૮ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટમાં કુલ ૩૭૧૦ કિમી લંબાઈના હાઈવે તૈયાર કરાશે. તેવી જ રીતે નગરપાલિકાઓ, શહેરી વિસ્તારો, શહેરો અને મોટાં શહેરોમાંથી પસાર થતા રાજ્યના માર્ગોનું આધુનિકીકરણ માટે “વિકાસ પથ” કાર્યક્રમ કાર્યરત છે.

“રેલવે કનેક્ટિવિટી” થકી રેલવે ક્ષેત્રે પણ વિકાસને આગળ ધપાવવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતે ઓપન એક્સેસ- કોમન કેરિયરના ધોરણે એક સંકલિત રાજ્ય-વ્યાપી ગેસગ્રીડ વિકસાવી છે. મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રોને જોડતા ૨૫ જિલ્લાઓમાં પાઇપલાઇન ગેસ ગ્રીડ નેટવર્ક રાજ્યમાં કાર્યરત છે. એ જ રીતે સિંચાઈ માટે પાણીના વિતરણ માટે ૭૫,૦૦૦ કિમીનું રાજ્યવ્યાપી વોટર ગ્રીડ નેટવર્ક અને ૧૪,૦૦૦થી વધુ ગામડાંઓ અને 154 નગરોને પાણી પહોંચાડવા માટે પીવાના પાણીની ગ્રીડની સ્થાપના કરતો એક મિશન મોડ પ્રોજેક્ટ “વોટર ગ્રીડ” હાથ ધર્યો છે. રાજ્ય સરકારે બંદરોના વિકાસ માટે ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહિત કરતી પ્રથમ પોર્ટ પોલિસી અમલી બનાવી છે. ભારતનું પ્રથમ ખાનગી બંદર ગુજરાતનું પીપાવાવ વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ વિકસાવવામાં આવ્યું હતું.

“કિસાન પથ” પહેલથી ખેડૂતોના જીવનની ગુણવત્તામાં સુધારો થયો અને તેમની ખેતપેદાશો અને દૂધ ઝડપથી બજારમાં પહોંચતાં થયાં છે. તે ઉપરાંત રાજ્યમાં “પ્રવાસી પથ”ની નવતર પહેલ થકી ૬૦ થી વધુ પ્રવાસી સ્થળો વચ્ચેની કનેક્ટિવિટીમાં સુધારો થતાં પ્રવાસન ઉદ્યોગ વધુ વેગવાન

બન્યો છે. રૂ.૨૩૦૦ કરોડ કરતાં વધુના કેન્દ્રિત રોકાણો સાથે આ પહેલથી રાજ્યના ૨૪ થી વધુ જિલ્લાઓને ફાયદો થયો છે.

ભારત નેટ પ્રોજેક્ટના અમલીકરણમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે ડિજિટલ સેવાસેતુ પ્લેટફોર્મ, GSWAN જેવા વિવિધ ડિજિટલ સુધારાઓ અને પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક અમલમાં મૂક્યાં છે. રાજ્યની વિકાસયાત્રા વધુ વેગવંતી બને તે માટે ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, ૧૨ લેન દિલ્હી - મુંબઈ એક્સપ્રેસ-વે, ગુજરાતનાં મુખ્ય શહેરોને જોડતા રેલ કોરિડોર અને મુંબઈ અમદાવાદ હાઇ સ્પીડ રેલ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે. ગુજરાતે છેલ્લા એક દાયકામાં સતત ૧૦% થી વધુ વાર્ષિક GDP વૃદ્ધિ દર નોંધાવ્યો છે, જે ભારતના GDPમાં ૮.૨૮% થી વધુ ફાળો આપે છે. રાજ્ય સરકારે ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિફોર્મ્સ, ડિજિટલ ગવર્નન્સ, પોલિસી પહેલ અને રોજગારના ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર પહેલ કરી છે, જેના કારણે ગુજરાત દેશમાં અગ્રણી રાજ્ય બન્યું છે. ગુજરાત "ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ એન્ડ લોજિસ્ટિક્સ પાર્ક પોલિસી" શરૂ કરનાર પ્રથમ રાજ્ય છે.

રાજ્યના ઉદ્યોગ રાજય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ની દિશામાં ગુજરાત મક્કમતાથી આગળ વધી રહ્યું છે. ગુજરાત 'બેસ્ટ પ્રિફર્ડ બિઝનેસ ડેસ્ટિનેશન' તરીકે ઊભરી આવેલું રાજ્ય છે ત્યારે રાજ્યની પ્રોત્સાહક નીતિઓ વિશ્વભરના રોકાણકારોને સવિશેષ આકર્ષી રહી છે. તે ઉપરાંત ગુજરાતનું ૨.૨૦ લાખ કિમી જેટલું લાંબુ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ૫૨૦૦ કિમી જેટલું મોટું રેલ નેટવર્ક, ૧૯ એરપોર્ટ, ૪૮ પોર્ટ, બેસ્ટ પાવર કેપેસિટી, એક્સપર્ટ સ્કીલ, પ્રોડક્ટિવ ગવર્મેન્ટ, સુરક્ષિત સ્થળ સહિતનાં અનેક પરિબળોને પરિણામે ગુજરાતમાં ખૂબ મોટા પાયે રોકાણો થઈ રહ્યાં છે. આ સાનુકૂળતાઓને પરિણામે આજે ગુજરાતમાં પીનથી લઈને પ્લેન સુધીનું ઉત્પાદન થઈ રહ્યું છે.

રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે જણાવ્યું હતું કે, એક વર્ષ પહેલાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પીએમ ગતિશક્તિ પોર્ટલ લૉન્ચ કરવામાં આવ્યું હતું, જે બિઝનેસ પ્રોસેસ એન્જિનિયરીંગમાં વિશાળ તકો પૂરી પાડે છે. આ પોર્ટલ માત્ર ડિજિટલ એપ્લિકેશન, એક્યુરેટ ડેટા કલેક્શન કે ડિજિટલ ડેટા ઇન્ટીગ્રેશન નથી, તેનાથી આગામી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને લોજિસ્ટિક સાથે કનેક્ટ કરવામાં આવશે, જે ભવિષ્યમાં ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ ઘટાડવામાં મદદરૂપ થશે.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે જણાવ્યું હતું કે, ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યું છે, ત્યારે ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર ગુજરાત મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ભારતે અમેરિકાને પછાડીને દ્વિતીય સ્થાન મેળવ્યું છે. સંશોધનમાં ભારતે ઝડપથી પ્રગતિ કરી ૮૧માં સ્થાનેથી ૪૧મું સ્થાન મેળવ્યું છે. આગામી ૨૫ વર્ષોમાં દેશ ૨૦ ટ્રિલિયન ડોલર ઇકોનોમી બનશે અને અમેરિકા અને ચીન બાદ વિશ્વનું સૌથી મોટું ત્રીજું અર્થતંત્ર હશે. આ લક્ષ્ય સિદ્ધ કરવા અને ગુજરાતે વધુ ઝડપી પ્રગતિ સાધવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આજની સ્થિતિ કરતાં ૬ ગણું રોકાણ કરવાની જરૂરિયાત હોવાનું શ્રી દાસે જણાવ્યું હતું.

અધિક મુખ્ય સચિવ અને ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી સુશ્રી અવંતિકા સિંઘે જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ગુજરાત લૉન્ચપેડ સાબિત થઈ રહ્યું છે. નવેમ્બર, ૨૦૨૧માં યોજાયેલા પશ્ચિમ ઝોનના પીએમ ગતિશક્તિ અંગેના પ્રથમ વર્કશોપ બાદ ગુજરાતે આ દિશામાં તરત જ પહેલ કરી છે. ગુજરાત ગતિશક્તિ પોર્ટલ લૉન્ચ કરનાર પ્રથમ રાજ્ય છે. આ એવું જીઆઇએસ આધારિત પોર્ટલ છે, જેમાં ૫૦૦થી વધુ લેયર છે. જેમાં રાજ્યના ૨૧થી વધુ સરકારી વિભાગો તથા બાવન પેટાવિભાગો અને કેન્દ્રના ૨૫થી વધુ વિભાગોનો સમાવેશ થાય છે. આ પોર્ટલના અસરકારક અમલીકરણથી વધુ સારી અને સ્માર્ટ સરકારનું નિર્માણ કરવામાં મદદ મળશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, ગુજરાત મેરીટાઇમ બોર્ડ વાઇસ ચેરમેન અને સીઇઓ શ્રી આર. બી. બારડ, સીઆઈઆઈ ગુજરાત કાઉન્સિલના વાઈસ ચેરમેન દર્શન શાહ ઉપસ્થિત રહ્યા હતા. ●



# ગાંધીધામમાં ન્યૂ એનેક્ષી ભવનનું લોકાર્પણ




કચ્છનો મિજાજ જ કંઈ અલગ છે, ભૂકંપ જેવી પરિસ્થિતિ હોય કે અન્ય કોઈ પણ પરિસ્થિતિ હોય કચ્છ મજબૂત બનીને ઊભર્યું છે. કચ્છ એ ગુજરાતનું ગ્રોથ એન્જિન છે તેવું ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ન્યુ એનેક્ષી ભવનના ઉદ્ઘાટન સમયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. કચ્છ ભારતનો અને ગુજરાતનો વિશાળ જિલ્લો હોવાને કારણે તથા વ્યાપારની અપાર સંભાવનાઓને લક્ષ્યમાં રાખી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉદ્યોગકારોને સંબોધતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરીને રાજ્યના દરેક વિસ્તારમાં ઉદ્યોગો લાવવાનું મહત્ત્વપૂર્ણ કામ કર્યું છે. જેના મીઠા ફળરૂપે રાજ્ય અને કચ્છમાં પણ મોટા પાયે ઔદ્યોગિકીકરણ થયું છે અને હજુ પણ તેની વિકાસ પરંપરા આગળ વધારવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. વડાપ્રધાનશ્રીએ ગુજરાતને ગ્લોબલ બનાવ્યું છે, જેના કારણે ઉદ્યોગો સામેથી ગુજરાતમાં આવી રહ્યા છે અને ગુજરાતમાં ઉદ્યોગકારોને તમામ પ્રકારની સુવિધા મળી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સમતોલ વિકાસ તરફ આગળ વધી રહી છે, ત્યારે તેમાં કોઈપણ જાતની અડચણ ન આવે તે માટે સરકાર પ્રયત્નશીલ છે. ગુજરાત સરકારે રાજ્યના ઈતિહાસનું સૌથી મોટું બજેટ આપ્યું છે જે લોકોની સુખાકારીમાં મદદરૂપ બન્યું છે. નીતિ આયોગ મુજબ આજે નાણાકીય વ્યવસ્થાપનમાં ગુજરાત દેશમાં નંબર વન છે. આમ, વધુને વધુ ગ્રોથ સાથે રાજ્ય આગળ વધી રહ્યું છે, ત્યારે તેમાં ઉદ્યોગપતિઓ પણ પોતાનો સહયોગ આપે તેવી તેમણે ઉદ્યોગકારોને અપીલ કરી હતી. આ સાથે જ તેમણે વેપાર અને વાણિજ્ય ક્ષેત્રમાં ઉદ્યોગકારોને કોઇ પણ જાતની સમસ્યા ન થાય તે માટે સરકાર કટિબદ્ધ છે. આ ક્ષેત્રના કોઇ પણ પ્રશ્નો હશે તો સરકાર તેને દૂર કરવા માટે કામગીરી કરશે એવી ખાતરી પણ ઉપસ્થિત ઉદ્યોગકારોને મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

આ અવસરે વિધાનસભા અધ્યક્ષા શ્રી ડૉ. નીમાબહેન આચાર્ય, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય સર્વશ્રી માલતીબહેન મહેશ્વરી, વાસણભાઈ આહીર, કચ્છના સૉલ્ટ, ટિમ્બર, ટ્રાન્સપોર્ટ, શિપિંગ સહિત અલગ અલગ ક્ષેત્રના ઉદ્યોગપતિઓ સહિતના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ભદ્રેશ્વરમાં પોર્ટ બિઝ ઈન્ડસ્ટ્રિઅલ પાર્કનું ઉદ્ઘાટન



કચ્છ જિલ્લાના ભદ્રેશ્વરમાં નિર્માણ પામેલા પોર્ટ બિઝ ઇન્ડસ્ટ્રીઅલ પાર્કનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉદઘાટન કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ ડિજિટલ ટેકનોલોજીના ફીફથ જનરેશન(5G)ના દેશવ્યાપી શુભારંભને જોડીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કચ્છનો પોર્ટ બિઝ ઈન્ડસ્ટ્રિઅલ પાર્ક ડિજિટલ અને ઔદ્યોગિક વિકાસની રાહ પર ગુજરાતને અગ્રેસર રાખશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરહદી વિસ્તાર એવા કચ્છના વિકાસ માટે રાજ્ય સરકારના શક્ય તમામ સહકાર આપવાની ખાતરી આપી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા અન્ય આમંત્રિતોનું શાલ, સ્મૃતિચિહ્ન તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમમાં વિધાનસભા અધ્યક્ષ શ્રી ડૉ. નીમાબહેન આચાર્ય, સાંસદસભ્ય શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય સર્વશ્રી વાસણભાઈ આહીર, માલતીબહેન મહેશ્વરી, દેશભરનાં વિવિધ ક્ષેત્રોના ઉદ્યોગપતિઓ રહ્યાં હતાં. ●

# મહાત્મા ગાંધીજીએ સમગ્ર દુનિયાને સત્ય અને અહિંસાનો રાહ ચીંધ્યો છેઃ CM



મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે પૂજ્ય બાપુના જન્મસ્થળ પોરબંદરમાં કીર્તિ મંદિર ખાતે રાષ્ટ્રપિતાને શ્રદ્ધાસુમન અર્પણ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પૂજ્ય બાપુએ દુનિયાને સત્ય અને અહિંસાનો રાહ ચીંધ્યો છે. મહાત્મા ગાંધીજી સમગ્ર દુનિયા માટે પ્રેરણાસ્રોત રહ્યા છે અને યુગો સુધી રહેશે.

ભારતીયો માટે મહાત્મા ગાંધી વહાલા બાપુ તરીકે સૌના હૃદયમાં છે તેમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તેઓ સત્ય, સ્વચ્છતા, સત્યાગ્રહ સહિતના મંત્રોમાં સ્વચ્છતાના મંત્રને સર્વોપરી ગણતા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂજ્ય બાપુના સ્વચ્છતાના મંત્રને સાકાર કરી, કરોડો પરિવારોને શૌચાલયની સુવિધા મળે તે માટે સ્વચ્છ ભારત મિશન સફળ કર્યું છે એમ તેમણે જણાવ્યું હતું.

મહાત્મા ગાંધીએ ગ્રામ ઉદ્યોગ અને ખાદીને તેમના જીવનમાં વણી લઈને ભારતના ઉત્થાન માટે નવી દિશા આપી હતી. ગુજરાતના સપૂત શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રામ ઉદ્યોગ અને ખાદીને પ્રોત્સાહન આપવા 'ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન'ને સાર્થક કરી, ગ્રામીણ કારીગરોને ટેકો આપી આત્મનિર્ભર ભારતને નવું બળ પૂરું પાડ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો.

આ યોજાયેલી સર્વધર્મ પ્રાર્થનાસભામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીના વિચારોને દેશ અને દુનિયાના લોકો પોતાના જીવનમાં ઉતારી રહ્યા છે. દુનિયામાં જ્યારે યુદ્ધ, સામ્યવાદ, સામ્રાજ્યવાદ અને મૂડીવાદ વ્યાપેલા હતા ત્યારે મહાત્મા ગાંધીની સત્ય અને અહિંસાની ક્રાંતિએ સમગ્ર વિશ્વનું એ તરફ ધ્યાન ખેંચ્યું હતું.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ગાંધીજીને શ્રદ્ધાસુમન અર્પણ કરતાં જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજીના વિચારોને સન્માન આપતાં દુનિયાના ૧૩૩ દેશોએ મહાત્મા ગાંધીજી પર ટિકિટ બહાર પાડી છે. તેમણે ઉમેર્યું હતું કે મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ સામે લડત ચલાવી હતી અને ભારતના આઝાદી સંગ્રામમાં અહિંસાના માર્ગની પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી બાબુભાઈ બોખિરિયા સહિતના અધિકારીઓ-કર્મચારીઓ, કીર્તિમંદિર સમિતિના સભ્યો અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન, ખાદી ફોર ટ્રાન્સફોર્મેશન

પૂ. મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમદાવાદના થલતેજ વિસ્તારમાંથી ખાદીની ખરીદી કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી 'ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન, ખાદી ફોર ટ્રાન્સફોર્મેશન'ના અભિયાનમાં સહભાગી થયા હતા.



સત્ય, અહિંસા અને સ્વદેશીના પ્રતીક સમાન ખાદીની ખરીદી કરીને મુખ્યમંત્રીશ્રીએ 'લોકલ ફોર વોકલ' અને 'આત્મનિર્ભર ભારત'નાં સૂત્રોને સાકાર કરવાની દિશામાં પોતાનું યોગદાન અર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ અંગત રસ દાખવીને ખાદીનાં વિવિધ વસ્ત્ર પરિધાનો અંગે પૃચ્છા કરીને તેના ફાયદાઓ અને પહેરવેશ અંગેની બાબતો વિશે માહિતી મેળવી હતી તેમજ પોતાના માટે ખાદીની ખરીદી કરી હતી.

## અંજારમાં વેલ્સપન કંપનીના સ્ટેટ ઓફ ધ આર્ટ - સ્ટીલ પ્લાન્ટનું ઉદ્ઘાટન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તથા કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતની ઉપસ્થિતિમાં અંજાર સ્થિત વેલ્સપન કંપનીના ૨૯૦ કરોડના ખર્ચે નિર્મિત સ્ટેટ ઓફ ધ આર્ટ - સ્ટીલ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ ડિજિટલ યુગમાં ભારતનું યોગદાન મહત્ત્વનું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે. કચ્છના વિકાસમાં સહભાગી બનેલું વેલસ્પન ગ્રૂપ વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભૂકંપ બાદ કચ્છમાં થયેલા ઔદ્યોગિક વિકાસ થકી સામાન્ય માણસ મુખ્ય પ્રવાહમાં આવ્યો છે જેમાં વેલસ્પન ગ્રૂપે પણ મહત્વનું યોગદાન આપ્યું છે.



આ પ્રસંગે કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યું હતું કે, હું કચ્છની ઐતિહાસિક ધરતી પર ઔદ્યોગિક ક્રાંતિના દર્શન કરવા આવ્યો છું. પ્રકૃતિના માર પછી કચ્છની કાયાપલટ કરવાનું જે સ્વપ્ન હતું તે ખરેખર સાર્થક બન્યું છે. કચ્છ આજે ઊર્જાના નિર્માણ ક્ષેત્રે સમગ્ર વિશ્વ માટે એપીસેન્ટર બની રહ્યું છે. આ તકે મુખ્યમંત્રીશ્રીએ વેલસ્પન ટેક્સ્ટાઈલ પ્લાન્ટ સહિત વિવિધ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ તકે, વેલસ્પન ગ્રૂપના ચેરમન શ્રી બાલકિશન ગોયંકા, મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજેશ મંડાલેવાલા તેમજ રાહુલ યેનુનકરે મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્ય, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય શ્રી વાસણભાઈ આહીર, અગ્રણી શ્રી કેશુભાઈ પટેલ વગેરે જોડાયા હતા. ●

## સક્ષમ નેતૃત્વથી દેશમાં વિકાસને મળી ગતિ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટીવી ૯ દ્વારા આયોજિત 'The Rise and Rising of india, bharat @75 કોન્કલેવના સંબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વમાં ભારતમાં વિકાસ થઈ રહ્યો છે. પરિવર્તન સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. તેથી જ વિશ્વનાં દેશોને ભારત અને ભારતીયો પર વિશ્વાસ વધી રહ્યો છે.

આ સમારોહમાં ૪૬ ઉદ્યોગ સાહસિકોની સફળતાની ગાથાને સમાવતી 'કોફી ટેબલ બુક' મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોન્ચ કરવામાં આવી હતી. તદુપરાંત આ ઉદ્યોગ સાહસિકોને મુખ્યમંત્રીશ્રીના હસ્તે એવોર્ડ એનાયત કરી બિરદાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૨૦ વર્ષમાં ગુજરાતના નાગરિકોએ 'વિશ્વાસથી વિકાસ'ને સાકાર થતાં જોયો છે. આઝાદીના અમૃતકાળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા પાંચ સંકલ્પોમાંથી એક 'વિકસિત ભારત'નો સંકલ્પ ગુજરાતના સર્વગ્રાહી વિકાસ થકી સાકાર થતો આપણે સૌ જોઈ રહ્યા છીએ.

આ કોન્કલેવમાં શિક્ષણ, કૃષિ, વિજ્ઞાન અને ટેકનોલોજી, રિયલ એસ્ટેટ વગેરે ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરનાર ઉદ્યોગ સાહસિકો, તેમના પરિવારજનો તથા ટીવી 9 ગુજરાતીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## વિજ્યાદશમીએ શસ્ત્રપૂજન કરતા મુખ્યમંત્રી



શૌર્યના પર્વ એવા વિજયાદશમીના અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરક્ષાકર્મીઓ સાથે મુખ્યમંત્રી નિવાસસ્થાને શસ્ત્રપૂજન કર્યું હતું. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન મુખ્યમંત્રીશ્રીની સુરક્ષા સલામતી વ્યવસ્થામાં ફરજરત સુરક્ષા કર્મીઓના શસ્ત્રોનું પ્રતિ વર્ષ વિજયાદશમીએ શાસ્ત્રોક્ત પૂજનની પરંપરાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પરંપરા આગળ ધપાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિજયાદશમીએ પોતાની સુરક્ષા વ્યવસ્થા સંભાળતા પોલીસદળના કર્મીઓ સાથે તેમના શસ્ત્રોનું મંત્રોચ્ચાર સાથે પૂજન કર્યું હતું. તેમણે સૌ સુરક્ષા કર્મીઓને વિજયાદશમીની શુભેચ્છાઓ પાઠવી હતી અને રાષ્ટ્ર, રાજ્યના લોકોની રક્ષા,સમાજ સુરક્ષા માટે પોલીસ દળની કર્તવ્યપરાયણતાને બિરદાવી હતી. ●



# ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૭૮નું વિમોચન

ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૭૮નું વિમોચન કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, “દીપાવલી એ પ્રકાશનું પર્વ છે, હજારો લાખો દીપકની પ્રકાશ જ્યોતનું સોનેરી અજવાળું ચોતરફ ફેલાયેલું છે. પ્રકાશ પર્વ દીપોત્સવ સૌને નવા શુભ સંકલ્પો સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે. આપણે સૌ ગુજરાતી બાંધવો સ્વયં સત્યનિષ્ઠાની જ્યોત પ્રગટાવી સદવિચારોના પ્રકાશ પાથરવાનો સાચા હૃદયથી પ્રયત્ન કરીએ.”

દીપોત્સવી પર્વ અને વિક્રમ સંવત ૨૦૭૯ના નૂતન વર્ષ નિમિત્તે સૌ ગુજરાતી બાંધવોને દીપાવલીની મંગળ કામના સાથે નવા વર્ષની ઊન્નતિ માટે શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ આ નવા વર્ષના આરંભે સહુ સાથે મળી દિવ્ય અને ભવ્ય ગુજરાતના નિર્માણ માટે તથા ગુજરાતની વિકાસયાત્રામાં સક્રિય ભાગીદાર બનવા આહ્વાન કર્યું હતું.

માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રી અવંતિકા સિંઘે જણાવ્યું હતું કે, “આવનારા વર્ષમાં આપણે સહુ આપણી અંદર રહેલી રચનાત્મક શક્તિઓને ખીલવીને વિકાસના નવા પ્રકાશ પુંજનું આહ્વાન કરી ગુજરાતના વિકાસના નવતર સીમાચિહ્નો પ્રસ્થાપિત કરીએ.”

માહિતી નિયામક શ્રી આર. કે. મહેતાએ જણાવ્યું હતું કે, ગુજરાતના સાહિત્ય અને કલાની સાંસ્કૃતિક વિરાસતના સંસ્કાર વારસાને ગુજરાત દીપોત્સવી અંકના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવે છે. આ દીપોત્સવી ૨૦૭૮ના દળદાર વિશેષાંકમાં ૨૯ અભ્યાસ લેખો, ૩૩ નવલિકાઓ, ૧૯ વિનોદિકાઓ, ૭ નાટિકા અને ૯૮ જેટલી કાવ્યરચનાઓ સાથે નયનરમ્ય ૬૪ જેટલી વિવિધ રંગીન તસવીરો સમાવિષ્ટ કરવામાં આવી છે.

આ પ્રસંગે મંત્રીમંડળના સભ્યશ્રીઓ સર્વશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી, જિતેન્દ્રભાઇ વાઘાણી, ઋષિકેશભાઇ પટેલ, કિરીટસિંહ રાણા, જગદીશભાઇ વિશ્વકર્મા, જીતુભાઇ ચૌધરી, મુકેશભાઇ પટેલ, વરિષ્ઠ માહિતી અધિકારીઓ સર્વશ્રી અરવિંદભાઇ પટેલ, પુલકભાઇ ત્રિવેદી, જગદીશભાઇ આચાર્ય વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ●

# ‘ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ-૨૦૨૨’ એનાયત

ગુજરાતમાં માર્ગ સલામતી તથા ટ્રાફિક નિયમ પાલનમાં જાગૃતિ લાવવા ઉત્કૃષ્ટ કામગીરી કરનારને વાહન વ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદીના હસ્તે ગાંધીનગરમાં વિવિધ ત્રણ કેટેગરીમાં ‘‘ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ-૨૦૨૨’ એનાયત કરવામાં આવ્યા હતા. મંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે સ્વૈચ્છિક વ્યક્તિ, સ્વૈચ્છિક, શૈક્ષણિક, ઔદ્યોગિક સંસ્થાઓ અને સિટી-ડિસ્ટ્રીક્ટ રોડ સેફ્ટી કમિટી એમ વિવિધ ત્રણ કેટેગરી માટે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને એવોર્ડ માટે પસંદગી પામનારને અનુક્રમે રૂ.૧.૨૫ લાખ, રૂ.૧ લાખ અને રૂ.૭૫,૦૦૦ની રકમ અને ટ્રોફી એનાયત



કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વાહન વ્યવહાર મંત્રીશ્રી દ્વારા ‘ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ-૨૦૨૨’માં સ્વૈચ્છિક વ્યક્તિ કેટેગરીમાં શ્રી અમિત કિરીટકુમાર ખત્રી, શ્રી અજયસિહ બી. જાડેજા અને શ્રી વિષ્ણુભાઇ ઠાકોરને, સ્વૈચ્છિક સંસ્થામાં સરકારી પોલીટેકનિક, વલસાડ, વેસ્ટર્ન ઇન્ડિયા ઓટોમોબાઈલ એસોસિએશન (WIAA) તેમજ L&T અમદાવાદ-માળિયા ટોલ વે લિમિટેડ જયારે સિટી-ડિસ્ટ્રિક્ટ રોડ સેફ્ટી કમિટીમાં ડિસ્ટ્રિક્ટ રોડ સેફ્ટી કમિટી, અમદાવાદ, ડિસ્ટ્રિક્ટ રોડ સેફ્ટી કમિટી સુરત અને ડિસ્ટ્રિક્ટ રોડ સેફ્ટી કમિટી દેવભૂમિ દ્વારકાને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે એવોર્ડ એનાયત કરાયા હતા.

આ પ્રસંગે વાહનવ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, રોડ સેફ્ટી કમિશનર શ્રી લલિત પાડલિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ●

# વાયુસેના દ્વારા 'Know Your Air Force' થીમ પર પ્રદર્શન યોજાયું



રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે અમદાવાદ ખાતે ભારતીય વાયુસેનાની ૯૦મી વર્ષગાંઠ નિમિત્તે ઇન્ડિયન એરફોર્સના હેડક્વાર્ટર સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ દ્વારા 'Know Your Air Force' થીમ પર આયોજિત પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતું. આ પ્રદર્શન યોજવાનો ઉદ્દેશ્ય ગુજરાતના યુવાનોને કારકિર્દી તરીકે ઇન્ડિયન એરફોર્સમાં જોડાવા માટે પ્રેરિત કરવાનો તેમજ ગુજરાતના લોકોને ભારતીય વાયુસેનાની ભૂમિકા અને તેના કાર્યોથી પરિચિત કરાવવાનો છે. આ પ્રદર્શનના પ્રથમ દિવસે એર ફોર્સ બેન્ડ દ્વારા ભારતીય વાયુસેનાના ગૌરવશાળી ઇતિહાસને સંગીતના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શનમાં ભારતીય વાયુસેનાની શક્તિ જેમ કે એરક્રાફ્ટ, મિસાઇલ, વેપનરી સિસ્ટમ, રડાર વગેરેનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. ત્રણ દિવસ માટે યોજાયેલા આ પ્રદર્શનમાં એરફોર્સ બેન્ડ દ્વારા વિવિધ પરફોર્મન્સ પણ યોજાયું હતું. આ અવસરે ભારતીય સેનાના એર ઓફિસર કમાન્ડ ઇન ચીફ એરમાર્શલ શ્રી વિક્રમસિંહ તરફથી રાજયપાલશ્રીને માનદ ચિહ્ન એનાયત કરવામાં આવ્યું હતું. આ અવસરે એર ઓફિસર કમાન્ડિંગ ઇન ચીફ એરમાર્શલ શ્રી વિક્રમસિંહ, એર વાઇસ માર્શલ શ્રી રોહિત માહાજન, ભારતીય વાયુસેનાના ઓફિસર્સ તેમજ એન.સી.સી. કેડેટ હાજર રહ્યાં હતાં.

# અમદાવાદમાં 300થી વધુ પ્રાકૃતિક કૃષિકારોનું સન્માન

અમદાવાદના અડાલજના કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં આયોજિત 'આચાર્ય વંદના' કાર્યક્રમમાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પૂ. કૌશલ્યપ્રાસદ સ્વામીના ૫૦ વર્ષ માનવતાની સેવા સાથે પૂર્ણ કરવા શુભકામના પાઠવી હતી. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા ખૂબ જરૂરી છે. કાલુપુર સ્વામિનારાયણ સંપ્રદાયે ૩૦૦થી વધુ ગુજરાતના પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોનું સન્માન કર્યું હતું, તે વાત પ્રશંસનીય છે. પ્રાકૃતિક ખેતી કરી પ્રકૃતિનું જતન કરવાના પવિત્ર મિશનમાં જોડાયેલા ખેડૂતોને અન્ય ખેડૂતોને આ મિશનમાં સહભાગી બનાવવા માટેનું પણ આહ્વાન તેમણે કર્યું હતું.

કાલુપુર સ્વામિનારાયણ મંદિરના શ્રી પૂ. કૌશલ્યપ્રસાદ સ્વામીજીએ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, આપની પાસે રહેલું ધન અને વિદ્યા કોઇ બીજાના ઉપયોગ માટે નહિ વાપરો ત્યાં સુધી કંઇ કામનું નથી, તેવું કહી ખેડૂતોને આ ખેતી તરફ અન્ય ખેડૂતોને સહભાગી કરવા માટે હાંકલ કરી હતી. ધર્મ વ્યક્તિના જીવનને શિક્ષણ અને જીવન જીવવાનો સાચો માર્ગ આપે છે. કોઈ કાર્ય થકી કોઈનું ભલું થાય તેને જીવનમાં હમેશાં કરવું જોઈએ, તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે કાલુપુર મંદિરના પૂ. તેજેન્દ્રપ્રસાદ સ્વામી અને વજેન્દ્ર પ્રસાદ સ્વામી સહિત હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતની મુલાકાત લેતાં જમ્મુ-કાશ્મીરનાં બાળકો

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના સીમા સુરક્ષા બળ દ્વારા આયોજિત ભારત દર્શન પ્રવાસ અંતર્ગત ગુજરાતના મહેમાન બનેલા જમ્મુ-કાશ્મીરના સીમાવર્તી ગામના બાળકોએ રાજભવન ખાતે મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ જમ્મુ-કાશ્મીરના સરહદી ગામના બાળકો સાથે વિચાર-વિમર્શ કરી ભારતના ઈતિહાસ-સંસ્કૃતિ અને સમાજ જીવનથી પરિચિત થવા બાળકોને પ્રેરણા પૂરી પાડી જણાવ્યું હતું કે, વ્યક્તિના સર્વાંગી વિકાસમાં શિક્ષણની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. બાળકોએ સ્ટેચ્યુ ઑફ યુનિટી સહિત ગુજરાતના સાંસ્કૃતિક વૈભવથી પ્રભાવિત થયા હતા.



## આદિવાસી વિસ્તારમાં માંગરોળનું વાંકલ એજ્યુકેશન હબ બન્યું



સુરતના માંગરોળનું વાંકલ એજ્યુકેશન હબ બન્યું છે. જ્યાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા રૂ.૧૯.૩૬ કરોડના ખર્ચે નવનિર્મિત જવાહર નવોદય વિદ્યાલયનું નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ તેમજ રૂ.૨૦.૬૭ કરોડના ખર્ચે સરકારી કુમાર છાત્રાલયના વધારાના મકાનના બાંધકામનું ભૂમિપૂજન આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના હસ્તે સંપન્ન થયું હતું.

નાણામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તારોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે છેવાડાના ગામડાઓ સુધી આધુનિક સુવિધાયુક્ત શાળાઓ અને છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓનું નિર્માણ કરી શિક્ષણની જ્યોત પ્રગટાવી છે.

મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણ અને મકાન બંનેમાં ગુણવત્તા હોવી જરૂરી છે તો જ વિદ્યાર્થીના ભાવિની ઈમારત મજબૂત બનશે. આદિવાસી વિસ્તારમાં વાંકલ શિક્ષણ માટેનું હબ બની ગયું છે.

## વઢવાણમાં સુરસાગર ડેરીના પનીર પ્લાન્ટનો પ્રારંભ



વઢવાણની સુરસાગર ડેરીમાં પનીર પ્લાન્ટનો ઉદઘાટન સમારોહ અને સુકન્યા સમૃધ્ધિ યોજના અંતર્ગત ચેક વિતરણ અને દૂધ સંઘની વિવિધ સહાયકારી યોજનાઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દરેકે-દરેક ગામમમાં પાકા રસ્તા, પાણી સહિતની સુવિધાઓનું માળખું મજબૂત કરવામાં આવ્યું છે અને અંતરિયાળ ગામનાં લોકો સુધી આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

સુરસાગર ડેરીનો રોજની ૨ મેટ્રિક ટનની કેપેસિટી ધરાવતો આ પનીર પ્લાન્ટ રૂપિયા ૩.૭ કરોડના ખર્ચે નિર્માણ પામ્યો છે. આ પ્લાન્ટમાંથી ૧૦૦ gm, ૨૦૦ gm અને ૧ kgમાં પનીરનું પેકેજિંગ થશે. જેના થકી જિલ્લાને ફ્રેશ પનીર મળશે. આ કાર્યક્રમમાં વઢવાણ ધારાસભ્ય શ્રી ધનજીભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ શ્રી વીરેન્દ્રભાઈ આચાર્ય સહિત મોટી સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

## MS યુનિવર્સિટીનો સુવર્ણચંદ્રક વિતરણ સમારોહ



વડોદરામાં એમ.એસ. યુનિવર્સિટીના સૌથી વધુ માર્કસ સાથે સ્નાતક તથા અનુસ્નાતકના ઉત્તીર્ણ ઉમેદવારોને પ્રોત્સાહિત કરવાના હેતુથી સુવર્ણચંદ્રક વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં કુલ ૧૯૧ વિદ્યાર્થીઓને ૨૯૬ ગોલ્ડ મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

પદવીદાન સમારોહમાં મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે એમ. એસ. યુનિવર્સિટીના વિદ્યાર્થિની હોવાના ગૌરવની વાત કરતાં સુવર્ણ ચંદ્રક વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. વિદ્યાર્થીઓને ત્યાગ અને સમર્પણની ભાવના સાથે સમાજ માટે કંઈક કરી છૂટવાનું જણાવી વિદ્યાર્થીઓને અહીંથી ન અટકીને જીવનની ખરી પરીક્ષા હવે શરૂ થઈ હોવાનું ઉમેર્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યો સર્વશ્રી સીમાબહેન મોહિલે, જિતેન્દ્રભાઈ સુખડીયા, વડોદરાના મેયર શ્રી કેયુરભાઈ રોકડીયા સહિત વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

## સુરત - પાલનપુરમાં માળખાકીય સુવિધામાં થશે વધારો



સુરતના વરીયાવમાં વિવિધ સ્થળો ખાતે કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે રૂ.૨.૬૮ કરોડના ખર્ચે જનહિતલક્ષી વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શહેરીજનોની સુખ સુવિધાઓમાં વધારો થાય તે માટે ગટર, પાણી, સ્ટ્રીટ લાઈટ સહિતની ભૌતિક સુવિધાઓમાં વધારો થાય તે માટેના અનેકવિધ વિકાસકામોને રાજ્ય સરકાર સાકારિત કરી રહી છે. આવનારા સમયમાં બાકી રહેલા વિકાસકામોને સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

જ્યારે પાલનપુરમાં ઊર્જા રાજ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને UGVCLને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અધિકારી અને પદાધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં સંસદ સભ્ય શ્રી પરબતભાઈ પટેલ અને શ્રી દિનેશભાઈ અનવાડીયા તથા ધારાસભ્યશ્રીઓ અને પદાધિકારીઓ દ્વારા પુછવામાં આવેલા UGVCL ને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

## ગુજરાત હાઉસીંગ બોર્ડમાં પેનલ્ટી માફીની સમયમર્યાદા લંબાવાઈ



ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની જૂની યોજનાઓમાં આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજનામાં તા. ૭ જાન્યુઆરી-૨૦૨૩ સુધી ૧૦૦ ટકા પેનલ્ટી માફી આપવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જનહિતલક્ષી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ ક્લીયરન્સ સેલની જુની યોજનાઓમાં અગાઉ તારીખ ૧૩/૭/૨૦૨૨થી ૯૦ દિવસ સુધી ૧૦૦ ટકા પેનલ્ટી માફીનો ''આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહન વળતર યોજના અંતર્ગત'' કરેલી જાહેરાતનો લાભ ૧૦,૫૮૩ લાભાર્થીઓએ લીધો હતો.

વધુમાં વધુ લાભાર્થીઓ લાભ મેળવી શકે તે હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંવેદના સ્પર્શી અભિગમ અપનાવીને બાકી હપ્તાની રકમ ભરપાઇ કર્યેથી ૧૦૦ ટકા પેનલ્ટી માફી યોજનાની મુદત તારીખ ૭/૧/૨૦૨૩ સુધી લંબાવી આપી છે. મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણયથી ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ ક્લીયરન્સ સેલના ગુજરાત રાજ્યમાં આવેલ જુની યોજનાઓમાં બાકી રહેતા લાભાર્થીઓના પરિવારજનોને લાભ મળી શકશે. એટલું જ નહિ, સમય-મર્યાદામાં હપ્તા ભરપાઇ ન કરી શકનાર લાભાર્થીઓ માટે પણ વાર્ષિક ૮ ટકા વ્યાજના દરે પેનલ્ટીની જોગવાઇને લીધે બાકી પેનલ્ટીના વ્યાજમાં પણ ઘટાડો કરવાનો અભૂતપૂર્વ નિર્ણય મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો.

## ખાદી અને પોલીવસ્ત્રમાં ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય અપાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ખાદીનું વેચાણ વધે અને ખાદી ઉત્પાદનો તેમજ ખાદી વણાટ સાથે સંકળાયેલા અંતરિયાળ વિસ્તારોના ગ્રામીણ કારીગરોને આર્થિક આધાર મળે તેવો ઉદાત્ત અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ તા. ૨ ઑક્ટોબર-૨૦૨૨ થી તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૨ સુધીના સમયગાળા માટે ખાદી અને પોલીવસ્ત્રની ઉત્પાદન કિંમત ઉપર ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાનો નિર્ણય કર્યો છે. ખાદીની ખરીદી ઉપર ગ્રાહકોને આ લાભ વળતર તરીકે મળશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશમાં ઉજવાઇ રહેલા આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષે વધુ ૧૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાની જાહેરાત કરી છે. હાલ રાજ્ય સરકાર દ્વારા ગાંધી જયંતીના ઉપલક્ષ્યમાં તા.૨ ઑક્ટોબરથી ૩૧ ડિસેમ્બર-૨૦૨૨ સુધીના સમયગાળા માટે આપવામાં આવતી ૨૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય ઉપરાંત આ ૧૦ ટકા સહાય મળીને હવે કુલ ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આ વર્ષે ગુજરાતમાં અપાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ''ખાદી ફોર નેશન - ખાદી ફોર ફેશન''ને વ્યાપકપણે પ્રોત્સાહિત કરવા તાજેતરમાં અમદાવાદમાં 'ખાદી ઉત્સવ'માં તહેવારો તેમજ સામાજિક પ્રસંગોમાં લોકોને વધુ ને વધુ ખાદીની ખરીદી કરવા માટે કરેલા આહ્વાનને ગુજરાત સરકારે આ ખાસ બજાર પ્રોત્સાહન સહાયથી પ્રતિસાદ આપ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાહેર કરેલી આ ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાયને પરિણામે ખાદી કામગીરી સાથે સંકળાયેલા ગ્રામીણ કારીગરોના ઘરમાં દિવાળીના દિવસોમાં આર્થિક ઊજાસ પથરાશે. ●

## ટેકાના ભાવે ખરીદી માટેની નોંધણી તારીખ લંબાવાઈ



ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે વિવિધ પાકોની રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી કરવામા આવે છે. ચાલુ વર્ષે રાજ્યમાં ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી માટે નોંધણી તારીખ ૧૦મી નવેમ્બર સુધી લંબાવવાનો રાજ્ય સરકારે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારના આ નિર્ણય અંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ના ખરીફ પાકો મગફળી, મગ, અડદ, અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભ પાંચમ એટલે કે તારીખ ૨૯ ઓક્ટોબર ૨૦૨૨થી કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કરાયો છે. તે માટે રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદીનું સઘન આયોજન કરવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં મગફળીની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા ગુજકોમાસોલની રાજ્ય નોડલ એજન્સી તરીકે નિમણૂક કરી છે.

તેમણે ઉમેર્યું હતું કે, ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી માટે ખેડૂત નોંધણી ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્ર ખાતે તારીખ ૨૫ સપ્ટેમ્બરથી શરૂ થઈ છે જે ૨૪ ઑક્ટોબર ૨૦૨૨ સુધી થનાર હતી. ખેડૂતોને નોધણીમાં મુશ્કેલીના ન પડે અને તમામ ખેડૂતોને નોંધણીની તક મળી રહે તે માટે હવે ખેડૂત નોંધણી ૧૦મી નવેમ્બર સુધી કરાશે આથી સર્વે ખેડૂત મિત્રોએ ટેકાના ભાવે ખરીદી માટે સત્વરે ઈ ગ્રામ કેન્દ્ર ખાતે જરૂરી દસ્તાવેજો સાથે સત્વરે નોંધણી કરાવવા તેમણે અનુરોધ કર્યો હતો. ●



# ખેડૂતોના હિતમાં રૂ. ૨૨૫ કરોડનું સહાય પેકેજ જાહેર કરતી રાજ્ય સરકાર



ખેડૂતોનું કલ્યાણ જનહિતલક્ષી સરકારનો નિર્ધાર છે. ખેડૂત કલ્યાણના મંત્રને વરેલી રાજ્ય સરકારે ખેડૂતના હિત માટે અનેકવિધ નિર્ણયો કર્યા છે. કુદરતી આપદા હોય કે અન્ય આપત્તિ કાળમાં જ્યારે જ્યારે પણ ખેડૂતોને નુકસાન થયું છે ત્યારે ખેડૂતોને બેઠા કરવાનું ભગીરથ કાર્ય રાજ્ય સરકારે કર્યું છે.

ગાંધીનગર ખાતે આરોગ્ય અને જળ સંપતી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાની ઉપસ્થિતિમાં મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, ભારતીય કિસાન સંઘ દ્વારા જે રજૂઆતો કરાઈ હતી તે તમામ રજૂઆતોને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધી છે અને આ પ્રશ્નોના સત્વરે નિરાકરણ માટે એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ કમિટીમાં ભારતીય સંઘના બે અધિકારીઓ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ સભ્ય તરીકે રહેશે. આ કમિટી રાજ્ય સરકારને રિપોર્ટ આપશે ત્યારબાદ ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય રાજ્ય સરકાર કરશે.

ખેડૂતોના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકારે રૂપિયા ૨૨૫ કરોડનું સહાય પેકેજ જાહેર કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત ખેડૂતોની માંગણી મુજબ હાલમાં ૭.૫ હોર્સપાવરના કનેક્શનનો ફિક્સ મીટર ચાર્જ રૂ. ૨૦ લેખે વસૂલવામાં આવે છે, જેમાં ૫૦ ટકા ઘટાડો કરીને ૧૦ રૂપિયા ચાર્જ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી દર મહિને ૧૫ લાખ ખેડૂત પરિવારોને સીધો લાભ થશે. આ માટે રાજ્ય સરકારને રૂ. ૨૨૫ કરોડનો બોજો પડશે એમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, ખેડૂતોની અન્ય માંગણીઓ જેવી કે, દર બે મહિને બિલિંગ, સ્વૈચ્છિક લોડ વધારો વગેરેનો લાભ ખેડૂતોને મળશે. આ ઉપરાંત વીજ મીટર બળી જવાના કિસ્સામાં વીજકંપનીની જવાબદારી નક્કી કરાઈ છે. ચાલુ કનેક્શનની સિક્યુરિટી ડિપોઝીટમાં રૂ. ૩૦૦ના નજીવા ચાર્જ સાથે સીધી-આડી લીટીના વારસદારોને ટ્રાન્સફર કરી શકાશે. રાજ્યવ્યાપી કેટલાક વિસ્તારોમાં ઓછા વોલ્ટેજની સમસ્યા ક્યારેક ઉદ્ભવે છે તેનું સમાધાન કરવામાં આવશે. ૧૦૦ કિલોવૉટથી વધુ લૉડ ધરાવતા ખેડૂતોને ૨૦૦ કેવીનું ટીસી (ટ્રાન્સફોર્મર) ખેતીવાડીના ભાવે મંજૂર કરાશે.

ખેડૂતોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બાબતે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મટિરિયલની એકસાથે ઉદ્ભવતી માંગના કિસ્સામાં સમયસર મટિરિયલ જે-તે વીજકંપની પાસે ઉપલબ્ધ હોય તેવી હાલની વ્યવસ્થા વધુ મજબૂત કરાશે. ઔદ્યોગિક એકમો અને ખેતીના વીજજોડાણોને એકબીજાના ભોગે અસર ન થાય તેવી સુચારુ વ્યવસ્થા સુનિશ્ચિત કરાશે. ખાનગી કૃષિ યુનિવર્સિટીઓનું કડક રીતે દેખરેખ અને મૂલ્યાંકન કરવામાં આવશે. ડાર્ક ઝોનમાં આવતા ૩૬ તાલુકાઓમાં ડ્રીપ ઈરિગેશન માટે ખેડૂતોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર મારફતે લાભ આપાશે, જે અન્વયે ૮૫ ટકા જેટલો જીએસટી સરકાર ભોગવશે. પશુપાલકોના હિતમાં તબેલાના કનેક્શનમાં કોમર્શિયલ ભાવ ન ગણતા રાહત દરે વીજળી આપવા અંગેનો પ્રશ્ન કમિટી સમક્ષ મૂકવામાં આવશે. ટ્રેક્ટર-ટ્રોલી જેવા કૃષિ સાધનો પરના ટેક્સમાં સુધારા અંગે વાહન વ્યવહાર તથા અન્ય સંબંધિત વિભાગો સાથે સરકાર મુક્તમને વિચારણા કરશે.

મંત્રીશ્રીએ ખેડૂતોના અન્ય પડતર પ્રશ્નો અંગે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૯-૨૦ના પાક વીમા ચુકવણી મુદ્દે કોર્ટમાં ચાલી રહેલા કેસ અંગે સરકાર સકારાત્મક વિચારણા કરશે. તેમજ રિ-સરવે અંગેની ખેડૂતોની રજૂઆતો અન્વયે મહેસૂલ વિભાગ દ્વારા કામગીરી હાલ પ્રગતિમાં છે.

ખેડૂતોની જૂની માંગણી બાબતે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મીટર, હોર્સપાવર, સમાન વીજદર જેવી ખેડૂતોની માંગણીના મુદ્દે રાજ્ય સરકાર ભારતીય કિસાન સંઘના બે હોદ્દેદારો તેમજ સરકારના વિવિધ વિભાગોના સચિવો સહિતની એક કમિટી બનાવશે. આ અંગે કમિટીનાં અવલોકનો બાદ સરકાર હકારાત્મક અને ખેડૂતલક્ષી યોગ્ય નિર્ણયો કરશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ખેડૂતોના વિવિધ પ્રશ્નો સંદર્ભે જે ધરણાં ચાલી રહ્યાં હતાં તે સંદર્ભે ખેડૂત આગેવાનો સાથે અનેકવાર બેઠકો રાજ્ય સરકારે કરી છે અને તેઓના આગેવાનો સાથે બેઠક કર્યા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ સહાય પેકેજ જાહેર કરવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે. ●

### ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતા ક્ષેત્રે ગુજરાત રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત

# સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૨માં ગુજરાત પ્રથમ



સ્વચ્છ ભારત સ્વસ્થ ભારતના નિર્માણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગુજરાત સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે નામ પ્રસ્થાપિત કર્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલા સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૨ તથા ODF + ની વિવિધ ઘટકોની આઈ.ઈ.સી હેઠળ ભીંતચિત્રો સ્પર્ધામાં ગુજરાત પ્રથમ ક્રમે આવ્યું છે. આ ઉપરાંત ભારત સરકારના સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨ અંતર્ગત વિવિધ કેટેગરીમાં ગુજરાતના પાંચ મહાનગરોની પસંદગી કરવામાં આવી છે.

આ માહિતી આપતાં શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ કેળવાય તે આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ પ્રયાસો હાથ ધરાયા છે જેમાં નાગરિકોનો પણ વ્યાપક સહયોગ સાંપડયો છે જેના પરિણામ સ્વરૂપ ગુજરાતે આ સિદ્ધિ હાંસલ કરી છે.

તેમણે ઉમેર્યું હતું કે, તા.૨ ઓક્ટોબરના રોજ ન્યુ દિલ્હીમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ તથા ભારત સરકારના જળ શક્તિ મંત્રાલયના મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતની ઉપસ્થિતિમાં "સ્વચ્છ ભારત દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૨ તથા ODF+ ની વિવિધ ઘટકોની આઈ.ઈ.સી હેઠળ ભીંતચિત્રો સ્પર્ધામાં ગુજરાત રાજ્યને પ્રથમ ક્રમે બાયો ડિગ્રેડેબલ વેસ્ટ, ગોબરધન પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ તેમજ ગ્રે-વોટર મેનેજમેન્ટ તથા ફિકલ સ્લજ મેનેજમેન્ટમાં દ્વિતીય ક્રમે એમ કુલ-૬ એવોર્ડ પ્રાપ્ત થયા હતા. આ પ્રસંગે રાજ્યના ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ, ગ્રામવિકાસ રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, ગ્રામ વિકાસ વિભાગના કમિશનર અને અગ્ર સચિવ શ્રીમતી સોનલ મિશ્રા તેમજ જિલ્લાના અન્ય અધિકારીશ્રીઓ પણ હાજર રહ્યા હતા.

સ્વચ્છ ભારત દિવસ ૨૦૨૨ નિમિત્તે વિવિધ શ્રેણીઓ હેઠળ ગુજરાતને જે પુરસ્કારો એનાયત થયા છે, તેમાં પશ્ચિમ ઝોનમાં ગુજરાતે ઉત્તમ પ્રદર્શન કરી અનેક કેટેગરીમાં એવોર્ડ મેળવ્યા છે. જેમાંથી એસએસજી ટોચનું પ્રદર્શન કરનાર રાજ્ય એવોર્ડમાં ગુજરાત બીજા ક્રમાંકે રહ્યું હતું. વોલ પેન્ટિંગ કૉમ્પિટિશન ઓન ઓડીએફ પ્લસ બાયોડિગ્રેડેબલ વેસ્ટ મેનેજમેન્ટ એવોર્ડ, વોલ પેન્ટિંગ કૉમ્પિટિશન ઓન ઓડીએફ પ્લસ ગોબરધન તથા વોલ પેન્ટિંગ કૉમ્પિટિશન ઓન ઓડીએફ પ્લસ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ માટે પશ્ચિમ ઝોનમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્યારે વોલ પેન્ટિંગ કૉમ્પિટિશન ઓન ઓડીએફ પ્લસ ગ્રે વોટર મેનેજમેન્ટ અને વોલ પેન્ટિંગ કૉમ્પિટિશન ઓન ઓડીએફ પ્લસ ફિકલ સ્લજ મેનેજમેન્ટ એવોર્ડ હેઠળ પશ્ચિમ ઝોનમાં ગુજરાત બીજા ક્રમાંકે રહ્યુ હતું.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ભારત સરકારના સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨ અંતર્ગત વિવિધ કેટેગરીમાં ગુજરાતનાં પાંચ મહાનગરોની પસંદગી થઇ છે. ભારત સરકારના આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય દ્વારા શહેરોમાં કાયમી સ્વચ્છતા રહે તે માટે સ્વચ્છ સર્વેક્ષણ સ્પર્ધાનું આયોજન કરાય છે. ભારત સરકારના નિયુક્ત થર્ડ પાર્ટી એજન્સી દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨, ગાર્બેજ ફ્રી સિટી રેટીંગ તેમજ સફાઇ મિત્ર સુરક્ષા ચેલેન્જ સ્પર્ધાનું દેશભરના ૪,૩૫૪ શહેરોમાં સર્વે કરાયો હતો. તાજેતરમાં નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુની અધ્યક્ષતામાં સ્વચ્છ અમૃત મહોત્સવ એવોર્ડ સેરેમનીનું આયોજન કરાયું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સ્વચ્છ અમૃત મહોત્સવ-૨૦૨૨ અંતર્ગત ગુજરાતની સુરત મહાનગરપાલિકાને દેશનું બીજા નંબરનું સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ રાષ્ટ્રપતિશ્રીના હસ્તે પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાને ગાર્બેજ ફ્રી સિટી (GFC)ની રેન્કિંગમાં ૫ સ્ટાર રેન્કિંગનો એવોર્ડ, ઇન્ડિયન સ્વચ્છતા લીગમાં સમગ્ર ભારતમાંથી “મોસ્ટ ઈમ્પેક્ટ ક્રિએટર” શહેરનું પ્રમાણપત્ર પણ એનાયત થયું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાને ઈન્ડિયન સ્વચ્છતા લીગમાં સમગ્ર ભારતમાંથી “સ્પેશિયલ મેન્શન” શહેરનું પ્રમાણપત્ર મળ્યું છે. તે ઉપરાંત અમદાવાદ મહાનગરપાલિકાને ૪ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોની કેટેગરીમાં ભારતમાં સૌથી સ્વચ્છ શહેરનો પ્રથમ પુરસ્કાર મળ્યો હતો. રાજકોટ મહાનગરપાલિકાને સેલ્ફ સસ્ટેનેબલ બીગ સિટીનો એવોર્ડ મળ્યો હતો. આ ઉપરાંત ગાર્બેજ ફ્રી સિટી માટે વડોદરા, જામનગર, ગાંધીનગર, રાજકોટ મહાનગરપાલિકાને ૩ સ્ટાર રેટિંગ મળ્યા. અમદાવાદ કેન્ટોનમેન્ટ બોર્ડને દેશનું બીજા નંબરના સૌથી સ્વચ્છ કેન્ટોન્મેન્ટ બોર્ડનો એવોર્ડ તેમજ ૩ સ્ટારનું બિરુદ પણ મળ્યું છે. આ સિવાય ભાવનગર મહાનગરપાલિકા, તરસાડી અને વિસાવદર નગરપાલિકાને ૧ સ્ટારનું બિરુદ પ્રાપ્ત થયું છે. ●





# જામનગરમાં જનનાયકને મળ્યો અપ્રતિમ જનપ્રતિસાદ

















**Published on Date 16-10-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.

**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.


**To,**


**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦